MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૧૩-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 હાથીઓના શિકાર કરવા માટે હરાજી થશે, એક હાથીની કિંમત અધધધ.. ૧,૨૦,૦૦૦ રુપિયા

7 ડિપ્રેશન એક ગંભીર બીમારી જે શરીરની શારીરિક અને માનસિક બન્ને સ્થિતિને અસર કરે છે

10 શાળા સમિતિની વાલી દિન ઉજવણીમાં સીએએ સમર્થિત કૃતિ રજૂ કરવા આદેશ

12 સુરતના સુર્યા મરાઠી સહિત તેના એક સમયના સાગરીતની હત્યા

સરકારી ઓઈલ કંપનીઓએ દિલ્હી ચૂંટણીઓ પછી ભાવ વધારો ઝીંક્યો

રાંધણ ગેસના ભાવમાં ૧૪૪ રૂપિયાનો જંગી વધારો

દિલ્હીમાં સબસીડી વગરના રાંધણ ગેસનો ભાવ પ્રતિ સિલિન્ડરે હવે ૮૫૮.૫ રૂપિયા, જાન્યુ-૨૦૧૪ પછીનો સૌથી મોટો વધારો કરાયો, નવા દરો આજથી જ લાગૂ

એક તરફ પેટ્રોલના ભાવમાં ઘટાડો તો બીજી તરફ રાંધણ ગેસમાં વધારો, બજેટ પહેલા કોમર્શિલય ગેસ સિલિન્ડર પર ૨૨૪.૯૮ રૂપિયાનો વધારો કરાયો હતો



ન્યુ દિલ્હી

સરકારી ઓઈલ કંપનીઓએ બુધવારે રાંધણ ગેસનો વપરાશ કરનારાઓને ભારે આંચકો આપીને ભાવમાં સબસીડી વગરના રાંધણ ગેસમાં એક સાથે ૧૪૪.૫ રૂપિયા પ્રતિ સિલિન્ડર વધારી દીધા છે. જે જાન્યુઆરી-૨૦૧૪ બાદ રાંધણ ગેસના ભાવમાં આ સૌથી મોટો વધારો છે. તે વખતે રાંધણ ગેસના ભાવ ૨૨૦ રૂપિયા વધ્યા હતા અને પ્રતિ સિલિન્ડરનો ભાવ ૧૨૪૧ રૂપિયા થયો હતો. સરકારી કંપનીઓએ આ જંગી ભાવ વધારા માટે એવો બચાવ કર્યો હતો કે, આતંરરાષ્ટ્રીય બજારમાં ભાવમાં તેજી આવવાના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે એલપીજી સિલિન્ડરના ભાવ ૭૧૪ રૂપિયા પ્રતિ સિલિન્ડરથી વધીને ૮૫૮.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સરકાર દ્વારા સંચાલિત ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ આજે બિન-સબસિડીવાળા લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) સિલિન્ડરના ભાવમાં તીવ્ર વધારો કર્યો છે, જે ઘણા મહિનાઓમાં છઠ્ઠો વધારો છે. નવા દરો આજથી લાગુ પડ્યા છે.

ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ પર મૂકાયેલી માહિતી દર્શાવે છે કે, કંપની રોજ ૩૦ લાખ સિલિન્ડરો ગ્રાહકોને પૂરા પાડે છે, ૧૪.૨ કિલોના બિન-સબસિડીવાળા એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર થયા છે જેમાં નવી દિલ્હીમાં નવો ભાવ ૮૫૮.૫ રૂપિયા છે. કોલકાત્તામાં ૧૪૪.૫. કોલકાતા માં ૧૪૯ રૂ.ના વધારા સથા નવો ભાવ માટે ૮૯૬ રૂપિયા, મુંબઈમાં રૂ. ૧૪૫ સાથે નવો ભાવ હવે રૂ.૮૨૯,૫ અને ચેન્નાઈમાં રૂ. ૧૪૭ના વધારા સાથે નવો ભાવ હવે ૮૮૧ રૂપિયા છે. ઈન્ડેન કંપની દ્વારા ૧૧ કરોડ ઘરોમાં રાંધણ ગેસનો પૂરવઠો પહોંચાડવામાં આવે છે.

ફ્યુઅલ રિટેલરો દર મહિને એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કે ઘટાડો કરે છે. પરંતુ આ વધારો સતત ફટકો વધારો છે. સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા એક તરફ પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો કરાયો છે તો બીજી તરફ સબસીડી વગરના રાંધણ ગેસના ભાવમાં ભારે મોંઘવારીમાં પિસાતી પ્રજા પર જંગી વધારો ઝીંક્યો છે. નોંધનીય છે કે દિલ્હી

અનુસંધાન પાના નં. ૬

દિલ્હીના રામલીલા મેદાન પર શપથવિધિ સમારોહની તડામાર તૈયારીઓ

૧૬મીએ કેજરીવાલની શપથવિધિ, ઉપરાજ્યપાલે આપ્યું આમંત્રણ




આપના ધારાસભ્યોની મળેલી બેઠક, કેજરીવાલ સંસદિય પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવ્યાં

ન્યુ દિલ્હી

૧૬, ઓગસ્ટ ૧૯૬૮ના રોજ જન્મેલા ૫૧ વર્ષિય અરવિંદ કેજરીવાલ ૧૬ ફેબ્રુઆરીના રોજ સતત ત્રીજી વાર દિલ્હીની બાગડોર સંભાળશે. દિલ્હીના રામલીલા મેદાન પર આયોજિત શપથવિધિ સમારોહમાં તેમની સાથે કેટલાક મંત્રીઓ પણ હોદ્દો અને ગુમતાના શપથ ગ્રહણ કરે તેમ છે. દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલ દ્વારા કેજરીવાલને સરકાર રચવાનું સત્તાવાર આમંત્રણ આપવામાં આવ્યું છે. કેજરીવાલના શપથ ગ્રહણ સમારોહમાં વિપક્ષના કેટલાક મુખ્યમંત્રીઓ અને નેતાઓ પણ હાજર રહીને વિપક્ષી એકતાનો સંદેશો આપી શકે છે. વહીવટીતંત્ર દ્વારા સમારોહની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આપ પાર્ટીના અનેક ધારાસભ્યોએ વેલેન્ટાઈનડે ૧૪ ફેબ્રુઆરીએ શપથ ગ્રહણનનું સૂચન કર્યું હતું. પરંતુ છેવટે ૧૬ ફેબ્રુઆરી પર સહમતિ સધાઈ હતી.

૮મીએ યોજાયેલી દિલ્હી વિધાનસભાની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં ૭૦માંથી ૬૨ બેઠકો સાથે જંગી બહુમતિ મેળવનાર આપ પાર્ટીની નેતા અરવિંદ કેજરીવાલે આજે દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલ સાથે સત્તાવાર મુલાકાત કરીને બહુમતિ દર્શાવીને સરકાર રચવા માટેના આમંત્રણ અંગે રજૂઆત કરી હતી. આ બેઠક બાદ જાહેર થયા પ્રમાણે, કેજરીવાલ ૧૬ ફેબ્રુઆરીના રોજ રામલીલા મેદાન પર આયોજિત કાર્યક્રમમાં સતત ત્રીજીવાર સીએમ પદના શપથ ગ્રહણ કરશે. ગઇ વખતે

અનુસંધાન પાના નં. ૬



દિલ્હીના સીએમ અને આપ કન્વીનર, નવી દિલ્હી વિધાનસભા મત વિસ્તારના ઉમેદવાર, અરવિંદ કેજરીવાલ નવી દિલ્હીના રીટર્નિંગ ઓફિસર પાસેથી તેમનો વિજેતા પ્રમાણપત્ર મેળવે છે.

દિલ્હી ચૂંટણી: ભાજપાની હારથી પાર્ટીમાં સન્નાટો, મનોજ તિવારીની રાજીનામાની રજુઆત



ન્યુ દિલ્હી

દિલ્હીમાં ૨૧ વર્ષના રાજકીય વનવાસ બાદ સત્તામાં વાપસીના સપના જોઈ રહેલા ભાજપને આ વખતે પણ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં એકવાર ફરીથી મોટો ઝટકો લાગ્યો છે. ૭૦ સભ્યોવાળી વિધાનસભામાં પાર્ટી ફક્ત ૮ બેઠકો મેળવી શકી. સૂત્રોના જણાવ્યાં મુજબ ચૂંટણીમાં કારમી હારની જવાબદારી લેતા ભાજપના પ્રદેશ અધ્યક્ષ મનોજ તિવારીએ રાજીનામાની રજૂઆત કરી છે.

નોંધનીય છે કે દિલ્હીમાં મળેલી હારથી ભાજપનું ટોચનું નેતૃત્વ આઘાતમાં સરી પડ્યું છે. સંપૂર્ણ તાકાત ઝોંકી, દમદાર નેતાઓની ફૌજ પ્રચારમાં ઉતરવા છતાં ભાજપને માત્ર ૮ બેઠકો મળી. પાર્ટીની સક્કડ હાર બાદ હવે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ હારની સમીક્ષા માટે આજે સાંજે ૫ વાગે મહાસચિવોની બેઠક બોલાવી છે. આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહેશે.

ભાજપના બે દિગ્ગજ નેતા પાર્ટીની હારની સમીક્ષા કરશે.

અનુસંધાન પાના નં. ૬

જીતનો જશ્ન મનાવતા 'આપ' ધારાસભ્યના કાફલા પર હુમલોઃ એક કાર્યકર્તાનું મોત

ન્યુ દિલ્હી

દિલ્હીની મહારેલી વિધાનસભા સીટ પરથી આમ આદમી પાર્ટીમાંથી ધારાસભ્ય નરેશ યાદવ પર અજ્ઞાત લોકોએ મંગળવારે મોડી રાત્રે હુમલો કરી દીધો. આ હુમલામાં આપનાઅશોક માન નામના એક કાર્યકર્તાનું મોત થયું. ત્યાં એક બીજા કાર્યકર્તા હરેન્દ્ર ઘાયલ થયા. મળતી માહિતી પ્રમાણે નરેશ પર ગોળીઓથી હુમલો એ સમયે થયો જયાં તેઓ ચૂંટણી પરિણામ આવ્યા બાદ મંદિરથી પાછા ફરતા હતા. નરેશને કિશનગઢમાં થયેલા હુમલામાં કોઇપણ પ્રકારનું

અનુસંધાન પાના નં. ૬

સીએએ વિરોધી મહિલાઓને મળવા આઝમગઢ પહોંચ્યા પ્રિયંકા

દિલ્હીના પરિણામો પર હું દિલ્હીમાં વાત કરીશ : પ્રિયંકા ગાંધી



ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના સાવ શરમજનક દેખાવ પર પાર્ટીમાં ધમાસાણ મચ્યુ છે ત્યારે પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ મૌન ધારણ કરી લીધુ છે. પ્રિયંકા ગાંધી યુપીમાં આઝમગઢના પ્રવાસે છે અને ત્યાં સીએએનો વિરોધ કરી રહેલી મહિલાઓ સાથે મુલાકાત કરી રહ્યા છે. જ્યારે તેમને મીડિયાએ દિલ્હીના પરિણામો અંગે પૂછ્યુ હતુ ત્યારે પ્રિયંકાએ કહ્યુ હતુ કે, આ બાબતે હું દિલ્હીમાં વાત કરીશ. પહેલા તો પ્રિયંકાએ મૌન ધારણ કરી લીધુ હતુ પણ પછીથી આ બાબતે દિલ્હીમાં વાત કરીશ કહીને આખો સવાલ ટાળી દીધો હતો. પ્રિયંકા ગાંધીએ એક્ઝિટ પોલ બાદ પણ કોંગ્રેસના ખરાબ દેખાવ અંગે કહ્યુ હતુ કે, પરિણામોમા ખબર પડી જશે.

પ્રિયંકા ગાંધી આઝમગઢ પહોંચી તે વખતે કોંગ્રેસી કાર્યકરો અને પોલીસ વચ્ચે ઝપાઝપી પણ થઈ હતી. ૫ ફેબ્રુઆરીએ આઝમગઢમાં

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ઈકશન બોજ કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના ચોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી ચોલેટમાં જમા થશે.
૯. મેમ્બર બનવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

ભારતમાં કારખાના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો

સુસ્ત અર્થવ્યવસ્થા વચ્ચે જાન્યુઆરીમાં પણ રિટેલ ફુગાવો વધીને ૭.૫૯ પર પહોંચ્યો

ન્યુ દિલ્હી

મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે થયેલા ઘટાડાને કારણે ભારતમાં ફેક્ટરીનું ઉત્પાદન ડિસેમ્બરમાં ઘટ્યું હતું જ્યારે રિટેલ ફુગાવો જાન્યુઆરીમાં સતત છઠ્ઠા મહિને વધ્યો હતો, જેનાથી વિકસતી ભારતીય અર્થવ્યવસ્થાની પુનઃપ્રાપ્તિ પ્રક્રિયાને શંકાની નજરે જોવામાં આવી રહ્યું છે.

બુધવારે નેશનલ સ્ટેટિસ્ટિકલ ર્ગેનાઇઝેશન(એનએસઓ) દ્વારા જારી કરાયેલા આંકડા દર્શાવે છે કે ઔદ્યોગિક ઉત્પાદનનો સૂચકાંક ડિસેમ્બરમાં એક મહિના અગાઉના ૧.૮ ટકાની પ્રોવિઝનલ ગ્રોથ કરતા ૦.૩ ટકા ઘટ્યો હતો, જ્યારે રિટેલ ફુગાવો જાન્યુઆરીમાં વધીને ૭.૫૯ ટકા થયો હતો, જે અગાઉના મહિનામાં ૭.૩૫ ટકા હતો.

મેન્યુફેક્ચરિંગ સેક્ટરના આઉટપુટમાં એક વર્ષ પહેલાં સમાન મહિનામાં ૨.૯ ટકાની વૃદ્ધિની તુલનામાં ૧.૨ ટકાનો ઘટાડો થયો છે.

ડિસેમ્બર ૨૦૧૮ માં ૪.૫ ટકાની વૃદ્ધિ સામે વીજળી ઉત્પાદનમાં પણ ૦.૧ ટકા ઘટાડો થયો છે. જો કે માઈનિંગ સેક્ટરના આઉટપુટમાં અગાઉના ૧ ટકાના ઘટાડાની તુલનામાં ૫.૪ ટકાનો વધારો થયો છે.

જાન્યુઆરીમાં શાકભાજીના ભાવમાં ફુગાવો ડિસેમ્બરમાં ૬૦.૫ ટકાની સામે ૫૦.૧૯ ટકા રહ્યો હતો. અનાજ અને ઉત્પાદનોનો ફુગાવો દર જાન્યુઆરીમાં ૫.૨૫ ટકા હતો જે મહિનાની પહેલાં ૪..૩૬ટકા હતો.

કઠોળ અને ઉત્પાદનોનો ફુગાવો જાન્યુઆરીમાં ૧૬.૭૧ ટકા હતો જે ડિસેમ્બરમાં ૧૫.૪૪ ટકા હતો. માંસ અને માછલીની કિંમતો જાન્યુઆરીમાં ૧૦.૫ ટકા પર આવી હતી જે મહિનાની પહેલાં ૯.૫ ટકા હતી. ઈંડામાં ફુગાવો ડિસેમ્બરમાં ૭.૭ ટકાની સામે ૧૦.૪ ટકા હતો.



મોડેલો મુંબઈમાં લેક્મે ફેશન વીક સમર / રિસોર્ટ ૨૦૨૦ દરમિયાન ડિઝાઈનર ચંદ્રિમા માટે રેમ્પ વોક કરે છે.



ન્યૂયોર્કમાં પ્રબલ ગુરુંગ એફડબ્લ્યુ ૨૦ સંગ્રહ ફેશન વીક દરમિયાન રેમ્પ વોક કરતી મોડેલો.

દિલ્હી વિધાનસભાના નવા ૭૦ ધારાસભ્યોમાંથી ૫૨ કરોડપતિ...!

ન્યુ દિલ્હી

દિલ્હીની નવી વિધાનસભામાં ચૂંટાઈ આવેલા ૭૦ ધારાસભ્યોમાંથી ૫૨ વિજેતાઓ કરોડપતિ છે, એટલે કે તેમની પાસે ૧ કરોડ રૂપિયા કરતા વધારેની સંપત્તિ છે. મુંડકા બેઠક પરથી ધારાસભ્ય ધરમપાલ લાકડા સૌથી ધનવાન ધારાસભ્ય છે. તેમની પાસે ૨૯૨ કરોડ રૂપિયા કરતા વધારેની અઢળક સંપત્તિ છે, જ્યારે સૌથી ઓછી ૭૬ હજાર ૪૨૧ રૂપિયાની સંપત્તિ આપ પાર્ટીના ધારાસભ્ય રાખી બિરલા પાસે છે. નવી વિધાનસભામાં કરોડપતિ ધારાસભ્યોની સંખ્યા પણ વધી ગઈ છે. ગત વિધાનસભામાં ૪૪ ધારાસભ્યો કરોડપતિ હતા જે વધીને આ વખતે ૫૨ છે.

૨૦૧૫માં આપ પક્ષની ધારાસભ્ય પ્રમિલા ટોકસ સૌથી વધારે અમીર હતા. તેમની પાસે એ વખતે ૮૭.૯૧ કરોડ રૂપિયાની સંપત્તિ હતી, જે અત્યાર સુધી ઘટીને ૮૦.૮૯ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

ગત વખતે પણ સૌથી ઓછી સંપત્તિ રાખી બિરલા પાસે હતી. તેમની પાસે એ વખતે ૧૮ હજાર રૂપિયાની સંપત્તિ હતી. આ વખતે ૭૬ હજાર ૪૨૧ રૂપિયા છે.

કયા વિજેતા ઉમેદવાર કે નવા ધારાસભ્યોમાં કેટલા પર ગુનાઓ નોંધાયેલા છે તે માહિતી અહેવાલ દર્શાવે છે કે નવા ધારાસભ્યોમાં ૪૩ આવા ધારાસભ્યો છે, જેમની પર ગુનાહિત કેસ ચાલી રહ્યા છે. જેમાંથી ૫ ભાજપ અને આપના ૩૮ ધારાસભ્યો છે. સૌથી વધારે ૧૩ કેસ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર નોંધાયેલા છે. ૨૦૧૫માં કેજરીવાલ પર ૧૦ કેસ ચાલી રહ્યા હતા. ૨૦૧૫માં ૨૪ ધારાસભ્ય ગુનાહિત રેકોર્ડ વાળા હતા. જેમાંથી ૨૩ આપ અને એક ભાજપના હતા.

હાથીઓના શિકાર કરવા માટે હરાજી થશે, એક હાથીની કિંમત અધધધ...૧,૨૦,૦૦૦ રુપિયા

ગેબરોન

આફ્રિકાના બોત્સ્વાના દેશમાં હાથીઓની વધતી સંખ્યાને જોતા સરકારે હાથીઓને મારવાની યોજના બનાવી છે. ખાસ બાબત એ છે કે જંગલી પ્રાણીનો શિકાર કરવા માટે બોત્સ્વાના સરકારે હરાજી પ્રક્રિયાનું આયોજન કર્યું છે. જે હરાજીમાં વધારે બોલી લગાવશે એ હાથીઓનો શિકાર કરશે.

આંતરરાષ્ટ્રીય સ્તરે મીડિયા રિપોર્ટ મુજબ આફ્રિકાના બોત્સ્વાનામાં હાથીઓની સંખ્યા ૧.૩૦ લાખથી વધારે છે. જેના લીધે મનુષ્યો અને હાથીઓ વચ્ચે સંઘર્ષ વધી ગયો છે. આ સંઘર્ષને ઓછો કરવા માટે બોત્સ્વાના સરકારે હાથીઓને મારવાની યોજના ઘડી છે.

બોત્સ્વાનાના સરકારી અધિકારીઓ મુજબ, જંગલી પ્રાણીઓ અને માનવ વસ્તી વચ્ચે વધી રહેલા સંઘર્ષને ઓછો કરવાની આ સરકારી યોજના છે. ખેતરોની આસપાસ ફરતા હાથીઓ ઘણીવાર ખેતરોના પાકને ભારે નુકસાન કરે છે, જેના લીધે ખેડૂતોએ નુકસાન વેઠવાની નોબત આવી છે. આ હાથીઓને મારવા માટે કિંમત લગાવવામાં આવી છે. આ કિંમત એ એજન્સીઓ કે સંસ્થાઓ પાસેથી હરાજી દરમિયાન લેવામાં આવશે જે હાથીઓનો શિકાર કરશે.

બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ મોકવિત્સી મસિસીએ પાંચ વર્ષ પહેલા હાથીઓના શિકાર પર પ્રતિબંધ લાદ્યો હતો. જેના લીધે હાથીઓની સંખ્યામાં ધરખમ વધારો થયો હોવાનું માનવામાં આવે છે. આ મામલે સરકારે પ્રતિબંધ હટાવતા હાથીઓના શિકારની કમાણી કરતી યોજના બનાવી છે. આ યોજના હેઠળ સરકાર સાત એજન્સીઓને ૧૦-૧૦ હાથી મારવાની મંજૂરી આપશે. આ બધી એજન્સીઓ કે સંસ્થાઓએ ૧૦ હાથીઓના શિકાર માટે સરકારને ૧૨ લાખ રુપિયા ચૂકવવા પડશે. જેનો સીધો અર્થ થાય છે કે સરકારે એક હાથીની કિંમત ૧,૨૦,૦૦૦ રુપિયા લગાવી છે.

આતંકી હાફિઝ સઈદ ટેરર ફંડિંગ કેસમાં દોષિત જાહેર, ૫ વર્ષ જેલની સજા

લાહોર

લાહોરની આતંકવાદ વિરોધી અદાલતે પાકિસ્તાનના કુખ્યાત આતંકી હાફિઝ સઈદને ૧૦ વર્ષ ૬ મહિના માટે જેલની સજા સંભળાવી છે. આ સાથે તેના પર ૧.૫૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. આતંકી સંગઠનના ચીફ હાફિઝને ટેરર ફંડિંગના બે કેસમાં દોષિત જાહેર કરવામાં આવ્યો છે. તેને ૫ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. સઈદ પ્રતિબંધિત જમાત ઉદ દાવાનો નેતા છે.

એક ન્યુઝ પેપરે પોતાના અહેવાલમાં જણાવ્યું કે સઈદ પર ટેરર ફંડિંગ, મની લોન્ડરિંગ, ગેરકાયદેસર જમીન હડપવા સહિત ૨૯ મામલે કેસ ચાલી રહ્યો છે. ગત ૬ ફેબ્રુઆરીના રોજ તેના વિરુદ્ધ બે કેસમાં ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો.

જમાત ઉદ દાવા લીડરશીપને ટેરર ફંડિંગ અને મની લોન્ડરિંગ સંબંધિત બે ડઝનથી વધુ કેસોનો સામનો કરવો પડી રહ્યો છે. જે પાંચ શહેરોમાં નોંધાયેલા છે. સુરક્ષા ચિંતાના કારણે લાહોર એટીસી સમક્ષ તમામ કેસો નોંધવામાં આવ્યાં છે. જમાત ઉદ દાવા એનજીઓ તેમજ અલગ અલગ ટ્રસ્ટ દ્વારા પૈસા ઉઘરાવીને તેનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓને ફન્ડિંગમાં કરતું હતું. અલ અનાફ ટ્રસ્ટ, દાવાતુલ ઈર્શાદ ટ્રસ્ટ, મુઆઝ બિન જબાલ



ટ્રસ્ટ જેવા ઘણા ટ્રસ્ટ બનાવી રાખ્યા હતા. આ બધા એનજીઓને ગત વર્ષે એપ્રિલમાં પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા કારણ કે સીટીડીને તપાસમાં એ માહિતી મળી હતી કે તેઓ જમાત ઉદ દાવાને પૈસા મોકલે છે. આ રીતે હાફીઝ પર અલગ અલગ ૨૯ કેસ છે જેમાં ટેરર ફન્ડીંગ, મની લોન્ડ્રીંગ તેમજ ગેરકાયદે જમીન દબાણ કરવાનો પણ સમાવેશ થાય છે.

મુંબઈમાં ૨૦૦૮-૦૯માં હાફીઝ સઈદે આતંકવાદી હુમલો કરાવ્યો હતો. આ પહેલાં ૨૦૦૧માં ભારતીય સંસદ પર હુમલામાં પણ તેનું ષડયંત્ર હતું. ત્યારબાદ ૨૦૦૬માં મુંબઈની ટ્રેનોમાં આતંકવાદી હુમલા પણ તેણે કરાવ્યા હતા. ભારતને આ રીતે આતંકવાદી પ્રવૃત્તિઓથી લોહીલુહાણ કરવું તેમજ કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન કરવી તે હાફિઝ સઈદનું કામ રહે છે. આતંકવાદી સંગઠન જમાત-ઉદ્-દાવાનો તે ચીફ છે જેને વૈશ્વિક આતંકી જાહેર કરવામાં આવ્યો છે. ૨૦૦૮માં સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદે તેના પર પ્રતિબંધ મૂક્યા છે. તેમજ ૨૦૦૯માં ઈન્ટરપોલે તેના નામે રેડ કોર્નર નોટિસ પણ જાહેર કરી હતી.

૧૬ વર્ષીય યુવતી પર ૧૦ લોકોએ દુષ્કર્મ આચર્યું: પાંચની ધરપકડ

સોલાપુર

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં ૧૬ વર્ષીય દલિત તરુણ યુવતી પર છ મહિનાથી ૧૦ લોકો બળાત્કાર કરતા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. આ ૧૦ આરોપીઓમાંથી પાંચ આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬-ડી (ગેન્ગરેપ) હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત તેમના પર પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ (પોક્સો) અને શિડ્યુલ્ડ કાસ્ટ અને શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીસ)ની જોગવાઈ પણ લગાડવામાં આવી છે.

મેગળવારે કેટલાક સ્થાનિક લોકોએ એક યુવતીને શહેરના એક મંદિરની બહાર રડતી જોઈ હતી, જેથી તેમણે આની જાણ પોલીસને કરી હતી. સોલાપુરના પોલીસના એક અધિકારીએ કહ્યું હતું કે આ યુવતી ઘણી વ્યથિત હતી, એ પછી પોલીસે તેને વિશ્વાસમાં લીધી હતી. ત્યાર બાદ આ યુવતીએ તેની આપવીતી પોલીસને કહી હતી. ત્યાર પછી પોલીસ હરકતમાં આવી હતી અને કેસ નોંધ્યો હતો. એ પછી પોલીસે ૧૦ આરોપીઓમાંથી પાંચ જણની ધરપકડ કરી હતી, એમ સોલાપુર પેલીસે જણાવ્યું હતું.

આ આરોપીઓમાંના કેટલાક યુવતીના મિત્રો હતાય તેણ પપણ પછી આ હીચકારાના ગુનામાં અન્ય સાથીદારો સાથે જોડાયા હતા,એમ તેમણે કહ્યું હતું. યુવતીના મિત્રોમાંથી કેટલાક ઓટો રિક્ષાચાલકો પણ હતા, છ મહિનાથી તેઓ તેને બળજબરીથી અલગ-અલગ સ્થળોએ લઈ ગયા હતા અને તેના પર દુષ્કર્મ આચરતા હતા, એવું પોલીસે જણાવ્યું હતું. સોલાપુરના વિજાપુર નાકા પાસેના પોલીસ સ્ટેશનમાં આ ૧૦ આરોપી સામે કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસ હજી અન્ય પાંચ આરોપીઓની તપાસ કરી રહી છે. આ યુવતીના પિતાનું થોડા સમય પહેલાં નિધન થયું હતું. આ યુવતી તેની માતા સાથે રહેતી હતી. તે આજીવિકા રળવા માટે છૂટક નોકરી કરતી હતી.

મજૂરને લાગી ૧૨ કરોડની લોટરી... કહ્યું 'હજી સપનુ જોઉં છું'

તિરુવનંથપુરમ

રોજ મજૂરી કરીને રોજ મહેનતાણુ મેળવતા કેરાલાના એક મજૂરને ૧૨ કરોડ રુપિયાની લોટરી લાગી છે.

પરિવારને હજી પણ વિશ્વાસ નથી આવતો કે, તેઓ રાતારોત કરોડપતિ થઈ ગયા છે. કેરાલાના કન્નૂરમાં રહેનારા પેરુન્નન રાજન મજૂરી કરે છે.૧૦ ફેબ્રુઆરીએ થયેલી લોટરીના પરિણામોની જાહેરાત બાદ તેમના દિવસો ફરી ગયા છે.

તેમને ૧૨ કરોડની લોટરી લાગી છે અને તેમાંથી ટેક્સ કપાટા બાદ લગભગ સાત કરોડ રુપિયા તેમને મળશે.રાજને કહ્યુ હતુ કે, હજી પણ લાગે છે કે, હું સપનુ જોઈ રહ્યો છે.

૫૮ વર્ષીય રાજન મજૂરી કરે છે પણ નિયમિત રીતે લોટરીની ટિકિટ ખરીદતા હતા.તેમને હતુ કે, કોઈ દિવસ તો તેમની કિસ્મત બદલાશે.રાજને કહ્યુ હતુ કે, લોટરી ટિકિટ જમા કરાવતા પહેલા મેં કેટલીક વખત નંબર ચેક કર્યો હતો.કારણકે મને વિશ્વાસ નહોતો થઈ રહ્યો કે , હું આટલી મોટી રકમ જિત્યો છું. રાજને કહ્યુ હતુ કે, પૈસા આવતાની સાથે જ પહેલા તો માથા પર કેટલુક દેવુ છે તે ચુકવીશ.મને ખબર છે કે, પૈસા કમાવવા આસાન નથી એટલે આ રકમને હું બેકાર નહી જવા દઉં.

ફાઈટર પ્લેન રાફેલના પાર્ટ્સ બનાવવાનું કામ નાગપુરમાં શરૂ કરાયું

નાગપુર

ભારતમાં ફાઈટર પ્લેન રાફેલના પાર્ટ્સ બનાવવાની શરૂઆત થઈ ગઈ છે. ફાઈટર જેટ્સના ટ્વિન એન્જિનને કવર કરનારા દરવાજાઓનો પહેલો સેટ નાગપુરમાં અનિલ અંબાણીની રિલાયન્સ ડિફેન્સ અને ફ્રેન્ચ ફર્મ જેવા એવિએશનના સંયુક્ત ઉપક્રમવાળા પ્લાન્ટ પર બનાવવામાં આવી રહ્યાં છે.

એક અધિકારીએ ન્યૂઝ વેબસાઈટને જણાવ્યું કે વિમાન સાથે જોડાયેલા મોટાભાગના પાર્ટ્સ આવનારા સમયમાં ભારતમાં જ બનાવવામાં આવશે. રક્ષા સૂત્રોના જણાવ્યા પ્રમાણ, ભારતમાં તેના પાર્ટ્સ બનાવવાનો હેતું આવનારા મહિનાઓમાં રાફેલનું ઉત્પાદન વધારવાનું છે.

નાગપુરના ઔદ્યોગિક પ્રશિક્ષણ સંસ્થાના વિદ્યાર્થી રાફેલ અને ફાલ્કન વિમાનોના પાર્ટ્સ જોડવાનું શીખી રહ્યા છે. ફ્રાન્સીસી કંપની બન્ને એવિએશનને સરકાર દ્વારા સંચાલિત આઈટીઆઈ નાગપુર સાથે ગત વર્ષે એક સમજૂતી કરી હતી. જેના હેઠળ સંસ્થામાં 'એરોનોટિકલ સ્ટ્રક્ચર એન્ડ ઈક્વિપમેન્ટ ફિટર' અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

એનઆરસીની ઓફિશિયલ વેબસાઈટ પરથી આસામનો ડેટા 'ગાયબ' થયો

ગુવાહાટી

આસામમાં એનઆરસીનું ઓગસ્ટમાં બહાર પાડવામાં આવેલી અંતિમ યાદીનો ડેટા નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ વેબસાઈટ પરથી ગાયબ થઈ ગયો છે. આ ડેટા સુપ્રીમ કોર્ટના આદેશ બાદ જાહેર કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રાલયનું કહેવું છે કે 'ડેટા સુરક્ષિત છે અને તે કેટલીક ટેક્નિકલ ખામીઓના કારણે ક્લાઉડ પરથી ગાયબ થઈ ગયો છે.

આ સાથે જ મંત્રાલયે કહ્યું કે આ સમસ્યાનો ટૂંક સમયમાં ઉકેલ લાવવામાં આવશે.' તેમજ એનઆરસી અધિકારીઓનું કહેવું છે કે વેબસાઈટ પરથી ડેટા ગાયબ થઈ ગયા છે કારણ કે આઈટી કંપની વિપ્રોનો કોન્ટ્રાક્ટ રિન્યૂ કરવામાં નથી આવ્યો. આસામમાં વિપક્ષી પાર્ટીઓએ આ ડેટા ગાયબ કરવાના કામને 'ખરાબ કૃત્ય' ગણાવ્યું છે.

૩૧ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ અંતિમ યાદી જાહેર કર્યા બાદ એનઆરસીમાં કેટલા ભારતીય નાગરિકોને સામેલ કરવામાં આવશે અને કેટલાને બહાર કાઢવામાં આવશે તે બધુ જ વિસ્તારપૂર્વક આ ઓફિશિયલ વેબસાઈટ 'www.nrcassam.nic.in' પર અપલોડ કરવામાં આવ્યું હતું. ડેટા એવા સમયમાં 'ગાયબ' થયો છે કે જ્યારે આસામમાં એનઆરસીની યાદીને અત્યાર સુધી ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા સત્તાવાર રીતે સૂચિત કરવામાં નથી આવી.

વિદેશી કરન્સીની હેરાફેરી કરવા ભેજાબાજ યુવકે મગફળીમાં ચલણી નોટો ભરી

ન્યુ દિલ્હી

આંતરરાષ્ટ્રિય એરપોર્ટ પર તલાશીમાંથી છટકી જવા માટે લોકો નવી નવી રીત રસમો અપનાવતા રહેતા હોય છે. દિલ્હીના આંતરરાષ્ટ્રિય એરપોર્ટ પર વિદેશી ચલણી નોટો સુરક્ષા કર્મીઓની નજરથી બચાવીને લઈ જવા માટે એક યુવકે એવુ ભેજુ દોડાવ્યુ હતુ કે, સુરક્ષા કર્મીઓ પણ દંગ રહી ગયા હતા.

મળતી વિગતો પ્રમાણે મંગળવારે સાંજે છ વાગ્યે એરપોર્ટ પર તેનાત સીઆઈએસએફના સુરક્ષા કર્મીઓએ એક યુવાનની પૂછપરછ કરીને સામાન ચેક કર્યો ત્યારે તેની પાસેની મગફળી, બિસ્કિટ અને મિઠાઈની વચ્ચેથી ૪૫ લાખ રૂપિયાની વિદેશી ચલણી નોટો મળી આવી હતી.

યુવાને મગફળીની અંદર દાણાની જગ્યાએ નોટો છુપાવેલી જોતા સુરક્ષા કર્મીઓ પણ વિચારતા થઈ ગયા હતા. પૂછપરછમાં મુરાદ આલમ નામના યુવકે કહ્યુ હતુ કે, તે આ ચલણીનોટો દુબઈ લઈ જઈ રહ્યો હતો. હવે વધુ પૂછપરછ માટે તેને કસ્ટમ વિભાગને સોંપી દેવાયો છે.



સ્ટેટસ સિંગલ ખુશી ડબલ

બ્રિટનનો એક સર્વે કહે છે કે સિંગલ પુરુષો કરતાં સિંગલ મહિલાઓ વધુ હેપી હોય છે. આપણે મુંબઈની કેટલીક એકલી નારીઓને પૂછી જોઈએ કે તેમની લાઇફ કેવી છે



સ્ત્રી અને પુરુષ સંસારરથનાં બે ચક્રો છે અને બે સાથે મળે તો જ સંસારરથ ચાલી શકે એવું આજની સિંગલ વુમન નથી માનતી. તેઓ એકલા પોતાના ખભા પર જ બધી જવાબદારી લઈને આ રથને વધુ સારી રીતે ચલાવી રહી છે. અગાઉના જમાનામાં કહેવાતું હતું કે ડોશી કુંવારી કદી ન મરે. જોકે છોકરીએ લગ્ન કરવાં જ પડે એ વાત આજે સાવ વાહિયાત બની ગઈ છે. આજની છોકરીઓ માને છે કે યોગ્ય જીવનસાથી ન મળે તો બેટર કે સિંગલ રહેવું. અગાઉ છોકરીઓ પિતા કે પતિ પર આર્થિક રીતે નિર્ભર હતી એવું હવે નથી રહ્યું. હવે તે પોતાના પગ પર ઊભી રહીને પોતાની જિંદગીને ચલાવી શકે છે. આર્થિક નિર્ભરતા ઉપરાંત આજના સમયમાં લોકોમાં સહનશીલતા સાવ ઘટી ગઈ છે. એને લઈને કોઈની સાથે એડ્જસ્ટમેન્ટમાં પ્રૉબ્લેમ આવી રહ્યા છે અને એ કારણે પણ છોકરીઓ સિંગલ રહેવાનું નક્કી કરે છે. ભારતમાં હવે એ સિચુએશન છે કે છોકરીઓ મોડી પરણે છે, બહુ જલદી લગ્ન તોડી પણ નાખે છે અને એ જ કારણે આજે ભારતમાં અગાઉ ક્યારેય નહોતી એટલી વધારે સંખ્યા સિંગલ વિમેનની થઈ રહી છે. સમાજ માટે આ સ્થિતિ સારી કહેવાય કે ખોટી એની ચર્ચામાં આજે નહીં પડીએ, પણ મુંબઈની કેટલીક સિંગલ વિમેનને મળીને જાણીએ કે તેઓ તેમના સિંગલ સ્ટેટસ સાથે ખરેખર ખુશ છે? સિંગલ રહેવાનો નિર્ણય તેમનો પોતાનો હોય છે અને એ સાથે તેઓ સ્વતંત્ર, ખુશહાલ, જવાબદાર અને સક્સેસફુલ લાઇફ એન્જૉય કરે છે?હવે લાગે છે કે હું નથી પરણી તો વધુ ખુશ છું.

આશા પારેખ (ઍક્ટ્રેસ)

હું લગ્ન નહોતી કરવાની એવું નથી. આમાં ડેસ્ટિની પણ કામ કરે છે. તમારે લગ્ન નથી કરવાં હોતાં એવું નથી હોતું. કોઈ લગ્ન કરવા ઇચ્છે છે, પણ નથી થતું તો નથી થતું. આમાં તમે શું કરી શકો? આ ઑબ્સલ્યુટલી ડેસ્ટિની જ છે. ડેસ્ટિની એવી વસ્તુ છે જે તમે પસંદ ન કરી શકો, ઇટ હેપન્સ! યુ કૅન્ટ હેલ્પ ઇટ. મારા માટે મુરતિયો જોવા મારાં મમ્મીએ ઘણી કોશિશ કરેલી, ઈવન બે-ત્રણ બતાવ્યા પણ હતા. મારાં મમ્મી જ નહીં, મારાં ફઈઓ અને કાકીઓ પણ મારા માટે મુરતિયા શોધતાં હતાં. પણ ન થઈ શક્યું તો શું થાય? હું તો એમાં પણ ખુશ જ હતી ને હવે તો લાગે છે કે લગ્ન નથી કર્યા તો વધુ ખુશ છું. હવે તો મારી રિટાયર્ડ લાઇફ છે. હું હવે વધારે કામ નથી કરતી. થોડું હૉસ્પિટલનું કામ કરી લઉં, થોડું સોશ્યલ વર્ક કરી લઉં, થોડું ફિલ્મ-ઇન્ડસ્ટ્રી વેલ્ફેર ટ્રસ્ટનું કામ કરું. એ રીતે ટાઇમ નીકળી જાય છે. અમારું ગ્રુપ છે, બધા મિત્રો મળીએ છીએ.

મારી પાસે આજે બધું જ છે

સ્મિતા વોરા (ઍડ્વોકેટ અને સૉલિસિટર)

મારી એક વાત ધ્યાનથી સાંભળો. હું લૉયર છું. મારી પાસે મૅટ્રિમોનિયલ કેસ આવે છે જેમાં આજે એવી પોઝિશન છે કે ૧૦ કેસમાંથી લગભગ ૬ કપલ્સ ડિવૉર્સ માગે છે. બાકીનાં જે સાથે રહે છે એમાં તેમની મજબૂરી છે, કારણ કે તેમને બાળકો હોય છે અથવા તેમની પાસે રહેવા ફ્લૅટ નથી હોતો. ક્યારેક ફાઇનૅન્શિયલ કન્ડિશન નહીં હોવાથી છોકરીએ જબરદસ્તીથી સાથે રહેવું પડે છે. આમાં જો તેમને રહેવા-ખાવા-પીવાની સિક્યૉરિટી આપવામાં આવે, તેમને કહેવામાં આવે કે તમારી રહેવા-ખાવાની સગવડ થઈ જશે અને ફ્રીડમ આપવામાં આવે તો આ દસેદસ કપલ ચોક્કસ અલગ થઈ જાય. આજે આવી સ્થિતિ છે એનું એક કારણ એ છે કે મુંબઈમાં લોકોની ટૉલરન્સ-કૅપેસિટી ઘટી ગઈ છે. હું મારી સિંગલ લાઇફને ફુલ એન્જૉય કરું છું. આઇ ઍમ એન્જૉઇંગ માય લાઇફ લાઇક ઍનિથિંગ. મારી પોતાની ઑફિસ છે, પોતાનો ફ્લૅટ છે. મારાં પોતાનાં ઇન્વેસ્ટમેન્ટ છે. મારી પાસે બધું જ છે. બાય પ્રોફેશન હું સૉલિસિટર છું. ફૉર્ટ ઉપરાંત ગોરેગામ, રઘુલીલા મૉલ-કાંદિવલીમાં બે અને બરોડામાં પણ એક ઑફિસ છે. મારો પોતાનો સ્ટાફ પણ છે. મને ક્યારેય એકલું નથી લાગતું, કારણ કે એના માટે ટાઇમ જ નથી હોતો કે એકલું લાગે એટલી વ્યસ્ત હોઉં છું. રાત્રે ૧૦ વાગ્યે ઘરે આવીને ફેસબુક પર પૂરી દુનિયા હાજર હોય છે. હું મારી લાઇફ ફુલ એન્જૉય કરું છું. મને કદી નથી લાગ્યું કે મારાં બાળકો હોય. વાસ્તવમાં અડધો કલાક કોઈ બાળકને રાખવાનું હોય તો પણ મને ઝંઝટ જ લાગે. બાળક માટેની ફીલિંગ્સ જ મને ન આવે. લગ્ન ન કર્યા હોય તો તમારે માત્ર પોતાનું જ કરવાનું હોય છે અને એ પણ સ્માર્ટલી. જેમાં બેનિફિટ અને ઍડ્વાન્ટેજ વધુ હોય એ જ કરવાનું!લગ્ન પછી કમ્પૅન્યનશિપ મળે એવું નથી હોતું

ભારવી શાહ (રાઇટર, ક્રીએટિવ ડિરેક્ટર)

હું મારું સિંગલ સ્ટેટસ ૧૦૦ ટકા એન્જૉય કરું છું. મારી ફ્રેન્ડ્સ મેરિડ છે. તે મને કહે છે કે તેં લગ્ન નથી કર્યા તો તું સુખી છે. સમાજમાં હું જ્યાં જાઉં ત્યાં પણ લોકો હવે તો કહે છે કે તેં લગ્ન નથી કર્યા તો સારું છે, સુખી છે. મારે લગ્ન કરવાં નહોતાં અને મારા ઘરમાં પણ મને એ માટે કોઈ દબાણ નહોતું. આજના જમાનામાં હવે કોઈ લગ્ન ન કરે તો તેને સમાજ કંઈ ખોટું નથી માનતો. તેથી હું સોશ્યલ પણ થઈ શકું છું. સિંગલ હોવામાં જે ફ્રીડમ, મનની શાંતિ મળે છે,

તમારા ઘૂંટણને ડેમેજ કરતાં પાંચ સામાન્ય પરિબળો કયાં છે?



■ **આજકાલ ઘૂંટણની તકલીફ સામાન્ય બનતી જાય છે. ની-રિપ્લેસમેન્ટ સર્જરી પણ સામાન્ય બનતી જાય છે. ઘૂંટણ ડેમેજ થવા પાછળનાં આમ તો ઘણાં કારણો હોઈ શકે, પરંતુ આજે જાણીએ પાંચ સામાન્ય કારણો જેને લીધે ઘૂંટણ ડેમેજ થવાનું રિસ્ક ઘણું વધી જાય છે. આ બાબતે જાગૃત બનીને આપણે આપણા ઘૂંટણને બચાવી શકીએ છીએ**

આજથી વીસ-ત્રીસ વર્ષ પહેલાંના ૭૦ વર્ષના લોકો અને આજના ૬૦-૭૦ વર્ષના લોકોને જોઈએ છીએ ત્યારે જનરેશન-ગૅપ ખબર પડે છે. ઘરમાં જેને પરદાદી અને દાદી બન્ને હોય તેમને ખબર હશે કે તેમની પરદાદીના ઘૂંટણ તેમની દાદી કરતાં વધુ સારા હશે. જેમ ઉંમર થાય અને મોતિયો આવે એમ આજના ૬૦ વર્ષથી ઉપરના લોકોને ની-રિપ્લેસમેન્ટ સર્જરી આવી જાય છે. ધીમે-ધીમે એવું લાગે છે કે જનરેશન દર જનરેશન આપણે એ તરફ જતા જઈએ છીએ કે આપણા ઘૂંટણ જીવનભર ટકશે જ નહીં અને નકલી ઘૂંટણ પર જ જીવન જીવવું પડશે. આમ તો આપણે નબળા પડી રહ્યા છીએ એનાં ઘણાં કારણો છે, પરંતુ રોજિંદા જીવનમાં એવી ઘણી આદતો છે જે ઘૂંટણને ડેમેજ કરે છે. એ આદતોને જો આપણે સુધારીએ તો પણ ઘૂંટણને ટકાવી રાખવામાં ઘણી મદદ મળે.

દોડવું

મુંબઈ મૅરથૉન નજીક જ છે. આજકાલ બીજી પણ નાની-નાની મૅરથૉન થયા કરે છે અને લોકોને લાગે છે કે દોડવું ખૂબ જ હેલ્ધી છે એટલે સમજ્યા-વિચાર્યા વગર દોડવાનું ચાલુ જ કરી દે છે અને તેમના ઘૂંટણને ડેમેજ કરી બેસે છે. જ્યારે વ્યક્તિ દોડે છે ત્યારે ઘૂંટણના સ્નાયુઓને શૉક લાગતો હોય છે. એ જે ઝટકા લાગતા હોય છે એને કારણે ડેમેજ થતું હોય છે. એ વિશે વાત કરતાં ડૉ. રાકેશ નાયર કહે છે, ‘જે લોકો કાર્ડિયો એક્સરસાઇઝના ભાગરૂપે રનિંગ પસંદ કરે છે તેમને પણ હું એ જ કહીશ કે ટ્રેડમિલ પર દોડવાનું તો રહેવા જ દેજો. જો દોડવું હોય તો જિમમાં જતાંની સાથે જ ટ્રેડમિલ ન કરો. ૧૫ મિનિટ સાઇક્લિંગ, ૧૫ મિનિટ ક્રૉસ-કૉસ કર્યા પછી ૧૫ મિનિટ ટ્રેડમિલ કરી શકો છો. ૪૦ વર્ષ પછી જો તમે દોડતા હો તો પહેલી જરૂરિયાત એ છે કે તમે તમારા ઘૂંટણના સ્નાયુઓને સશક્ત બનાવો. એ સશક્ત ત્યારે જ બનશે જ્યારે તમે અલગથી એને સશક્ત બનાવવાની એક્સરસાઇઝ કરો. આ બાબતે સાવધાની અત્યંત જરૂરી છે.’

ઘૂંટણ ઘસાવાનું મુખ્ય કારણ કૅલ્શિયમ અને વિટામિન ડ્ની ઊણપ પણ હોઈ શકે છે. આજકાલ લોકોનો ખોરાક ઘણો નબળો થઈ ગયો છે ને કૅલ્શિયમ જેવા જરૂરી તત્વની કમી જણાય છે. ખાસ કરીને સ્ત્રીઓને મેનોપૉઝ પછી કૅલ્શિયમની કમી થવાનું રિસ્ક ઘણું મોટું હોય છે અને આ બાબતે સ્ત્રીઓમાં કોઈ જાગૃતિ જોવા મળતી નથી. ૪૦ વર્ષ પછી સ્ત્રીઓએ સજાગ થવું જરૂરી છે અને કૅલ્શિયમ સપ્લિમેન્ટ લેવાનું ડૉક્ટરની સલાહ મુજબ ચાલુ કરવું પણ જરૂરી છે. એની સાથે-સાથે આજકાલ સૂર્યના તાપમાં કોઈ રહેતું જ નથી. એને કારણે વિટામિન ડ્ની કમી સરજાય છે. આજકાલ લોકો સપ્લિમેન્ટ્સ હોવાને કારણે નિશ્ચિંત થઈ જાય છે કે જરૂર નથી સૂર્યના તાપમાં જવાની, સપ્લિમેન્ટ ખાઈ લો એટલું બસ છે. જોકે એ યોગ્ય અપ્રોચ નથી. સૂર્યના પ્રકાશમાંથી જે સત્વ શરીરને મળે છે એ કોઈ સપ્લિમેન્ટ પૂરું ન કરી શકે. એટલે જરૂરી છે કે એનું મહત્વ સમજવામાં આવે.

હાઈ-હીલ્સ

સ્ત્રીઓને ખાસ કરીને હાઈ-હીલ્સ પહેરવાનો ખૂબ શોખ હોય છે. ઊંચી એડીનાં સૅન્ડલ પહેરવાથી સ્ત્રીઓમાં જાણે કે આત્મવિશ્વાસ ઊભરે છે, પરંતુ આ ઊંચી એડીનાં સૅન્ડલ પહેરવાથી તેમને તેમની પીઠ અને તેમના ઘૂંટણની જીવનભરની તકલીફ શરૂ થઈ જાય છે. છોકરી નાની હોય એટલે કે ૨૦-૩૦ વર્ષની ઉંમરમાં ખાસ ખબર પડતી નથી, કારણ કે આ ઉંમરમાં જે ડેમેજ થાય એ જલદી રિપેર પણ થતું હોય છે. પરંતુ જેમ ઉંમર વધે એમ તકલીફો દેખાવા લાગે છે. આવું શા કારણે થાય છે એ જણાવતાં ઝેન મલ્ટિસ્પેશ્યલિટી હૉસ્પિટલના ટોટલ ની-રિપ્લેસમેન્ટ સર્જર્યન ડૉ. રાકેશ નાયર કહે છે, ‘જે સ્ત્રીઓ હાઈ-હીલ્સ પહેરે છે તેમના ઘૂંટણ પર સામાન્ય કરતાં પાંચગણું વધુ વજન આવે છે. હીલ્સ પહેરવાને લીધે શરીરનું જે વજન એકસરખું સ્પ્રેડ થતું હતું એના બદલે ઘૂંટણના એક પૉઇન્ટ પર બધું ભેગું થઈ જાય છે, જેને લીધે ઘૂંટણના સાંધાઓ પર અસર પડે છે અને આ અસર લાંબા ગાળે ઘૂંટણ માટે તકલીફ ઊભી કરે છે. ક્યારેક હીલ્સ પહેરતી હોય એ છોકરીઓને પણ સાંધામાં તકલીફ ઊભી થઈ શકે છે જ્યારે તેમના સાંધા અને સ્નાયુઓ નબળા જ હોય. એટલે એ જરૂરી છે કે તમે પહેલાં તમારા શરીરને ઓળખો અને પછી જ હીલ્સ પહેરવાનું રિસ્ક લો. જે છોકરીઓ હીલ્સ પહેરે છે એવી ૧૦ છોકરીઓમાંથી ફક્ત બે જ છોકરીઓ એવી હોય છે જેના સ્નાયુઓ એટલા સશક્ત છે કે તે હીલ્સ પહેરે તો પણ વાંધો આવતો નથી. તમે એ બેમાં આવો છો કે આઠમાં એ સમજવું અગત્યનું છે.

વધુ વજન


ઓબેસિટી આજનો એક મોટો પ્રશ્ન છે. બેઠાડુ જીવન જીવતાં-જીવતાં આપણે લોકો આપણા સ્નાયુ, હાડકાં અને સાંધાઓને નબળાં બનાવતા જઈએ છીએ. આ વાત સમજાવતાં ડૉ. રાકેશ નાયર કહે છે, ‘જેટલું હોવું જોઈએ એનાથી તમારું વજન જ્યારે વધુ હોય છે ત્યારે ઘૂંટણ પર સૌથી વધુ અસર થાય છે, કારણ કે આપણે ચાર પગવાળા નહીં પણ બે પગવાળાં પશુઓ છીએ. બે પગવાળા હોવાને કારણે આપણા શરીરનું પૂરેપૂરું વજન હંમેશાં ઘૂંટણ પર આવે છે. જો આપણું વજન જરૂર કરતાં વધુ હોય તો ઘૂંટણ પર લોડ વધુ આવે છે અને એને લીધે એના સ્નાયુઓ નબળા પડતા જાય છે અને એક ઉંમર પછી એ હાડકાંની તકલીફ સામાન્ય કરતાં બમણી થઈ જાય છે.’

ખોટી એક્સરસાઇઝ

જો તમે સ્ક્વૉટ્સ, જમ્પિંગ, લન્જિસ, સૂર્યનમસ્કાર, ઍરોબિક્સ કે ઝુમ્બા જેવી એક્સરસાઇઝ કરવાના શોખીન હો તો ઘણી જ સાવધાની જરૂરી હોય છે. અમુક ખોટી રીતે થનારી એક્સરસાઇઝને કારણે ઘૂંટણ હંમેશાં માટે ડેમેજ થઈ શકે છે. એ વિશે સાવધ કરતાં ડૉ. રાકેશ નાયર કહે છે, ‘આ બધી જ એક્સરસાઇઝમાં ઘૂંટણ પર સામાન્ય કરતાં દસગણું વધુ પ્રેશર આવે છે. આ પ્રેશરને સહન કરવું અઘરું છે. એનો અર્થ એ નથી કે એ એક્સરસાઇઝ ખરાબ છે, પરંતુ એના માટેની તૈયારી જો તમારી ન હોય તો આ એક્સરસાઇઝ તમારા ઘૂંટણને કાયમી ડેમેજ કરી શકે છે. એટલે જરૂરી છે કે આ એક્સરસાઇઝ કરતાં પહેલાં તમે તમારા ઘૂંટણને સશક્ત કરો, જેના માટે વેઇટ-ટ્રેઇનિંગ મહત્વની છે. જરૂરી નથી કે વધુ વજન, તમે ૧-૨ કિલો પણ જો તમારા પગ પર બાંધીને ઘૂંટણની એક્સરસાઇઝ કરી શકતા હો તો એનો અર્થ એમ કે તમારા ઘૂંટણ સશક્ત છે. આ પ્રકારની એક્સરસાઇઝ નિયમિત કરો તો ઘૂંટણ સશક્ત રહેશે અને પછી તમે સ્ક્વૉટ્સ, લન્જિસ કે ડાન્સ જેવી એક્સરસાઇઝ કરી શકો છો.

પાટલા સાસુ કે બાટલા સાસુ?

×ત...નુ...ડી... આવા નામની જોરથી ચીસ સંભળાઈ અને હું હબક ખાઈ ગયો... કિચનમાંથી પન્નાની રાડ પડી’તી. દોડીને જોવા ગયો તો રોટલી વણતાં વણતાં કાને મોબાઈલ ધરીને હસી હસીને લળી લળીને પન્ના કોઈ ‘તનુડી’ સાથે વાત કરી રહી’તી. પછી અચાનક... ×હસતા હુઆ નૂરાની ચહેરા કાલી ઝુલ્ફેં રંગ સુનહરા... ગાવા માંડે છે પન્ના અને એના પર કોઈને લાતો ફટકારતા હોઈએ એવા સ્ટેટસવાળો ડાન્સ કરવા માંડે છે. મારા માટે ‘હબક નંબર ટુ’. અને જેવું મુખ્ડું પતે છે. ×અને તને પેલું યાદ છે દીદી... તું ફેન્સી ડ્રેસમાં પૈસાવાળી ભિખારણ બની’તી....? (પૈસાવાળી ભિખારણ કેવી હોય વળી? એ તો ભગવાન જાણે અને પન્નાની દીદી જાણે.) અને હાથમાં કટોરો લઈને પેલું ગીત ગાયું’તું. ×જબ છાયે, મેરા જાદુ કોઈ બચ ન પાયે...ભિખારીઓને ×દે દાતા કે નામ તુઝકો અલ્લા રખ્ખે, કે પછી ×ગરીબોં કી સુનો, વો તુમ્હારી સુનેગા.... ગાતા ને ભીખ માંગતા સાંભળ્યા છે, પણ કોઈ ભિખારણ ×જબ છાયે મેરા જાદુ... ગાઈને ભિક્ષા કઈ રીતે માંગી શકે...? હશે, પન્નાની દીદીના કેસમાં હશે, કારણ કે એ પૈસાવાળી ભિખારણ છે.આટલું થાય છે ત્યાં અચાનક કશુંક બળી રહ્યાની વાસ મારા નાકને ઘેરી વળે છે અને હું આસપાસ નજર દોડાવું છું તો દેખાય છે કે પન્નાએ ‘તવા’માં નાખેલી રોટલી ‘કોલસા’માં રૂપાંતરિત થઈ રહી છે. ×પન્ના રોટી...જલ રહી હૈ.... હું રાડ પાડું છું.



તો માઉથ પીસ પર હાથ રાખીને પન્ના ઉવાચ: ×આજકાલ તો રોટિયાં ભી હમસે જલને લગી બાબુ! તમે સ્પીચલેસ થઈ જાઓ છો અને ગેસનું બટન બંધ કરી દો છો, અને ત્યાંથી નીકળીને લેપટોપ પાસે આવો છો ત્યાં તો તમારા માથામાં કંઈક વાગે છે તમે ટર્ન થાઓ છો. એ પન્ના હોય છે જે તમારું ધ્યાન દોરવા માટે પોતાની ‘તનુડી દીદી’ સાથે વાત કરતાં કરતાં તમને ભીંડાના ડીટિયાં મારી રહી છે.×શું છે? તમે થોડું ભડકી જાઓ છો. પન્નાઃ દીદી આપસે બતિયાના ચાહતી હૈ બાબુ... (બતિયાના બોલો!) અને મોબાઈલ મને પકડાવી દે છે. અને ‘તનુડી’ ઉર્ફ પન્નાની મોટી બેન તમન્ના સાથે એના આ બનેવીલાલનો સંવાદ શરૂ થાય છે. ×બોલો પાટલા સાસુ, કેમ છે તમારે ત્યાં કોચીનમાં બધું... મયૂરેશભાઈ મજામાં છેને?અને માઈક ગળી ગઈ હોય એટલા મોટા અવાજે આ ×પાટલા સાસુ બોલવા માંડે છે. ×મયૂરેશભાઈ મજામાં છે ને એમનો નાળિયેરનો બિઝનેસ પણ સરસ ચાલે છે. અરે આવો ક્યારેક આ બાજુ ફરવા પન્નાને લઈને... ભૂલ જાઓગે જાપાન ઔર ચીન... કભી આઓ હમારે ઘર કોચીન...ભલે ભલે આવશું હં! તમે પણ આવો આ બાજુ. હવે એની વાહિયાત તુકબંદીની સામે હું મારું શસ્ત્ર અજમાવું છું ×નાચોગે થનક થનક થઈ થઈ... કભી આઓ હમારે ઘર મુંબઈ.... અને ×ક્યા બાત હૈ! આ વાક્યની સાથે કરોડરજ્જુની આખી દુનિયા હલી જાય એટલો મોટો ધબ્બો મારી પીઠ પર પડે છે. હું બેવડ વળી જાઉં છું અને પાછું વળીને ‘ઊંહકારા’ સાથે જોઉં છું તો ‘ધબ્બા’નો ખલનાયક પન્નાનો ‘મુસ્કુરાઈ’ રહી છે. ×કે હોયા જમાઈ સા... કે હોયા... અચાનક રાડ કંયુસા નિકલ ગઈ સા... કે હોયા જમાઈ સા? બોલો જમાઈ સા?આ કોચીનમાં વસનારી ×મયૂરેશ પાંદડાવાળા નામના ખ્યોર ગુજરાતી વેપારીને પરણેલી મારી ગુજરાતી પાટલા સાસુ તમન્ના અચાનક વાહિયાત કક્ષાનું મારવાડી કેમ બોલવા માંડી એવો પ્રશ્ન વાચકોને થશે, તો એના જવાબમાં મારે વાચકોને એટલું જ કહેવાનું કે ×માત્ર એટલું યાદ રાખો કે એ પન્નાની બેન તમન્ના છે.×અરે પન્ના... જમાઈસા કો પાણીસા પીવડાવસા... પન્ના... હવે મોબાઈલ મારા કાને ધરેલો છે અને એ પન્નાને બૂમ એવી રીતે પાડી રહી છે જાણે અહીંયાં હાજર હોય અને પન્ના બેડરૂમમાં હોય...તમે માંડ સ્વસ્થ થાઓ છો અને બોલવા માંડો છો... ×આઈ એમ ઓલરાઈસા... દીદીસા... ચિંતાસા નહિસા કરવાનાસા... અને પેલી તમન્ના... અચાનક... ×ચિંતાસા ચિંતા ચિંતા ચિંતાસા ચા... આવું કંઈક ગાવા માંડે છે, ત્યાં પાછું ભીંડાનું એક ડીટિયું તમારા ચશ્મા પર અથડાય છે અને બરાબર આંખની સામે ચશ્માંના કાચ પર ચોંટી જાય છે. અ

કામણ કરનારી પન્ના હોય છે, જેને મારી પાસેથી મોબાઈલ જોઈતો હોય છે. મારે તો આમેય છૂટવું જ હતું હું મોબાઈલ એના હાથમાં આપીને ચાલવા માંડું છું.મને અચાનક મારા સાહુભાઈ મયૂરેશનો વિચાર આવે છે અને આમ જ કોઈ પણ જાતના કારણ વગર હું એમને ફોન જોડું છું. અને કોચીનમાં નાળિયેરનો વેપાર કરનાર ‘મયૂરેશ’ ફોન ઉપાડે છે. ×કેમ છો મયૂરેશભાઈ? બન્ને બેનોની વાત ચાલી રહી છે એટલે થયું ચાલો આપણે પણ વાતો કરીએ આટલું વાક્ય પૂરું થયું ત્યાં સુધીમાં તો ‘મયૂરેશ’ પોક મૂકીને રડવા માંડે છે.×અરે ભાઈ તમે સુખી છો... બાકી આ તમારી પાટલા સાસુ તો નંગ છે નંગ એક નંબરની... જાતજાતની ભાષાઓ બોલવાનો શોખ ધરાવે છે... પણ આવડતી એકેય નથી. બધે સા સા લગાવે એટલે કંઈ રાજસ્થાની થઈ જાય? વચ્ચે સંસ્કૃત બોલવાનું ભૂત ઊપડ્યું’તું તો બધાની પાછળ છેલ્લે ‘મ’ લગાડીને બોલતી’તી આગમનમ... હેન્ડ કલીનમ... એન્ડમ આસનમ ગ્રહણમ... હું તો ત્રાસી ગયો છું ભાઈ અને ઘરમાં જ ખાલી બોલતી હોય તો હજુયે ચાલે, આ તો ‘શાકવાળા’ને ‘રિક્ષાવાળા’ સાથે પણ આવું જ બોલે છે, અને હવે એને ચાઈનીઝ બોલવું છે બોલો. હવે ચાઈનીઝ કેવી રીતે બોલાય?હું જવાબ આપું છું, ×સિંપલ છે. તમે કપડા સુકાવવા માટેની જે ક્લિપ હોય ને એવી બે ક્લિપ દીદીના નાક પર ચોંટાડી દો. બસ પછી જે બોલશે એ બધું ચાઈનીઝ જેવું જ લાગશે.

તંત્રી સ્થાનેથી...

ચૂંટણી પરિણામ અસર

દિલ્હીની વિધાનસભા ભલે નાની છે, રાજ્ય સરકારના અધિકાર પણ ભલે મર્યાદિત છે પરંતુ દેશના પાટનગર હોવાના કારણે તેની અસર સમગ્ર દેશમાં થાય છે. સ્વાભાવિક છે કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામની અસર પણ દેશભરમાં થનાર છે. કમ સે કમ ભારતીય જનતા પાર્ટીએ તો આ ચૂંટણી રાષ્ટ્રીય મહત્વની ચૂંટણી તરીકે જ લડી હતી. વડાપ્રધાન આમાં અપેક્ષા કરતા ઓછા સક્રિય રહ્યા હતા પરંતુ કેન્દ્રિય પ્રધાન અમિત શાહ, ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ અને પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએએ પૂર્ણ તાકાત લગાવી હતી. અમિત શાહે પૂર્ણ તાકાત લગાવી હતી. બાજપના તમામ કેન્દ્રિય પ્રધાનો પણ પ્રચાર કરવા માટે પહોંચી ગયા હતા. અએક બાબત હવે ફરી સાબિત થઇ રહી છે કે ભારતીય જનતા પાર્ટીને હવે મોદી મોજિક કામ આપી રહ્યુ નથી. ભારતીય જનતા પાર્ટી હવે અજેય રહી નથી. સામાન્ય ચૂંટણી ૨૦૧૪ અને ૨૦૧૯ને બાજુમાં મુકી દેવામાં આવે તો રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીને ભારે મુશ્કેલી નડી રહી છે. ગુજરાતમાં ખુબ મુશ્કેલ સાથે તેની જીત તઇ હતી. કર્ણાટકમાં સૌથી મોટી પાર્ટી બની છતાં સરકાર બનાવી શકી ન હતી. હરિયાણામાં તે એલા હાથે સરકાર બનાવી શકી નથી. મહારાષ્ટ્રમાં પણ જીતીને સત્તા ગુમાવી દીધી છે. દિલ્હીમાં તેની કારમી હાર થઇ છે. રાષ્ટ્રીય સ્તર પર એનો સંદેશ એ ગયો છે કે કુશળ તાકાતની સાથે ઉતરવામાં આવે તો ભારતીય જનતા પાર્ટીને હાર આપી શકાય છે. મોદી બ્રાન્ડ કમજોર હોવાના એક સંકેત એ છે કે નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં બે રેલી કરી હતી. દિલ્હીમાં ભાજપની હાર થતા વિપક્ષની તાકાતમાં વધારો થનાર છે. દિલ્હી ચૂંટણીના પરિણામથી આ બાબત પણ સાબિત થઇ ગઇ છે કે પ્રજા આંખ બંધ કરીને તમામ મુદ્દા પર ભારતીય જનતા પાર્ટીની સાથે દેખાઇ રહી નથી. દિલ્હીમાં પ્રચારની કોઇ અસર થઇ નથી. રાષ્ટ્રવાદના મુદ્દા ફ્લોપ થઇ ગયા છે. દિલ્હી ચૂંટણી પરિણામની એક અસર એ પણ થનાર છે કે તેના સાથી પક્ષો ભારતીય જનતા પાર્ટી સાથે કઠોર સમજુતી કરી શકે છે. ગઠબંધન જાળવી રાખવા માટે વધારે માંગ કરી શકે છે. આની અસર સૌથી પહેલા બિહારમાં જોવા મળનાર છે. કારણ કે બિહારમાં આ વર્ષે નવેમ્બર મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. જેડીયુના નેતા અને હાલના મુખ્યપ્રધાન નીતિશ કુમાર હવે કઇ રીતે આગળ વધે છે તે બાબત પર તમામ ની નજર રહેનાર છે. ભારતીય જનતા પાર્ટીને ઓછી સીટ પર લડવા માટે નીતિશ હવે ફરજ પાડી શકે છે. દિલ્હી પરિણામથી એક બાબત આ પણ સાબિત થઇ છે કે જન આંદોલનના કારણે ચૂંટણી રાજનીતિમાં દરમિયાનગીરી કરી શકાય છે. શાહીનબાગ દ્વારા સાબિતી મળી રહી છે કે ધીમે ધીમે એક પ્રકારના વિપક્ષની તૈયારી થઇ રહી છે. કેજરીવાલની આસપાસ વિપક્ષની એક નીતિ તૈયાર કરવામાં આવી શકે છે. કેજરીવાલની ભૂમિકા આવનાર સમયમાં વધનાર છે. ભારતીય જનતા પાર્ટીને પણ સમજવુ પડશે કે જન ભાવનાને સમજી લેવામાં તેની કોઇ જગ્યાએ ભુલ તો થઇ રહી નથી ને કારણ કે વિવિધ રાજ્યોમાં તેને પરિણામ અપેક્ષા કરતા નબળા મળ્યા છે.

રાષ્ટ્રીય પાટનગર હોવાના તમામની નજર રહે છે જેથી પરિણામોની અસર રહેશે જ

નવા તબીબી સાધનની શોધ

વૈજ્ઞાનિકોએ એક એવા નવા અલ્ટ્રા સેન્સેટીવ સાધનની શોધ કરવામાં સફળતા મેળવી છે જે સાધન શરૂઆતના તબક્કામાં જુદા જુદા રોગના લક્ષણોને શોધી કાઢવામાં મદદરૂપ બનશે. વૈજ્ઞાનિકોએ શોધી કાઢેલા આ નવા સાધનના ભાગરૂપે અલ્ટ્રા સેન્સેટીવ ટેસ્ટ કરવામાં આવશે જેનાથી વહેલી તકે રોગના લક્ષણો શોધી કાઢી શકાશે. આ સાધનની શોધને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નવા ટેસ્ટથી બિમારી અંગે વહેલી તકે માહિતી મળી ગયા બાદ સારવારમાં પણ મદદ મળશે અને અસરકારક સર્જરી માટેનો માર્ગ મોકળો થશે. લંડનમાં ઇમ્પેરીયર કોલેજ ખાતે સંશોધકોએ કહ્યું છે કે તેમના નવા ટેસ્ટથી નક્કર રીતે જુદા જુદા રોગના લક્ષણોને શોધી કઢાશે. ખૂબ ઓછા પ્રમાણમાં રોગના લક્ષણ હશે તો પણ આનાથી શોધી શકાશે. પહેલાંથી જ કેટલાક રોગ માટે જુદા જુદા ટેસ્ટ ઉપલબ્ધ બની ચૂકેલા છે. જો કે પ્રવર્તમાન બાયો સેન્સર્સ હવે ઓછા સંવેદનશીલ બની ગયા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે નવા બાયો સેન્સર ટેસ્ટથી પોસ્ટેડ કેન્સર સાથે સંકળાયેલા બાયોમેટરને સરળતાથી શોધી શકાશે. જો કે બાયો સેન્સરમાં ચકાસણી થયા બાદ વધુ ખાતરી જરૂરી બનશે. સંશોધનોનું નેતૃત્વ કરનાર પ્રોફેસર મોલી સ્ટેવન્સે કહ્યું છે કે વહેલી તબક્કે રોગના લક્ષણો શોધી કાઢવાની બાબત મહત્વપૂર્ણ છે. લક્ષણો પહેલાંથી જ જાણી ગયા બાદ રોગની સારવાર વધુ ઝડપથી શકય બનશે. પ્રાથમિક તબક્કામાં જ બિમારી દૂર કરવામાં સફળતા મળશે. રોગના લક્ષણો તેનો સંકંજો વધુ મજબૂત બનાવે તે પહેલા જ તેને ખતમ કરી શકાશે. ઘણા રોગ માટે હાલમાં પણ આવી ટેકનોલોજી છે પરંતુ નવા અલ્ટ્રા સેન્સેટીવ ટેસ્ટ વધુ અસરકારક રહેશે.

બાંગ્લાદેશ સામે અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલમાં હાર છતાં...

જુનિયર ક્રિકેટમાં પણ ભારતનો ડંકો

વિરાટ કોહલીના નેતૃત્વમાં એકબાજુ સિરિયર ભારતીય ક્રિકેટ ટીમ એક પછી એક રેકોર્ડ પોતાના નામ પર કરી રહી છે ત્યારે ભારતીય જુનિયર ટીમ પણ વિશ્વભરમાં તેની કુશળતાની સાબિતી આપી રહી છે. હાલમાં જ ભારતીય ક્રિકેટ ટીમની જુનિયર ટીમે આઇસીસી અંડર-૧૯માં ધરખમ દેખાવ કર્યો હતો. જો કે ફાઇનલ મેચમાં તેની બાંગ્લાદેશની સામે આશ્ચર્યજનક રીતે હાર થઇ હતી. જેથી કેટલીક નિરાશા હાથ લાગી હતી.જો કે ભારતીય જુનિયર ટીમના દેખાવ અને તેના ખેલાડીઓની કુશળતાને જોતા કહી શકાય છે કે ભારતીય ક્રિકેટનુ ભાવિ ખુબ શાનદાર છે. કારણ કે જુનિયર ટીમમાં રહેલા ખેલાડી જોરદાર દેખાવ કરીને તમામને પ્રભાવિત કરી ક્યા છે. હાલમાં જ પ્રિયમ ગર્ગના નેતૃત્વમાં ભારતીય અંજર-૧૯ ટીમે દક્ષિણ આફ્રિકામાં આયોજિત આઇસીસી અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભવ્ય દેખાવ કર્યો હતો. ટીમ ઇન્ડિયા અહીં રનર્સ અપ તરીકે રહી હતી. જુનિયર ટીમ વર્ષોથી કમાલ કરી રહી છે. માત્ર આ વખતે જ નહીં બલ્કે અંડર-૧૯ વર્લ્ડ કપના ઇતિહાસ પર નજર કરવામાં આવે તો ભારતીય ટીમે રેકોર્ડ વખતે ટ્રોફી તેના નામ પર કરી છે. સૌથી વધારે વર્લ્ડ કપ જીતવાનો રેકોર્ડ ભારતના નામ પર છે. ફાઇનલમાં આ વખતે હાર થઇ હોવા છતાં અંડર-૧૯ ટીમ હમેંશા ધરખમ દેખાવ કરતી રહી છે. જે સારી બાબત છે. કારણ કે રાષ્ટ્રીય સ્તર પર ખેલાડી પણ અહીથી જ આવનાર છે. અંડર-૧૯માં ભારતીય ટીમને ફેવરીટ તરીકે ગણવામાં આવી રહી હતી. આના માટે કારણ એ હતા કે ટીમ ઇન્ડિયા ફાઇનલ સુધી અજેય રહી હતી. પાકિસ્તાન પણ સેમીફાઇનલ સુધી અજેય રહી હતી. જો કે આ વખતે ભારતે તેને સેમીફાઇનલમાં હાર આપી હતી. જો કે બાંગ્લાદેશ સામે તેની ફાઇનલમાં હાર થઇ હતી. જો કે એંકદરે જોવામાં આવે તો અંડર૧૯માં ટીમ ઇન્ડિયાનુ પ્રભુત્વ રહ્યુ હતુ.



જે રીતે જયસ્વાલ સહિતના પ્રતિભાશાળી ખેલાડી અંડર-૧૯નાં રમી રહ્યા છે તે જોતા ભારતીય ક્રિકેટનુ ભાવિ ખુબ ખુબ શાનદાર છે

ટીમ અંડર-૧૯માં રમી રહી છે ત્યારે ટીમમાં યશસ્વી જયસ્વાલે તમામનુ ધ્યાન ખેચ્યુ છે. તે સતત શાનદાર બેટિગ કરીને ભારતીય ચાહકોને પ્રભાવિત કરી ચુક્યો છે. અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતીય ટીમે જોરદાર શરૂઆત કરી હતી. પ્રથમ મેચ શ્રીલંકા સામે ૧૯મી જાન્યુઆરીના દિવસે ૯૦ રને જીતી લીધી હતી. ભારતના પ્રભુત્વની ખાતરી આ બાબતથી જ મળી જાય છે કે ભારતીય ટીમે બે મેચો તો દસ વિકેટના અંતરથી જીતી હતી. જેમાં જાપાન જેવી નબળી ટીમ સામે બેટિંગ મારફતે નિરાશા મળ્યા બાદ પાકિસ્તાન સામે પણ દસ વિકેટે જીત મેળવી હતી. પાકિસ્તાન સામે જીત ખુબ મોટી જીત હતી. કારણ કે પાકિસ્તાન હમેંશા લડાયક ટીમ ધરાવતુ રહે છે. ભુતકાળમાં પાકિસ્તાનના જુનિયર ખેલાડી ભારતને હાર આપી ચુક્યા છે. પાકિસ્તાનની સામે મેચમાં ભારતે જીતવા માટેના જરૂરી ૧૭૩ રન વિના વિકેટે બનાવી લીધા હતા. યશસ્વી જયસ્વાલે શાનદાર સદી કરી હતી. જ્યારે દિવ્યાંશ સક્સેના પણ અડધી સદી સાથે અણનમ રહ્યો હતો. વર્ષ ૨૦૧૯-૨૦ વર્લ્ડ કપમાં આઠ સદી થઇ હતી. ભારત તરફથી એકમાત્ર સદી જયસ્વાલે કરી હતી. આ વખતે અંડર-૧૯ વર્લ્ડ કપની સૌથી રોમાંચક મેચની વાત કરવામાં આવે તો આ મેચ ઓસ્ટ્રેલિયાની સામે હતી. આ મેચમાં પણ જયસ્વાલે અડધી સદી કરી હતી. ઓસ્ટ્રેલિયા સામે ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૩૩ રન કર્યા હતા. જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ૬૮ રનમાં પાંચ વિકેટ ગુમાવી હોવા છતાં જોરદાર લડત આપી હતી. જો કે તેની ટીમ ૧૫૯ રનમાં આઉટ થઇ ગઇ હતી. ભારતીય ક્રિકેટ ટીમના યુવા ખેલાડી જે રીતે હાલમાં રમી રહ્યા છે તે જોતા કહી શકાય છે કે ભારતીય ક્રિકેટ ટીમના ભાવિને લઇને કોઇ ચિંતા નથી. કારણ કે તમામ કુશળ ખેલાડી હાલમાં રમી રહ્યા છે. જેમાં જયસ્વાલ, સક્સેના, સ્પીનર રવિ બિશ્નોઇનો સમાવેશ થાય છે. અંડર૧૯ વર્લ્ડ કપમાં બિશ્નોઇ છવાયેલો રહ્યો હતો. તે ૧૭ વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. જ્યારે ત્યાગી૧૩ વિકેટ ઝડપી હતી. આવી જ રીતે બેટિંગમાં જયસ્વાલ છવાયેલો રહ્યો હતો. જયસ્વાલે છ મેચોમાં ૪૦૦થી વધારે રન કર્યા હતા. જે તમામ ટીમોના કોઇ ખેલાડી કરતા વધારે છે. આવનાર સમયમાં ભારતીય સિનિયર ટીમ વધારે મજબુત થનાર છે. કારણ કે જે રીતે જુનિયર સ્તર પર ભારતીય ખેલાડી રમી રહ્યા છે તે જોતા સિનિયર ખેલાડી સ્તર પર આવ્યા બાદ તેમની કુશળતા વધારે ધારદાર બનશે. જુનિયર ટીમમાંથી જ વિરાટ કોહલી જેવા ખેલાડી સિનિયર સ્તરે હવે ધુમ મચાવી રહ્યા છે.

બાંગ્લાદેશ ચેમ્પિયન બનતા તેનુ ક્રિકેટ ભાવિ મજબુત થશે...

અંડર-૧૯ : બાંગ્લાની મોટી સિદ્ધી

અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલમાં બાગ્લાદેશે આ વખતે સૌથી મજબુત ટીમ ભારત પર જીત મેળવીને ઇતિહાસ રચી દીધો છે. આ જીત બાગ્લાદેશના રાષ્ટ્રીય સ્તરના ક્રિકેટના ભાવિને મજબુત કરશે. આ જીત બાદ બાંગ્લાદેશના યુવા ખેલાડીઓમાં ક્રિકેટ પ્રત્યે આકર્ષણ વધારે મજબુત બનશે. રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં બાગ્લાદેશના ખેલાડી એન્ટ્રી કરવા માટે વધારે મહેનત કરશે. આ જીત અનેક રીતે મહત્વપૂર્ણ છે કારણ કે આ જીત બાદ બાંગ્લાદેશમાં ક્રિકેટના ઇન્ફ્રાસ્ટકચરને વધારે મજબુત કરશે. સાથે સાથે ખેલાડીઓની સુવિધા પણ વધી જશે. બાંગ્લાદેશ ટીમ હાલમાં લડાયક દેખાઇ રહી છે. એક વખતે ભારતની સામે ફાઇનલ મેચમાં તેની હાર દેખાઇ રહી હતી. જો કે તેના ખેલાડીઓએ છેલ્લી ઘડીએ જોરદાર દેખાવ કરીને બાજી મારી હતી. આની સાથે જ ભારતીય ટીમને પાંચમી વખત વર્લ્ડ કપ જીતથી વંચિત રાખવામાં બાંગ્લા ટીમ સફળ રહી હતી. બાંગ્લાદેશની અંડર ૧૯ ટીમની વાત કરવામાં આવે તો આ ટીમ વર્ષ ૧૯૯૭ બાદથી રમી રહી છે. છેલ્લા પાંચ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની ટીમ રમી ચુકી છે. જો કે પ્રથમ વખત તેની ટીમ વિજેતા બની છે. તેની જીત અનેક રીતે ખાસ મહત્વ ધરાવે છે. વર્ષ ૨૦૦૪ બાદથી બાંગ્લાદેશે આઠ યુવા ટેસ્ટ મેચ પણ રમી છે. અંડર-૧૯માંથી નિકળીને અનેક ખેલાડી રાષ્ટ્રીય ટીમમાં પ્રવેશ કરી ચુક્યા છે. જેમાં રહીમ, સાકીબ અલ હસન, તામીમ ઇકબાલ, મોહમ્મદ અશરફુલ, આફતાબ્ હેમદ, નફીસ ઇકબાલ, શહાદત હુસેન, સૌમેયા સરકાર, મોર્તજાનો સમાવેશ થાય છે. અકબર અલીના નેતૃત્વમાં બાગ્લાદેશે જોરદાર કુશળતા દર્શાવીને ભારત



બાંગ્લાદેશની લડાયક કુશળતાની તમામ દુનિયાના દેશોએ નોંધ લીધી : ઉજવણીમાં વલણ યોગ્ય રહ્યુ હોત તો જીત વધારે મોટી સાબિત થઇ હોત

જેવી પ્રોફેશનલ ટીમ સામે જે રીતે ફાઇનલમાં જીત મેળવી તે જોતા કહી શકાય છે કે તમામ પ્રકારની ટ્રેનિંગ આ ટીમને મળેલી હતી. મેચમાં ડકવર્થ લુઇસ પદ્ધિતની પણ નોંધ ટીમે લીધી હતી. ટીમના તમામ ખેલાડીઓએ ખુબ પ્રોફેશનલ રમત રમી હતી. આના માટેની ક્રેડિટ ટીમના કેપ્ટન, સ્ટાફ, કોચને પણ મળે છે. નાવીદ નવાઝના હેડ કોચના માર્ગદર્શનમાં આ ટીમ જોરદાર દેખાવ સાથે મેદાનમાં ઉતરી હતી. અંડર ૧૯ વર્લ્ડ કપની વાત કરવામાં આવે તો આ વર્લ્ડ કપનુ આયોજન આઇસીસી દ્વારા કરવામા આવે છે. પ્રથમ વખત આનુ આયોજન ૧૯૯૮માં કરવામાં આવ્યુ હતુ. દર બે વર્ષે આનુ આયોજન ત્યારબાદથી સફળ રીતે કરવામાં આવે છે. દરેક ટીમને આ સ્પર્ધાના કારણે મોટી સંખ્યામાં કુશળ ખેલાડી મળ્યા છે. જેમાં ભારતના કેપ્ટન અને દુનિયાના હાલના સૌથી દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીનો સમાવેશ થાય છે. અંડર-૧૯ના પ્રથમ વર્લ્ડ કપમાં માત્ર આઠ ટીમે રમી હતી. ત્યારબાદ ટીમોની સંખ્યા વધીને ૧૬ થઇ છે. ભારતીય ટીમે વર્લ્ડ કપ સૌથી વધારે વખત ચાર વખત જીતી લેવામાં સફળતા મેળવી છે. આવી જ રીતે ઓસ્ટ્રેલિયાએ ત્રણ વખત, પાકિસ્તાને બે વખત, ઇંગ્લેન્ડ અને આફ્રિકા, બાગંલાદેશ તેમજ વેસ્ટ ઇન્ડિઝે એક એક વખત આ ટ્રોફી જીતી છે. અન્ય બે ટીમો ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા ફાઇનલમાં પહોંચી ચુકી છે પરંતુ જીત મેળવી શકી નથી. બાંગ્લાદેશે જે રીતે સિદ્ધી મેળવી તે ખુબ મોટી સિદ્ધી છે. ક્રિકેટ નિષ્ણાંતો કહે છે કે જો વર્લ્ડ કપ જીત મેળવી લીધા બાદ ઉજવણીમાં પણ હોશની સાથે જોશ રાખ્યો હોત તો ઉજવણી વધારે મોટી રહી હોત. વર્લ્ડ કપ ટ્રોફી હાથમાં આવી ગયા બાદ જે રીતે હોશ ગુમાવીને ખરાબ અને આક્રમક વર્તનની સાથે ઉજવણી કરવામાં આવી હતી તેનાથી તમામ દુનિાના ક્રિકેટ ચાહકો નારાજ થયા છે. સાથે સાથે હવે આ મામલે આઇસીસી સમક્ષ પહોંચી ગયો છે. ભારતના કેપ્ટન પ્રિયમ ગર્ગ દ્વારા પણ આક્રમક ઉજવણીની સામે વાંધો ઉઠાવ્યો હતો. જીત કેટલી પણ મોટી હોય પરંતુ સન્માન સાથે અને વિનમ્રતા સાથે ઉજવણી કરવામાં આવે તે બાંગ્લાદેશને શિખવાની જરૂર છે.

વિશ્લેષણ : શરૂઆતી દોરના સર્વે બાદ હાર સ્વીકારી લીધી હતી

દિલ્હીમાં કોંગ્રેસે હતાશામાં ચૂંટણી લડી

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામથી કોંગ્રેસ માટે મુશ્કેલ દિવસો શરૂ થઇ ગયા છે. કોંગ્રેસને ચૂંટણીમાં એક પણ સીટ મળી નથી. બીજી બાજુ પ્રતિ ટકાવારી પણ તેની પાંચ ટકા કરતા નીચે પહોંચી ગઇ છે. કોંગ્રેસ માટે વાસ્તવિક બાબત એ છે કે પાર્ટી પહેલા જુથબંદી અને આંતરિક ખેંચતાણથી પરેશાન રહી હતી. ત્યારબાદ શરૂઆતના જે રીતે સર્વે આવ્યા તેના કારણે પાર્ટીમાં જોરદાર હતાશા ફેલાઇ ગઇ હતી. સર્વેમાં કહેવામાં આવી રહ્યુ હતુ કે પાર્ટીની કારમી હાર થનાર છે. આવી સ્થિતીમાં કોંગ્રેસ પાર્ટીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીને ખુબ હતાશા સાથે લીધી હતી. જેના પરિણામથી પાર્ટીમાં ઘોર નિરાશા ફેલાઇ ગઇ છે. આ ઘોર નિરાશામાંથી પાર્ટીને બહાર નિકળવાની બાબત હવે ખુબ મુશ્કેલ રહેનાર છે. દિલ્હીમાં આંતરિક ખેંચતાણની સ્થિતી વચ્ચે સૌથી પહેલા સુભાષ ચોપડાને ચૂંટણીથી થોડાક મહિના પહેલા જ પાર્ટીની જવાબદારી સોંપવામાં આવી હતી. જો કે તેઓ ખાસ કરી શક્યા નથી. શિલા દિક્ષિત બાદ ચોપડાના સંબંધ પણ સારા રહ્યા નથી. પ્રબારી પીસી ચાકોના સંબંધ કોઇની સાથે સારા રહ્યા નથી. આવી સ્થિતી હોવા છતાં પાર્ટી નેતૃત્વ દ્વારા બિન હિન્દી ભાષી નેતાને દિલ્હીમાંથી દુર કર્યા ન હતા. બીજી બાજુ કોંગ્રેસ પ્રચાર અભિયાન સમિતીના અધ્યક્ષ કિર્તી આઝાદના સંબંધ ચોપડા સાથે સારા રહ્યા નથી. માકન, સંદીપ દિક્ષિત જેવા નેતા પ્રચારમાં નહીંવત જેવા દેખાયા હતા. સૌથી નિરાશાની બાબત કોંગ્રેસ પાર્ટી માટે એ રહી કે પાર્ટી નેતૃત્વ દિલ્હી ચૂંટણીને લઇને દુવિધામાં રહ્યુ. પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધી છેલ્લા ત્રણ દિવસમાં પ્રચાર કરવા માટે પહોંચ્યા હતા. આ તમામ બાબતની અસર પાર્ટીને થઇ હતી. દિલ્હીના ઇતિહાસમાં કોંગ્રેસ પાર્ટીને સતત બે વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર મળી છે. જેમાં તેનુ ખાતુ પણ ખોલાયુ નથી.



કોઇ સમય કોંગ્રેસ પાર્ટીની મતહિસ્સેદારી ૪૮ ટકા હતી જે ઘટીને હવે માત્ર ૪.૨૭ ટકા થઇ : ક્ષેત્રીય દળોના કારણે કોંગ્રેસની મુશ્કેલી વધી

દિલ્હીમાં હજુ સુધી યોજાયેલી સાત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની આ સૌથી કારમી હાર છે. આ વખતે તેની મત હિસ્સેદારી તો પાંચ ટકા કરતા નીચે રહી છે. કોઇ સમય ૪૮ ટકા સુધી કોંગ્રેસ પાર્ટીની મત હિસ્સેદારી હતી. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની હાલત છેલ્લી ચૂંટણી કરતા પણ વધારે ખરાબ થઇ છે. કારણ કે સતત બીજી વખત કોંગ્રેસ પાર્ટીને ખાતુ ખોલવામાં પણ સફળતા મળી નથી. બીજી બાજુ તેના ચૂંટણી મેદાનમાં ઉતરેલા ૭૦ ઉમેદવાર પૈકી ૬૩ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી દીધી છે. ભારતની સૌથી જુની પાર્ટીની આ પ્રકારની દુર્દશાને લઇને લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. કોંગ્રેસ પાર્ટીની હાલત દરેક વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ખરાબ હાલત થઇ રહી છે. પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષીતના નેતૃત્વમાં ૧૫ વર્ષ સુધી દિલ્હીમાં શાસન કરનાર કોંગ્રેસ પાર્ટીને જીત મેળવવામાં સફળતા મળી રહી નથી. તેને એક પણ સીટ મળી રહી નથી. ૨૦૧૫માં કોંગ્રેસ પાર્ટીને કોઇ સીટ મળી ન હતી. કોંગ્રેસ પાર્ટીને માત્ર પાંચ ટકા હિસ્સેદારી પણ મળી શકી નથી. દિલ્હીમાં મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે ફરી એકવાર જોરદાર સપાટો બોલાવીને પ્રચંડ જીત મેળવી હતી. કેજરીવાલે દિલ્હીમાં આખરે હેટ્રિક નોંધાવી હતી. આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૭૦ સીટો પૈકી મોટાભાગની સીટો જીતીને ફરી ઇતિહાસ રચ્યો હતો. ભારતીય જનતા પાર્ટીએ દિલ્હી ચૂંટણીમાં તમામ તાકાત લગાવી હોવા છતાં કેજરીવાલની રણનીતિને પછડાટ આપવામાં સફળતા મેળવી ન હતી અને માત્ર ૭ બેઠકથી સંતોષ માનવાની ફરજ પડી હતી. જો કે, ભાજપ માટે સારા સમાચાર એ રહ્યા છે કે, વર્ષ ૨૦૧૫ની સરખામણીમાં ભારતીય જનતા પાર્ટીની મત હિસ્સેદારીમાં ઉલ્લેખનીયરીતે વધારો થયો છે જ્યારે આમ આદમી પાર્ટીને મત હિસ્સેદારીના મામલામાં નુકસાન થયું છે. એએપીને ૨૦૧૫ની સરખામણીમાં આંશિક નુકસાન થયું છે. જો કે, કેજરીવાલની લોકપ્રિયતા દિલ્હીના લોકોમાં અભૂતપૂર્વ રહી છે અને આ બાબતની સાબિતી પરિણામથી મળી છે. આમ આદમી પાર્ટીએ ૬૨ સીટો પર જીત પર જીત મેળવી લીધી હતી જ્યારે ભાજપના આઠમાં ૮ સીટો આવી છે. કોંગ્રેસને ફરી એકવાર ખાતુ ખોલવામાં પણ સફળતા મળી નથી. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીએ હાર સ્વિકારી લીધી છે.

ફિલ્મી ગપસપ...



ટીવી એક્ટ્રેસ કામ્યા પંજાબીએ શલભ ડાંગ સાથે લગ્ન કર્યાં હતાં. બીજા દિવસે વેડિંગ રિસેપ્શન આપવામાં આવ્યું હતું. આ રિસેપ્શનની તસવીરો તથા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. કામ્યા ગ્રીન લહેંગા ચોલીમાં ઘણી જ સુંદર લાગતી હતી.

‘એબી આણિ સીડી’નું બજેટ ના વધે તે માટે બિગ બીએ પર્સનલ વોડ્રોબના કપડાં વાપર્યા

મુંબઈ

હાલમાં જ મરાઠી ફિલ્મ ‘એબી આણિ સીડી’નું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું હતું. ફિલ્મના પોસ્ટરમાં અમિતાભ બચ્ચન તથા વિક્રમ ગોખલે હતાં. મરાઠી ફિલ્મ્સનું બજેટ વધુ હોતું નથી અને આ વાતને ધ્યાનમાં લઈને અમિતાભે ફિલ્મના શૂટિંગ દરમિયાન પોતાના પર્સનલ વોડ્રોબમાંથી કપડાં પહેર્યાં હતાં. બિગ બી માનતા હતાં કે આનાથી બજેટ પર એકસ્ટ્રા લોડ પડશે નહીં.



ફિલ્મના પ્રોડ્યૂસર અક્ષય બરદાપુરકરે આ વાતનો ખુલાસો કર્યો હતો. અક્ષયે કહ્યું હતું કે જ્યારે તેમણે બિગ બીને પૂછ્યું કે તેમના આઉટફિટ માટે ડિઝાઈનર ક્યારે માપ લેવા માટે આવે? તો અમિતાભે કહ્યું હતું કે તમે ચિંતા ના કરો. તે પોતાના કપડાં લઈને આવશે. શૂટિંગના પહેલાં દિવસે અમિતાભ ૨૦ જોડી કપડાં વેનિટી વેનમાં લઈને આવ્યા હતાં. તેમણે ટીમને કહ્યું હતું કે આમાંથી શૂટિંગ માટે જે યોગ્ય લાગે તેની પસંદગી કરી લો.

અક્ષય કુમારની ‘અતરંગી રે’નું શૂટિંગ બિહાર અને મદુરાઈમાં થશે

મુંબઈ

અક્ષય કુમાર, સારા અલી ખાન અને ધનુષ સ્ટારર ફિલ્મ ‘અતરંગી રે’નું શૂટિંગ શરૂ થવાનું છે. ફિલ્મની ટીમ બિહાર અને મદુરાઈમાં શૂટિંગ શરૂ કરવાની છે. આ ૮૦-૯૦ દિવસનું શેડ્યુઅલ ૧ માર્ચથી શરૂ થશે. અક્ષય કુમાર મિડ એપ્રિલથી ટીમને જોઈન કરશે. ફિલ્મનું મ્યુઝિક એ. આર. રહેમાન આપશે. આ ફિલ્મ આવતા વર્ષે વેલેન્ટાઈન ડે પર રિલીઝ થવાની છે.



બોલીવુડના અભિનેતા વિકી કૌશલ અને જાન્હવી કપૂરે મુંબઈના લેક્મે ફેશન વીક સમર રિસોર્ટ ૨૦૨૦ માં જેન-નેક્સ્ટ ડિઝાઈનર્સના સંગ્રહને દર્શાવતા એક ફેશન શો દરમિયાન રેમ્પ વોક કર્યો હતો.

૮૪ વર્ષીય ધર્મેન્દ્ર વેલેન્ટાઈન ડેના દિવસે ‘હી-મેન’ રેસ્ટોરાં શરૂ કરશે



મુંબઈ

બોલિવૂડ દિગ્ગજ ધર્મેન્દ્ર ‘ગરમ ધરમ’ બાદ હવે ‘હી-મેન’ કરીને નવી ઈટરી શરૂ કરવાના છે. આ નવી ઈટરી વેલેન્ટાઈન ડે એટલે કે ૧૪ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૩૦ વાગે હરિયાણામાં કર્નલ હાઈવે સ્થિત ઓપન થશે. ૮૪ વર્ષીય ધર્મેન્દ્રે સોશિયલ મીડિયામાં પોતાની નવી ઈટરીની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું, ડિઅર ફ્રેન્ડ્સ, ‘ગરમ ધરમ ઢાબા’ની સફળતા બાદ હવે હું પહેલી જ વાર ફાર્મ ટૂ ફોર્ક રેસ્ટોરાં ‘હી મેન’ની જાહેરાત કરું છું.

થોડાં વર્ષ પહેલાં ધર્મેન્દ્રે નવી દિલ્હીના કનોટ પેલેસમાં ‘ગરમ ધરમ ઢાબા’ કરીને રેસ્ટોરાં શરૂ કર્યું હતું. તેમની સાથે પાર્ટનર તરીકે ઉમંગ તિવારી છે. ઉમંગ તિવારી ‘ધ વોલ્ટ કાફે’ તથા ‘કાફે આઉટ ઓફ ધ બોક્સ’ જેવી બ્રાન્ડ્સના માલિક છે.

ધર્મેન્દ્ર, સની દેઓલ તથા બોબી દેઓલનું લોનાવાલા સ્થિત ૧૦૦ એકરમાં ફેલાયેલું ફાર્મહાઉસ છે. દેઓલ પરિવાર અહીંયા ૩૦ કોટેજ રિસોર્ટ શરૂ કરવાનું વિચારે છે.

પૂર્વ મિસ યુનિવર્સ સુષ્મિતા સેન વેબ સીરિઝ ‘આર્યા’થી કમબેક કરશે

રાજકોટ

ગયા વર્ષે ડિસેમ્બરમાં સુષ્મિતા સેને ઈન્સ્ટાગ્રામ પેજ પર એક દાયકા બાદ સ્ક્રીન પર પરત ફરવાની જાહેરાત કરી હતી. સુષ્મિતાએ ઈમોશનલ મેસેજ શેર કરીને કહ્યું હતું કે તે હંમેશા એ વાત જાણે છે કે પ્રેમમાં ધીરજ જરૂરી છે. આ એક વાત તેને તેના ચાહકોની પણ ચાહક બનાવે છે. તેમણે ૧૦ વર્ષથી તે સ્ક્રીન પર ક્યારેય પરત ફરે, તેની રાહ જોઈ અને તેની દરેક બાબતમાં પ્રોત્સાહન આપ્યું. સુષ્મિતા સેન વેબ સીરિઝ ‘આર્યા’થી કમબેક કરી રહી છે. સુષ્મિતાની વેબ સીરિઝ ‘આર્યા’ ૨૯ માર્ચથી ડિઝની પ્લસ હોટસ્ટાર પર સ્ટ્રીમ થશે. આ શો રાજસ્થાનના બેકડ્રોપ પર આધારિત થશે. સુષ્મિતાએ ગયા વર્ષે આ સીરિઝનું શૂટિંગ રાજસ્થાનમાં કર્યું હતું. આ સીરિઝને રામ માધવાણીએ ડિરેક્ટ કરી છે. સીરિઝમાં સુષ્મિતા સેન આર્યાનું પાત્ર ભજવશે. સુષ્મિતા સેન છેલ્લે વર્ષ ૨૦૧૦માં હિંદી ફિલ્મ ‘નો પ્રોબ્લેમ’માં જોવા મળી હતી. વર્ષ ૨૦૧૫માં બંગાળી ફિલ્મ ‘નિર્બાક’માં જોવા મળી હતી. આ ફિલ્મથી સુષ્મિતાએ બંગાળી ડેબ્યૂ કર્યું હતું.

કાશ્મીર મુદ્દો ઉઠાવવા પર પાક આર્મીને ફંડ મળે છે: અદનાન સામી

મુંબઈ

વર્ષ ૨૦૧૬માં પાકિસ્તાનથી ભારતના નાગરિક બનેલા અદનાન સામીના મતે જો કાશ્મીર મુદ્દો ઉકેલાઈ જાય તો પાકિસ્તાન આર્મીનું ફંડિંગ બંધ થઈ જશે. અદનાને આ મુદ્દે વાત કરી હતી. હાલમાં જ તેનું ‘તુ યાદ આયા’ ગીત રિલીઝ થયું છે.

અદનાને કહ્યું હતું કે કાશ્મીર જેવા મુદ્દાઓને લઈ ભારત-પાકિસ્તાનની વચ્ચે હંમેશાં તણાવ રહ્યો છે. બંને દેશોની વચ્ચે કેમ કાયમી રીતે શાંતિ નથી સ્થપાતી? આનો જવાબ ૬૦-૭૦ વર્ષથી શોધવામાં આવી રહ્યો છે, જે રાજકારણ કરતાં આર્મી સાથે વધુ સંકળાયેલો છે. ખાસ કરીને પાકિસ્તાની આર્મી સાથે. તેને કાશ્મીર મુદ્દો ઉઠાવવા પર ફંડ મળે છે.

જે દિવસે કાશ્મીર મુદ્દો ઉકેલાઈ જશે, તે દિવસે તેમનું ફંડિંગ અટકી જશે. જો તમે ઘટનાક્રમને સમજવાનો પ્રયાસ કરશો તો જ્યારે-જ્યારે રાજનેતાઓએ, બંને દેશોની સરકારોએ શાંતિ સ્થાપવાના પ્રયાસ કર્યો ત્યારે હુમલો થયો જ છે. ક્યારેક કારગિલ તો ક્યારેક પુલવામા થાય છે.

ફિલ્મ એક્ટર શહબાઝ ખાન વિરુદ્ધ છેડતીની ફરિયાદ નોંધાઈ

મુંબઈ

ટીવી અને ફિલ્મ એક્ટર શહબાઝ ખાન વિરુદ્ધ મુંબઈના ઓશિવરા પોલીસ સ્ટેશનમાં છેડતીનો કેસ ફાઈલ થયો છે. ટીનેજર ગર્લ સાથે છેડછાડ કરવા બદલ ઈન્ડિયન પીનલ કોડના સેક્શન ૩૫૪ (છેડછાડ) અને સેક્શન ૫૦૯ હેઠળ કેસ ફાઈલ થયો છે. કેસની તપાસ હાલ ચાલી રહી છે અને એક્ટરને કસ્ટડીમાં હજુ લેવાયો નથી.



શહબાઝ ખાનનું જન્મ સમયે નામ હૈદર ખાન હતું. તે નેગેટિવ રોલ કરવા માટે ફેમસ છે. તેણે ‘મહારાણા પ્રતાપ’, ‘ચંદ્રકાંતા’, ‘પૃથ્વીરાજ ચૌહાણ’, ‘ધ ગ્રેટ મરાઠા’ જેવી ટીવી સિરિયલમાં કામ કર્યું છે. ઉપરાંત હાલ ‘ફિર લૌટ આયી નાગિન’ સીરિયલમાં તે કાસ્ટ થયેલ છે. ‘એજન્ટ વિનોદ’, ‘વીર’, ‘ધ હીરોઃ લવ સ્ટોરી ઓફ અ સ્પાય’, ‘રાજુ ચાચા’ અને ‘ઈન્ટરનેશનલ ખિલાડી’ જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું છે

રમત જગત વિશેષ



ન્યુયોર્કમાં ૧૪૪ મી વેસ્ટમિંસ્ટર કેનલ ક્લબ ડોગ શો દરમિયાન બેસ્ટ ઈન શો માટે સ્પર્ધા કરે છે.

ચારેય મેચ લાહોરમાં રમાશે, પહેલી ટી-૨૦ મેચ ૧૪ ફેબ્રુઆરીએ રમાશે

MCC-૧૧ પાકિસ્તાનમાં રમાશે, સંગાકારા સુકાનપદ સંભાળશે

લાહોર

પાકિસ્તાનના લાહોરમાં ૧૪ ફેબ્રુઆરીથી ક્રિકેટ નિયમોને સંભાળનાર મેરીલબોન ક્રિકેટ ક્લબની પ્લેઈંગ ૧૧ એક વનડે અને ત્રણ ટી-૨૦ રમશે. એમસીસીની ટીમ ૪૮ વર્ષ પછી પાકિસ્તાનમાં રમશે. પાકિસ્તાન સુપર લીગની ટીમ લાહોર કલંદર ટી-૨૦માં પોતાની ટીમ ઉતારશે. તેમની ટીમમાં શાહીન આફ્રિદી અને ફકર ઝમાન રમી શકે છે. એમસીસીની ટીમ પાકિસ્તાન




શાહિન્સ, નોર્દર્ન અને મુલતાન સુલ્તાન સામે પણ રમશે.

એમસીસીની ટીમ છેલ્લે ૧૯૭૩માં પાકિસ્તાનના પ્રવાસે ગઈ હતી. આ પ્રવાસમાં પહેલી મેચ ૧૪ ફેબ્રુઆરીએ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં કલંદર સામે રમશે. તે પછી ૧૬ ફેબ્રુઆરીએ શાહિન્સ સામે વનડે રમશે. ૧૭ ફેબ્રુઆરીએ નોર્દર્ન સામે બીજી ટી-૨૦ અને ૧૯ ફેબ્રુઆરીએ ત્રીજી મુલતાન સુલ્તાન સામે રમશે.

એમસીસીના પ્રમુખ કુમાર સંગાકારાના નેતૃત્વમાં ૧૨ સદસ્યની ટીમ પાકિસ્તાન જશે. તેમાં રવિ બોપારા, વાન ડર મર્વે અને રોસ વિટલી જેવા ખેલાડીઓ પણ રમશે. એમસીસીના કોચ અજમલ શહેઝાદે કહ્યું કે, "પાકિસ્તાનનો આ પ્રવાસ મહત્ત્વપૂર્ણ ઘટના બની રહેશે. અમને આશા છે કે આ પ્રવાસથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ઈન્ટરનેશનલ ટીમોને પોતાના દેશમાં ક્રિકેટ રમવા માટે આમંત્રણ આપી શકશે. એમસીસી ઈલેવનઃ કુમાર સંગાકરા (કેપ્ટન), રવિ બોપારા, માઈકલ બર્જીસ, ઓલિવર હેનોન ડાલ્બી, ફ્રેન્ડ કલાસન, માઈકલ લીસ્ક, એરોન લિલી, ઈમરાન કય્યુમ, વિલ રોડ્સ, સફાયન શરીફ, રેલોફ વાન ડર મર્વે અને રોસ વિટલી

ન્યૂઝીલેન્ડ સામેની સીરિઝમાં...

આઈસીસી રેંકિંગઃ બુમરાહે વર્લ્ડ નંબર-૧ વનડે બોલરનો તાજ ગુમાવ્યો



દુબઈ

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ જાહેર કરેલા વનડે રેંકિંગમાં એક સ્થાનનું નુકસાન થયું છે. તે હવે ૭૧૯ પોઈન્ટ્સ સાથે વર્લ્ડ નંબર ૨ બોલર છે. ન્યૂઝીલેન્ડનો ટ્રેન્ટ બોલ્ટ ૭૨૭ પોઈન્ટ્સ સાથે નંબર ૧ બોલર બન્યો છે. કિવિઝ સામેની સીરિઝમાં ખરાબ દેખાવથી બુમરાહના પોઈન્ટ્સ ઘટ્યા છે. તે ત્રણ વનડેની સીરિઝમાં એકપણ વિકેટ ઝડપી શક્યો નહોતો. ન્યૂઝીલેન્ડે સીરિઝમાં ભારતનો વ્હાઈટવોશ કર્યો હતો.

અફઘાનિસ્તાનનો મુજિબ ઉર રહેમાન અને દક્ષિણ આફ્રિકાનો કગીસો રબાડા અનુક્રમે ત્રીજા અને ચોથા સ્થાને છે. ઓસ્ટ્રેલિયાનો પેટ કમિન્સ પાંચમા સ્થાને છે. ઈંગ્લેન્ડનો ક્રિસ વોક્સ, પાકિસ્તાનનો મોહમ્મદ આમિર અને ઓસ્ટ્રેલિયાનો મિચેલ સ્ટાર્ક અનુક્રમે ૬, ૭ અને ૮મા સ્થાને છે. નવમા અને દસમા સ્થાને ન્યૂઝીલેન્ડના મેટ હેનરી અને લોકી ફર્ગ્યુસન છે.

ટોપ-૫ બોલર્સઃ

ક્રમ	પ્લેયર	દેશ	પોઈન્ટ્સ
૧	ટ્રેન્ટ બોલ્ટ	ન્યૂઝીલેન્ડ	૭૨૭
૨	જસપ્રીત બુમરાહ	ભારત	૭૧૯
૩	મુજિબ ઉર રહેમાન	અફઘાનિસ્તાન	૭૦૧
૪	કગીસો રબાડા	દક્ષિણ આફ્રિકા	૬૭૪
૫	પેટ કમિન્સ	ઓસ્ટ્રેલિયા	૬૭૩

ગાયકવાડે કહ્યું કે, બુમરાહ જેવા વર્લ્ડ ક્લાસ બોલર માટે રિધમ મેળવી ક્યારેય અઘરી નથી હોતી. તેની કક્ષાના પ્લેયર માટે સૌથી પહેલા એ કહેવું જરૂરી છે કે, ફોર્મ ઈઝ ટેમ્પરરી, ક્લાસ ઈઝ પર્મનન્ટ. આજના સમયમાં વનડે અને ટી-૨૦માં કેટલી વિકેટ્સ લીધી તેના કરતા વધુ મહત્ત્વનું એ છે કે વિરોધી બેટ્સમેન પર કઈ રીતે દબાણ ઉભું કર્યું. બુમરાહે ઈજામાંથી પરત ફરીને સારી બોલિંગ જ કરી છે. તેમજ પોતાના વેરિએશન (વિવિધતા)નો સારી રીતે ઉપયોગ કર્યો છે. ઘણીવાર એવું થતું હોય છે કે, તમારા દિવસો ન ચાલતા હોય તો ગમે તેટલી સારી બોલિંગ ભલેને કરો, વિકેટ મળતી જ નથી.

ઈજાગ્રસ્ત મેક્સવેલ IPLની શરૂઆતની મેચો નહિ રમે..?!!, દ. આફ્રિકા પ્રવાસમાંથી આઉટ



મેલબર્ન

ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ કોણીની ઈજાના લીધે કાંગારુંના દક્ષિણ આફ્રિકા પ્રવાસમાંથી બહાર થઈ ગયો છે. તેને ૩ વનડે અને ૩ ટી-૨૦ સીરિઝ માટેની બંને ટીમમાં સ્થાન મળ્યું હતું. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ બુધવારે કંફર્મ કરતા કહ્યું કે, ઓપનર ડાર્સી શોર્ટે તેને રિપ્લેસ કર્યો છે. મેક્સવેલને બિગ બેશ લીગમાં ડાબી કોણીમાં ઈજા થઈ હતી. છેલ્લા ૨-૩ દિવસથી દુખાવો વધતા તેના સ્કેન કરવામાં આવ્યા હતા. તેને હવે સર્જરી કરાવવી પડશે અને ૬થી ૮ અઠવાડિયા માટે ક્રિકેટથી દૂર રહેશે. ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૯ માર્ચથી શરૂ થવાની હોવાથી મેક્સવેલ શરૂઆતની મેચોમાં ભાગ નહીં લે તેવી પ્રબળ સંભાવના છે.

મેક્સવેલે ગયા વર્ષે ઓક્ટોબરમાં ક્રિકેટમાંથી થોડા સમય માટે બ્રેક લીધો હતો. તેણે માસિક સ્વાસ્થ્ય સમસ્યાઓને જોતા આ નિર્ણય લીધો હતો. તેણે તે સમયે શ્રીલંકા સામેની ટી-૨૦ સીરિઝની પ્રથમ મેચમાં ૨૮ બોલમાં ૬૨ રન કર્યા હતા. તેની આ આક્રમક રમતને લીધે જ ઓસ્ટ્રેલિયા ૧૩૪ રને જીત્યું હતું. જોકે ત્યારબાદ તે ઈન્ટરનેશનલ ક્રિકેટ રમ્યો નથી. તેણે તાજેતરમાં બિગ બેશમાં સારો દેખાવ કરતા ૩ ફિફ્ટી સહિત ૩૯.૮૦ની એવરેજથી ૩૯૮ રન કર્યા હતા. તેની ટીમ મેલબોર્ન સ્ટાર્સ રનરઅપ રહી હતી.

ભારત-પાકિસ્તાનની સીરિઝ એશિઝ કરતા પણ મોટી: આફ્રિદી

કરાંચી

ભારતના પૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહ અને પાકિસ્તાનના પૂર્વ કપ્તાન શાહિદ આફ્રિદીનું માનવું છે કે ભારત-પાકિસ્તાન જેટલું વધારે રમે તેટલું ક્રિકેટ માટે સારું છે. યુવરાજે કહ્યું કે, "અમે રમત પ્રત્યેના પ્રેમ માટે ક્રિકેટ રમીએ છીએ. અમે નક્કી ન કરી શકીએ કે અમારે કોની સામે રમવું છે. હું કહીશ કે ભારત અને પાકિસ્તાનની વધુ મેચો રમત માટે સારી છે."

યુવરાજે વધુ ઉમેરતા કહ્યું કે, "મને એ દિવસો યાદ છે જ્યારે હું પાકિસ્તાન સામે ૨૦૦૪, ૨૦૦૬ અને ૨૦૦૮ની બાઈલેટરલ સીરિઝમાં રમ્યો હતો. હવે ભારત-પાકિસ્તાનની મેચો થતી નથી, પરંતુ તે અમારા (સ્પોર્ટ્સપર્સનના) હાથમાં નથી." આફ્રિદીએ કહ્યું કે, જો ભારત-પાકિસ્તાન વચ્ચે સીરિઝ રમવામાં આવે તો તે એશિઝ કરતા પણ મોટી શ્રેણી સાબિત થાય. જોકે હવે બંને દેશ રમતું નથી. આપણે પોલિટિક્સને રમતમાં આવવા દઈએ છીએ. મારુ માનવું છે ભારત-પાકિસ્તાને સાથે બેસીને આ અંગે ચર્ચા કરવી જોઈએ.

અંડર-૧૯ વર્લ્ડ કપ : પૂર્વ કેપ્ટન કપિલ અને અઝહરુદીને કહ્યું...

ગેરવર્તન કરનાર ભારતીય ખેલાડીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ

ન્યુ દિલ્હી

પૂર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવ અને મોહમ્મદ અઝહરુદ્દીને બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયાને માંગ કરી છે કે, તેઓ અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં બાંગ્લાદેશના ખેલાડી સાથે ખરાબ વર્તન કરનાર ભારતીય ખેલાડીઓ સામે કડક કાર્યવાહી કરે. કપિલે કહ્યું કે, "હું બીસીસીઆઈને ખેલાડીઓ સામે કડક પગલાં લેતાં જોવા માગું છું. ક્રિકેટ વિરોધી ટીમના ખેલાડીઓને ગાળી આપવાની રમત નથી, આવો વ્યવહાર પણ સ્વીકાર્ય નથી. હું રમતમાં ઝનૂન અને આક્રમકતાનું સ્વાગત કરું છું. તેમાં કઈ ખોટું નથી. પરંતુ ખેલાડીઓને તેમની મર્યાદા ખબર હોવી જોઈએ. ગ્રાઉન્ડ પર આવો વ્યવહાર થવો જોઈએ નહીં." અઝહરુદીને કહ્યું કે, "હું ગ્રાઉન્ડ પર ખરાબ વ્યવહાર કરનાર ભારતીય ખેલાડીઓ સામે કારવાઈ કરત. હું એ જાણવા માંગુ છું કે આખી ઘટના દરમિયાન સપોર્ટ સ્ટાફ શું કરી રહ્યો હતો? તેઓ ખેલાડીઓને આ બધી બાબતોથી દૂર રાખવા શું કરે છે તે જાણવું અગત્યનું છે.

દિલ્હી મહિલા કોંગ્રેસના અધ્યક્ષે આપની જીત થતા કોંગ્રેસની ખુશી પર કટાક્ષ કર્યો

શું કોંગ્રેસે પોતાની દુકાન બંધ કરી દેવી જોઈએ? : શર્મિષ્ઠા મુખર્જી

ન્યુ દિલ્હી

દિલ્હી મહિલા કોંગ્રેસના અધ્યક્ષ અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના દીકરી શર્મિષ્ઠા મુખર્જીએ આમ આદમી પાર્ટીની જીત થતા કોંગ્રેસની ખુશી પર કટાક્ષ કર્યો છે. પૂર્વ નાણાંમંત્રી અને કોંગ્રેસના નેતા પી.ચિદમ્બરમના ટ્વીટને રી-ટ્વીટ કરતાં શર્મિષ્ઠાએ પૂછ્યું કે શું કોંગ્રેસે પોતાની દુકાન બંધ કરી દેવી જોઈએ?

આમ આદમી પાર્ટીને જીતના ચિદમ્બરમ તરફથી અભિનંદન પાઠવવાળા ટ્વીટને પોતાના ઓફિશિયલ હેન્ડલ પરથી રી-ટ્વીટ કરતાં શર્મિષ્ઠાએ કહ્યું કે, 'સર, ઉચિત સમ્માનની સાથે બસ એટલું જ જાણવા માંગીશ કે શું કોંગ્રેસ પાર્ટી રાજ્યોમાં ભાજપને હરાવા માટે ક્ષેત્રીય દળોને આઉટસોર્સ કરી રહી છે? જો નથી તો પછી આપણે આપણી હાર પર મંથન કરવાની જગ્યાએ આપની જીત પર ગર્વ કેમ કરી રહ્યા છીએ? અને જો આમ છે તો આપણે (પ્રદેશ કોંગ્રેસ કમિટી) સંભવતઃ પોતાની દુકાન બંધ કરી દેવી જોઈએ'. દિલ્હીમાં કોંગ્રેસનું ખાતું ના ખૂલવા પર ટ્વીટ કરતાં શર્મિષ્ઠાએ કહ્યું કે આપણે દિલ્હીમાં ફરી હારી ગયા. આત્મમંથન ખૂબ થયું હવે કાર્યવાહીનો સમય છે. ટોચના સ્તર પર નિર્ણય લેવામાં મોડું, રાજ્ય સ્તર પર રણનીતિ અને એકજૂથતાનો અભાવ, કાર્યકર્તાઓ નિરૂત્સાહ, નીચલા સ્તરથી સંવાદ ના થવો હારનું કારણ છે. હું મારા હિસ્સાની જવાબદારી સ્વીકારું છું. જો દિલ્હી વિભાજનકારી રાજનીતિ કરી રહ્યું છે, કેજરીવાલ સ્માર્ટ પોલિટિક્સ કરી રહ્યા છે તો આપણે શું કરી રહ્યા છીએ? શું આપણે ઈમાનદારીથી કહી શકીએ છીએ કે આપણે ઘરને સંભાળવા માટે પૂરો પ્રયાસ કર્યો હતો? આપણે કોંગ્રેસને જ કેપ્ચર કરવામાં લાગ્યા હતા જ્યારે બાકી પક્ષ ભારતને કેપ્ચર કરી રહ્યું હતું. શર્મિષ્ઠા દિલ્હી મહિલા કોંગ્રેસના પ્રમુખ પણ છે.

વિજયવર્ગીયનો કેજરીવાલને ટોણોઃ 'સ્કુલ-મદરેસામા હનુમાન ચાલીસા ભણાવો'

ન્યુ દિલ્હી

દિલ્હીમા આમ આદમી પાર્ટીની ભારે બહુમતીથી થયેલી જીતના કારણે અરવિંદ કેજરીવાલની ચારેતરફ પ્રશંસા થઇ રહી છે.

વિપક્ષના તમામ નેતા તેમજ બીજેપીના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયએ કેજરીવાલ પર કટાક્ષ કરતા કહ્યુ કે, દિલ્હીની સ્કુલ અને મદરેસામા હનુમાન ચાલીસાના પાઠ શરૂ કરાવો જ્યારે કેજરીવાલ હનુમાનની કૃપાથી ચૂંટણી જીત્યા તો દિલ્હીના બાળકો બજરંગબલીની કૃપાથી શું કામ વંચિત રહે.

આ બાબતે કૈલાશ વિજયવર્ગીયએ ટ્વીટમા લખ્યુ કે, અરવિંદ કેજરીવાલને જીતની ખૂબ ખૂબ શુભેચ્છા. જે હનુમાનજીના શરણમા જાય છે, તેને નિશ્ચિત રૂપે તેના આશિષ મળે છે. હવે સમય આવી ગયો છે કે, હનુમાન ચાલીસાના પાઠ દિલ્હીની બધી જ સ્કૂલ, મદરેસા તેમજ તમામ શૈક્ષણિક સંસ્થાઓમા પણ કરાવવામા આવે.

ઘરમાંથી એક જ પરિવારના ૫ સભ્યોના મૃતદેહ મળી આવતા હાહાકાર

ન્યુ દિલ્હી

ઉત્તર-પૂર્વ દિલ્હીના ભજપુરા વિસ્તારના એક ઘરમાંથી બુધવારે એક જ પરિવારના પાંચ સભ્યોની લાશ મળી આવી છે. જેમાંથી ત્રણ મૃતદેહ પુરુષોના જ્યારે બે મહિલાઓના છે. પોલીસે જણાવ્યું કે, તેમણે સવારે સાડા ૧૧ વાગ્યે અહીંયાના એક ઘરમાંથી તીવ્ર વાસ આવવાની સૂચના મળી હતી. ત્યારબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને દરવાજો તોડીને અંદર ગઈ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ મૃતદેહો છેલ્લા ઘણા દિવસોથી બંધ હતી. જેના કારણે તીવ્ર વાસ આવી રહી હતી. જેમના મોતનું કારણ હજુ સુધી અકબંધ છે. ઘટનાસ્થળેથી કોઈ નોટ પણ મળી આવી નથી. તમામ લાશોને પોસ્ટમાર્ટમ માટે મોકલી દેવાઈ છે.

શેર બજારમાં તેજીનો માહોલ... સેન્સેક્સ ૩૫૦ પોઈન્ટ અને નિફ્ટી ૯૩ના વધારા સાથે બંધ

મુંબઈ

બુધવારે ભારતીય શેર બજાર મોટા વધારા સાથે બંધ થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક સેન્સેક્સ ૩૪૯.૭૬ પોઈન્ટના વધારા સાથે ૪૧,૫૬૫.૯૦ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક નિફ્ટી ૯૩.૩૦ પોઈન્ટના વધારા સાથે ૧૨,૨૦૧.૨૦ પર બંધ થયા હતા. નિફ્ટીના ૫૦ શેરોમાં ૩૩ શેર લીલા નિશાન પર રહ્યાં જ્યારે ૧૬ લાલ નિશાન અને એક શેરમાં કોઈ ફેરફાર થયા વિના બંધ થયા હતા.

શેર બજાર બુધવારે મોટા વધારા સાથે ખુલ્યું હતું. સેન્સેક્સ આજે ૧૧૪.૭૧ પોઈન્ટના વધારા સાથે ૪૧,૩૩૦.૮૫ પર ખુલ્યો હતો. નિફ્ટી આજે ૪૩.૧૦ પોઈન્ટના વધારા સાથે ૧૨,૧૫૧.૦૦ ની સપાટી પર ખુલ્યો હતો.

આજે દિવસભરના કારોબાર દરમિયાન સેન્સેક્સ ૪૧,૬૭૧.૮૬ પોઈન્ટની ઉપરની સપાટી સુધી ગયો તો એકવાર તે ૪૧,૩૩૦.૮૫ પોઈન્ટના નીચલા સ્તર પર કારોબાર કરતો જોવા મળ્યો હતો.

૨૫ દેશોના પ્રતિનિધિઓની કાશ્મીર મુલાકાત, ઘાટીના સભ્યોની હાલની સ્થિતિની સમીક્ષા કરશે

શ્રીનગર

જર્મની, કેનેડા, ફ્રાન્સ અને અફઘાનિસ્તાન સહિત ૨૫ દેશોના ડેલિગેટ્સ બુધવારે જમ્મુ-કાશ્મીર પહોંચ્યા છે. તેઓ અહીંયા અનુચ્છેદ ૩૭૦ હટાવાયાના ૬ મહિના બાદ સ્થિતિની સમીક્ષા કરવા માટે આવ્યા છે. ગત મહિને અમેરિકન રાજદૂતના નેતૃત્વમાં ૧૫ ડેલિગેટ્સે કાશ્મીરની મુલાકાત લીધી હતી. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, આ વખત યૂરોપિયન યૂનિયન સાથે ખાડી દેશોના ડેલિગેટ્સ જમ્મુ-કાશ્મીર પહોંચ્યા છે.

સ્થાનિક મીડિયા રિપોર્ટ પ્રમાણે, પ્રતિનિધિમંડળ શ્રીનગર પહોંચ્યા પહેલા ઉત્તર કાશ્મીરમાં ફળ ઉત્પાદકો સાથે મુલાકાત કરશે. ત્યાં તેઓ મીડિયા, સામાજિક સમૂહો અને જમ્મુ-કાશ્મીરના રાજનેતાઓ સાથે મુલાકાત કરશે. આ દરમિયાન ભારતીય સેના પ્રતિનિધિમંડળને ઘાટીમાં સુરક્ષાની સ્થિતિ વિશે જણાવશે. સાથે જ નવા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પાકિસ્તાન કેવી રીતે આંતકવાદને પ્રોત્સાહન આપી રહ્યો છે, તેના વિશે પણ જણાવવામાં આવશે. ડેલિગેટ્સની નવી બેંચમાં પોલેન્ડ, બુલ્ગારિયા અને ચેક ગણરાજ્યના યૂરોપિયન સંઘના પ્રતિનિધિ પણ સામેલ છે.

ગત વખતની મુલાકાતમાં યૂરોપિયન પ્રતિનિધિમંડળે કાશ્મીરની મુલાકાતે જવા માટે ઈકાર કરી દીધો હતો. તેમના કહ્યાં પ્રમાણે તે 'ગાઈડેડ ટૂર'ના પક્ષમાં નથી અને તેઓ પછી ત્યાં જશે. જેના કારણે ગત વખતની મુલાકાતમાં અમેરિકન રાજદૂત કેનેથ જસ્ટર સહિત બાંગ્લાદેશ, વિયતનામ, નોર્વે, માલદીવ, દક્ષિણ કોરિયાસ મોરક્કો, નાઈઝીરિયા અને અન્ય દેશોના ડેલિગેટ્સ કાશ્મીર ગયા હતા. ઈયુના ડેલિગેટ્સે કહ્યું હતું કે તે પોતાની મરજીથી પસંદ કરેલા નેતાઓને મળવા માંગે છે. એટલા માટે તે પછી કાશ્મીર જશે.



ઓડિશાના પુરીમાં અરવિંદ કેજરીવાલની આગેવાનીવાળી આમ આદમી પાર્ટીએ દિલ્હી રાજ્યની વિધાનસભાની ચૂંટણી જીત્યા બાદ કલાકાર માનસ સહુ દ્વારા બનાવવામાં આવેલ રેતીનું શિલ્પ.

કોરોના વાઈરસનો કહેરઃ ૫૦ વર્ષના એક શખ્સે ડરના માર્યા આપઘાત કરી લીધો

ચિત્તુર

ચીનના વુહાનથી દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસના ભારતમાં માત્ર ત્રણ કેસ જોવા મળ્યા છે પરંતુ વાયરસના સંક્રમણને લઈ લોકોમાં ખોફનો માહોલ છે. આંધ્રપ્રદેશમાં ૫૦ વર્ષના એક શખ્સે કોરોના વાયરસથી સંક્રમિત થવાની શંકા પર ફાંસીનો ફંદો ખાઈ જીવન ટૂંકાવી દીધું. કહેવાય છે કે તેમને પોતાની પત્ની અને બાળકને સંક્રમણથી બચાવા માટે આ પગલું ઉઠાવ્યું.

મૃતકની ઓળખ ચિત્તુરના રહેવાસી બાલા કૃષ્ણાહદ તરીકે થઈ છે. કૃષ્ણાના પરિવારના લોકોએ કહ્યું કે વાયરલ ફીવર હોવા દરમ્યાન તેમણે ઈન્ટરનેટ પર કોરોના વાયરસથી સંબંધિત વીડિયો જોયો હતો. ત્યારબાદથી તેમને એવું લાગતું હતું કે તેઓ કોરોનાથી સંક્રમિત છે. કૃષ્ણાએ પોતાના પરિવારોના સભ્યોને ઘરમાં બંધ કરી દીધા અને પોતાની માતાની કબ્ર પર જતા રહ્યા.

ત્યારબાદ કૃષ્ણાના પત્ની લક્ષ્મી દેવીએ શોરબકોર કરતા પાડોશીઓએ આવીને ઘરનો દરવાજો ખોલ્યો પરંતુ ત્યાં સુધી તો બહુ મોડું થઈ ચૂકયું હતું. લક્ષ્મી દેવી અને અન્ય લોકો જ્યાં સુધી ભાગીને કૃષ્ણાની માતાના કબ્ર સુધી પહોંચ્યા તો તેમણે એક ઝાડ પર લટકી પોતાને ફાંસીએ ચઢાવી દીધા હતા. કહેવાય છે કે તિરૂપતિના ડૉકટર્સે જ્યારે તેમણે મૃતક કૃષ્ણાની તપાસ કરી તો તેમણે કોરોનાના કોઈ લક્ષણ મળ્યા નહીં. ડૉકટર્સે કહ્યું કે તેઓ સામાન્ય વાયરલ ફીવરથી પીડિત હતા. આંધ્રપ્રદેશમાં કોરોના વાયરસનો એક પણ કિસ્સો સામે આવ્યો નથી.

અમદાવાદ એરપોર્ટથી મોટેરા સુધી ૫૦-૭૦ લાખ લોકો અમને આવકારશે : ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પહેલી જ વાર ભારતની સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. આ મહિનાની ૨૪-૨૫ તારીખે તેઓ નવી દિલ્હી અને અમદાવાદની પણ મુલાકાતે આવશે. એમની સાથે એમના પત્ની મેલાનિયા પણ હશે. તરણજીત સિંહ સંધુએ અમેરિકા સ્થિત નવા ભારતીય રાજદૂત તરીકેનો હોદ્દો સંભાળી લીધા બાદ ટ્રમ્પની ભારત મુલાકાત નિશ્ચિત કરવામાં આવી છે.

નવી દિલ્હી, ખાસ કરીને અમદાવાદની સૂચિત મુલાકાત વિશે ટ્રમ્પ બહુ ઉત્સાહિત છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં એમણે કહ્યું હતું કે, 'હું ભારત જઈ રહ્યો છું. પીએમ મોદીનું કહેવું છે કે ૫૦-૭૦ લાખ લોકો આપણને અમદાવાદમાં આવકારવા માટે હાજર રહેશે. અમદાવાદ એરપોર્ટથી મોટેરા સ્ટેડિયમ સુધી આપણી સાથે રહેશે.' ટ્રમ્પની મુલાકાત દરમિયાન બંને દેશ વચ્ચે વ્યાપાર કરાર થાય એવી ધારણા રખાય છે.

ઉલ્લેખનીય છે કે અમેરિકાની વિદેશ નીતિના મામલે ટ્રમ્પે એમના પુરોગામી બરાક ઓબામાનું જ અનુસરણ કરવાનું પસંદ કર્યું છે અને ઈન્ડો-પેસિફિક વિસ્તારના દેશોમાં ભારતને અમેરિકાનો વ્યૂહાત્મક ભાગીદાર ગણાવ્યો છે.

જોકે ૨૦૧૯માં ટ્રમ્પે ભારતની વ્યાપાર નીતિ પર આકરા પ્રહારો કર્યા હતા અને અમેરિકામાંથી આયાત કરાતી ચીજવસ્તુઓ પર ઈમ્પોર્ટ ડ્યૂટી વધારી દેવા બદલ આક્રોશ વ્યક્ત કર્યો હતો. હાર્લી ડેવિડસન મોટરસાઈકલો પર ભારતે ઊંચી ઈમ્પોર્ટ ડ્યૂટી લાગુ કર્યા બાદ ટ્રમ્પે ભારતને 'ટેરિફ કિંગ' પણ કહ્યો હતો.

ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન પરસ્પર વ્યાપાર સમજૂતીમાં ભારત સરકાર અમેરિકાની ૨૯ કૃષિ ચીજવસ્તુઓ પરની ડ્યૂટી પાછી ખેંચી લેવાની ઓફર કરે એવી પણ ધારણા છે. અમેરિકી મેડિકલ માલસામાન પર ભારત દ્વારા વસૂલાતી ઊંચી ડ્યૂટીના મુદ્દા ઉપર ચર્ચા પણ થાય એવી ધારણા છે.

તે ઉપરાંત ઓટોમોબાઈલ્સ, એન્જિનીયરિંગ અને ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી ક્ષેત્રોની ચીજવસ્તુઓ માટે માર્કેટ એક્સેસના મુદ્દા ઉપર પણ ચર્ચા થશે. મિલિટરી હાર્ડવેરની ખરીદી મામલે પણ ભારત સરકાર અમેરિકા પાસેથી અન્ય બાંહેધરી માગે એવી ધારણા છે. અમેરિકા અનેક ચીજવસ્તુઓની ભારતમાં નિકાસ કરે છે. આમ તેને માટે મોટું ગ્રાહક અને બજાર છે.

ગયા સપ્તાહાંતે મોદી અને ટ્રમ્પ વચ્ચે ટેલિફોન પર વાતચીત થઈ હતી અને બંને નેતા બેઉ દેશ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધારે મજબૂત કરવા માટે સહમત થયા હતા. યુએસ સિક્રેટ સર્વિસના ચુનંદા અધિકારીઓની એક ટીમ ગુરુવારે અમદાવાદમાં આવશે અને સુરક્ષા વ્યવસ્થાનું અવલોકન કરશે.

વુહાન અને ચોંગક્વિંગની સેટેલાઈટ ઈમેજ સામે આવી, મોટા પ્રમાણમાં સલ્ફર ડાયોક્સાઈડ જોવા મળ્યો

ચીનની સરકાર મૃતકોની સંખ્યા છૂપાવવા માટે મોટી સંખ્યામાં લાશો બાળી રહી છે : રિપોર્ટ

(જી.એન.એસ)વુહાન,તા.૧૨

ચીનની સાથે સમગ્ર દુનિયા માટે કોરોના વાઈરસ મોટુ જોખમ બની રહ્યો છે. પરંતુ ચીન હજુ પણ આ ભયંકર રોગચાળાને છૂપાવવાની કોશિશ કરી રહ્યું છે. ચીનના વુહાન અને ચોંગક્વિંગ શહેરોની કેટલીક સેટેલાઈટ ઈમેજ સામે આવતા હાહાકાર મચ્યો છે. કારણ કે આ બંને વિસ્તારોની ઉપર મોટા પ્રમાણમાં સલ્ફર ડાયોક્સાઈડ ગેસ જોવા મળી રહ્યો છે. વુહાનના વાયુમંડળમાં સલ્ફર ડાયોક્સાઈડનું સ્તર ૧૭૦૦ યુજી/ઘન મીટર છે. જે સામાન્ય કરતા ૨૧ ગણું છે. વિશેષજ્ઞોનું માનવું છે કે આટલા ભારે પ્રમાણમાં સલ્ફર ડાયોક્સાઈડ ગેસ ત્યારે જ નીકળે જ્યારે લાશો બાળવામાં આવે.

આ બંને શહેરોની ઉપર ફેલાયેલા સલ્ફર ડાયોક્સાઈડનું પ્રમાણ જોઈને ઈન્ટેલવેબ નામની સંસ્થાએ અનુમાન વ્યક્ત કર્યું છે કે આ વિસ્તારોમાં ઓછામાં ઓછા ૧૪૦૦૦ જેટલા મૃતદેહો બાળવામાં આવ્યાં છે. ચીનના સોશિયલ મીડિયામાં પણ વાઈરલ થઈ રહ્યું છે કે વુહાનના બહારના વિસ્તારોમાં લોકોના મૃતદેહો બાળવામાં આવી રહ્યાં છે. સલ્ફર ડાયોક્સાઈડ વુહાન અને ચોંગક્વિંગ શહેરોની ઉપર ફેલાયેલો છે. આ બંને શહેરો કોરોના વાઈરસની લપેટમાં આવેલા છે. તેમનું અંતર ૯૦૦ કિમી છે.

સેટેલાઈટ ઈમેજોને જોઈને એવું લાગે છે કે ચીનની સરકાર મૃતકોની સંખ્યા છૂપાવવા માટે મોટી સંખ્યામાં લાશો બાળી રહી છે. કારણ કે ચીને હજુ સુધી ૧૧૧૩ લોકોના મોત થયા હોવાની વાત જ સ્વીકારી છે.

તાઈવાનના એક ન્યૂઝ પેપરમાં ચાર દિવસ પહેલા રિપોર્ટ છપાયો હતો કે ચીનમાં કોરોના વાઈરસથી દોઢ લાખ લોકો પ્રભાવિત થઈ ચૂક્યા છે અને ૨૪૦૦૦થી વધુ મોત થયા છે. આ અખબારે આ રિપોર્ટ ચીનની બીજી સૌથી મોટી કંપની ટેનસેન્ટના હવાલે છાપ્યો હતો. ટેનસેન્ટે પહેલા તો ડેટા રિલીઝ કરી દીધો પરંતુ ત્યારબાદ હટાવી લીધો હતો. પરંતુ ત્યાં સુધીમાં તો તાઈવાનના એક ન્યૂઝ પેપરમાં અહેવાલ છપાઈ ગયો હતો. ત્યારબાદ દુનિયાએ ચીનમાં કોરોના વાઈરસની ગંભીરતાને સમજી હતી.

રાંધણગેસ
પહેલા પાનાથી ચાલુ

વિધાનસભાની ચૂંટણીમાં મોંઘવારી અને સુસ્ત આર્થિક સ્થિતિનો પણ એક મુદ્દો રહ્યો હતો. યોગાનુયોગ દિલ્હીના પરિણામો બાદ આ જંગી વધારો કરાયા છે.

સૂત્રોએ કહ્યું કે, ભારતમાં એલપીજી સિલિન્ડરની કિંમત મુખ્યત્વે બે પરિબળો પર આધારિત છે - એલપીજીનો આંતરરાષ્ટ્રીય બેંચમાર્ક દર અને યુએસ ડોલર અને રૂપિયાના વિનિમય દર.

બળતણ રિટેલરો બજારના ભાવે એલપીજી સિલિન્ડર વેચે છે પરંતુ સરકાર પ્રત્યેક ઘર માટે સબસિડી આપીને દર વર્ષે ૧૨ સિલિન્ડરો રાહતના ભાવે આપે છે. એક વર્ષમાં ૧૨ કરતાં વધુ સિલિન્ડરના વપરાશ પર તે પછીના સિલિન્ડર પર સબસીડી મળતી નથી. અને બજાર ભાવે બાટલો લેવો પડે છે. જો કે તેનો આધાર વપરાશ પર છે.

બજેટ-૨૦૨૦માં સરકારે બળતણ પર રાહત આપવા માટે, ખાસ કરીને એલપીજી અને કેરોસીન પર અપાતી સબસીડી માટેની રકમમાં ૬%નો વધારો કરીને ૬ ૪૦,૯૧૫.૨૧ કરોડ મંજૂર કર્યા છે. વર્તમાન નાણાંકિય વર્ષ માટે, ૩૮,૫૬૮.૮૬ કરોડ ભંડોળ બળતણ સબસિડી સુધારેલા અંદાજમાં દર્શાવવામાં આવી છે.

૧૬મીએ કેજરીવાલ
પહેલા પાનાથી ચાલુ

૨૦૧૫માં પણ તેમણે રામલીલા મેદાન પર જ શપથ ગ્રહણ કર્યા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણી-૨૦૨૦માં ભાજપને પરાસ્ત કરનાર અને ભારે બહુમતી સાથે જીતનાર આપ પાર્ટીના ધારાસભ્યોની એક બેઠકમાં આજે યોજાઈ હતી જેમાં કેજરીવાલ સંસદિય પક્ષના નેતા તરીકે જાહેર થયા હતા.

આમ આદમી પાર્ટીના એક નેતાએ જણાવ્યું કે, 'ધારાસભ્યોની એક બેઠકમાં સરકાર રચના અંગે નિર્ણય લેવામાં આવ્યો છે. પાર્ટીના નિર્ણયો માટે તમામ ધારાસભ્યોના વિચાર જરૂરી છે.'તે નવનિયુક્ત ધારાસભ્યો એક પછી એક કેજરીવાલના આવાસ પર પહોંચ્યા હતા. આ પહેલા, મંગળવારે ઉપરાજ્યપાલ બૈજલે ટ્વીટ કરીને કેજરીવાલને જીતને શુભેચ્છા પાઠવી હતી.

ગઈકાલે મંગળવારે થયેલી મતગણતરીમાં આમ આદમી પાર્ટીને ૭૦માંથી ૬૨ બેઠકો મળી હતી અને ભાજપને માત્ર ૮ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે કોંગ્રેસને આ વખતે પણ એક પણ બેઠક મળી શકી નહોતી. ગઈ ચૂંટણીમાં ભાજપને ૭૦માંથી માત્ર ૩ જ બેઠકો મળી શકી હતી. જે આ વખતે વધીને ૮ પર પહોંચી છે. ભાજપને બે આંકડામાં પણ બેઠકો મળી શકી નથી. અને ભારે પછડાટ મળ્યો છે.

આપ પાર્ટી અને કેજરીવાલને ફરી મળેલી બહુમતિ અંગે રાજકિય આકલન પર નજર નાંખીએ તો

ચૂંટણી પહેલા આપ પાર્ટીએ પોતાની સરકારની પાંચ વર્ષની કામગીરીનો રિપોર્ટ કાર્ડ પ્રજા સમક્ષ રજૂ કર્યું છે. પહેલા બતાવીને પોતાની વિશ્વસનીયતા સ્થાપિત કરો... કેમ્પેનની શરૂઆત જ રિપોર્ટ કાર્ડથી થઈ અને કાર્ડમાં એ લખવામાં આવ્યું ન હતું કે અમે દિલ્હીના રસ્તાઓ બદલ્યા છે કે રસ્તાઓ સુધારી દીધા છે. પરંતુ જે દાવાઓ કરવામાં આવ્યા હતા, તેને આંકડાઓની સાથે ૧૦ પોઈન્ટમાં લોકોની સમક્ષ રજૂ કરવામાં આવ્યા. આ સિવાય ગેરન્ટી કાર્ડની માત્ર મંચ પરથી જાહેરાત કરવામાં આવી ન હતી પરંતુ તેને ઘરે-ઘરે પહોંચાડવામાં આવ્યું હતું. દરેક વિધાનસભામાં ઓછામાં ઓછા ૨૫ હજાર ઘરો સુધી આ રિપોર્ટ કાર્ડને પહોંચાડવામાં આવ્યું હતું.

મનોજ તિવારી
પહેલા પાનાથી ચાલુ

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની મોટી હાર થઈ છે. લગભગ ૨૧ દિવસ ચાલેલા ધૂંઆધાર પ્રચાર છતાં દિલ્હીમાં પાર્ટીની હાર થઈ. ભાજપે ચૂંટણી પ્રચારમાં તમામ દિગ્ગજ નેતાઓને ઉતાર્યા હતાં. કેન્દ્રીય મંત્રી દિલ્હીમાં પદયાત્રા કરતા હતાં. ગૃહ મંત્રી અમિત શાહે પણ દિલ્હીની ગલીઓમાં અનેક રેલીઓ કરી પરંતુ આમ છતાં પાર્ટી નેતા હાર્યા. ભાજપના ચૂંટણી પ્રચાર દરમિયાન શાહીબાગ, કલમ ૩૭૦, નાગરિકતા કાયદો, રામ મંદિર જેવા અનેક મુદ્દાઓ જોવા મળ્યાં પરંતુ તેનો કોઈ ફાયદો થયો નહીં અને પાર્ટીના નેતાઓ હાર્યા.

ચૂંટણીમાં હાર બાદ ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાએ હાર સ્વીકારતા કહ્યું કે ભાજપે આ જનાદેશને સ્વીકારતા રચનાત્મક વિપક્ષની ભૂમિકા નિભાવવાનું નક્કી કર્યું છે અને પ્રદેશના વિકાસ સંબંધિત દરેક મુદ્દાને પ્રમુખતાથી ઉઠાવશે. દિલ્હી ચૂંટણીમાં શાહીન બાગનો મુદ્દો પણ છવાયેલો રહ્યો હતો.

જીતનો જશ્ન
પહેલા પાનાથી ચાલુ

નુકસાન થયું નથી. ઘાયલને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

હુમલાને લઈ નરેશ યાદવે કહ્યું કે આ દુર્ભાગ્યપૂર્ણ છે. મને હુમલા પાછળનું કારણ ખબર નથી પરંતુ આ અચાનક થયું. જે ગાડીમાં હતો તેના પર હુમલો થયો. મને વિશ્વાસ છે કે જો પોલીસે યોગ્ય રીતે તપાસ કરી તો હુમલાખોર પકડાઈ જશે. તો આમ આદમી પાર્ટીના પ્રવકતા સંજય સિંહે કેન્દ્ર સરકારને આધીન આવનાર દિલ્હી પોલીસ પર પ્રહારો કર્યા. સંજયે ટ્વીટ કરી કે મહારેલી ધારાસભ્ય નરેશ યાદવના કાફલા પર હુમલો, અશોક માનની સરેઆમ હત્યા આ છે ગિલ્હીમાં કાયદાનું રાજ, મંદિરથી દર્શન કરીને પાછા ફરતા હતા નરેશ યાદવ.

દિલ્હીના પરિણામો
પહેલા પાનાથી ચાલુ

સીએએ વિરોધી પ્રદર્શન કરી રહેલી મહિલાઓ અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણમાં મહિલાઓ ઘાટલ થઈ હતી. પ્રિયંકા ગાંધી આ મહિલાઓને મળવા માટે આઝમગઢ પહોંચ્યા છે.

ડિપ્રેશન એક ગંભીર બીમારી જે શરીરની શારીરિક અને માનસિક બન્ને સ્થિતિને અસર કરે છે



શરીર એક એવી કુદરતે આપેલ ભેટ છે જે અમૂલ્ય છે અને તેની રક્ષા કરવીએ અને રોગોથી મુક્ત રહે તે માટેની જાણવણી કરવીએ આપણી અંગત ફરજ છે. પરંતુ ક્યારેક ક્યારેક આપણે જાણતા એક અજાણતા શરીરની સાથે શું શું કરી નાખીએ છીએ તે આપણે ખુદ નથી જાણી શકતા. બધા જ શારીરિકને માનસિક રોગોની દવા છે પરંતુ શું મિત્રો આમ આપણે દવાઓના સહારે ક્યાં સુધી બેસી રહીશુ? આપણે આપણા શરીરને મજબૂત રાખવા માટે જાતે જ મનોબળ મજબૂત અને જીવનશૈલી અપનાવી પડશે. માનસિક રોગમાં સૌથી વધુ વ્યાપીત કોઈ રોગ હોય તો તે ડીપ્રેશન છે. તે માણસને અંદરથી ખોખલો કરી નાંખે છે. ડીપ્રેશનનો સામાન્ય અર્થ નિરાશા થાય છે. વ્યક્તિની કોઈ કામમાં મળતી વારંવાર હતાશા અને નિરાશા માણસને ડીપ્રેશનમાં ધકેલી નાંખે છે. વિશ્વમાં ડીપ્રેશનનું પ્રમાણ પહેલાની સરખામણીમાં ૨૫%કરતા વધ્યું છે. મિત્રો આપણે જોઈએ કે ડીપ્રેશનનો શિકાર સૌથી વધુ ટીનેજ લોકો બંને છે. યુવાનોમાં વધુ પડતી અપેક્ષાઓ, ઈચ્છાઓ, ઊંચા સપનાઓ, પ્રેમપ્રસંગોમાં મળતી નિષ્ફળતાઓ, રોજગારી, ગરીબી અને અભ્યાસમાં વારંવાર મળતી નિરાશા આ બધા ડીપ્રેશનના મહત્વના કારણો છે. હવે આ બધા તો મિત્રો આપણે કારણો જોયા પરંતુ ડીપ્રેશનમાં વ્યક્તિ સપડાયો છે તે કઈ રીતે નક્કી કરી શકાય તો તેના લક્ષણો આ પ્રમાણે છે. ભૂખના લાગવી, નકારાત્મક વિચારો આવવા. વધુ પડતું આલ્કોહોલીક થઈ જવું. અપરાધ ભાવના નો અનુભવ થયાં કરવો. સ્વભાવમાં ચીડિયાપણું આવી જવું. ઉંઘ ના આવવી. તો મિત્રો આ બધા લક્ષણોએ ડિપ્રેશનના લક્ષણો છે. તેમાં વધતા ઓછા પ્રમાણમાં અસર થયાં કરે છે. વ્યક્તિ વધુમાં વધુ એકલો રહેવાનું પસંદ કરે છે. પરંતુ ઈશ્વરે સમસ્યાઓ તો આપી હોય પણ તેનો કંઈક તો હલ હોય જ મિત્રો. આપણે જાણીએ છે કે નાનામાં નાના માણસથી લઈ ને કોઈ પણ ઊંચાઈએ પહોંચેલી વ્યક્તિ હોય, તેના જીવનમાં સમસ્યાઓ તો રહેવાની જ. પરંતુ તેનું કાયમી કોઈ નિરાકરણ નથી પરંતુ અમુક બાબતોને જો રોજિંદા જીવનમાં ઉતારવામાં આવે તો ગમે તેવી સમસ્યાને ચુટકીમાં ભગાડી શકાય છે. દરેક સમસ્યા તમારી પોતાની નથી પોતાની જાતને પ્રેમ કરતા શીખો માનસિક સ્થિતિ વધુ મજબૂત બનશે. જે થવાનું છે તે થઈ ને જ રહેશે તેવો મક્કમ અભિગમ રાખો. જેમાં તમે સ્થિતિ બદલી શકતા હોવ તેના જ પ્રયત્નો કરો. રસના વિષયોમાં પોતાની જાત ને વધુ માં વધુ વ્યસ્ત રાખો. કુદરતના ખોળે રહેવાનું પસંદ કરો. અલગ જ તાજગી જોવા મળશે. પૈસા જ સર્વસ્વ નથી તમે પોતે સ્વસ્થ હસો તો આજ નહિ તો કાલ તમારી ચોક્કસ હશે. શિક્ષણ જરૂરી છે તેની ના નથી પરંતુ જો કોઈ કારણસર તમે સરેરાશ વિદ્યાર્થી હોવ તો પોતાની જાત ને નીચી ના સમજો.અનુભવ અને આવડત મોંઘેરી મૂડી છે. પ્રેમ બદલાતી લાગણી છે, પ્રેમ જિંદગી નો એક ભાગ છે. જિંદગી નથી. જે ગમે ત્યાંથી મેળવી શકાય. માતા પિતા પણ પ્રેમનું ઉદાહરણ જ છે. નકામી વાતોમાં પોતાના જીવનને ના ગુમાવો. મનગમતી વાનગીઓ બનાવો, ખાઓ, અને જલસા કરો. કારણ વગર હસો અને બની શકે તો બધાને ખુશ રાખો,અલગ વ્યક્તિત્વનું નિર્માણ કરો. સંગીતમાં રુચિ રાખો. નિયમિત વ્યાયામ કરો. ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા રાખો. તો મિત્રો જીવન ખૂબ સુંદર છે અને તેને કઈ રીતે જીવવું એ આપણા હાથની વસ્તુ છે. બસ કારણ વગર જીવ્યા કરો. પછી ડિપ્રેશન જેવી બીમારીઓની શું વિશાત કે તમારા જીવનમાં પ્રવેશી શકે.

ઐતિહાસિક ઘટના... ૬૭૨૮ કરોડથી વધુ રૂ. ખેડૂતોનાં ખાતામાં સીધા જમા થયા: કૃષીમંત્રી

ગાંધીનગર

ખેડૂતોનાં ખાતામાં કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનાં લાભ અંગે કૃષિમંત્રી આર.સી. ફળદુએ કેબિનેટ બેઠક બાદ મહત્વની વાતો મીડિયાને કહી હતી. તેમણે કહ્યું કે, 'રાજ્ય સરકાર રાજ્યનાં ૫૬ લાખ ખેડૂતોની પડખે ઉભી છે. ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ૨૮ લાખ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપી દેવામાં આવી છે. જ્યારે નજીકનાં ભવિષ્યમાં તમામ ખેડૂતોને આ લાભ મળી જશે. ગયા વર્ષે ચોમાસાની ઋતુમાં વધારે વરસાદ થયો હતો તેનાથી ખેડૂતોને કૃષિ પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. આ માટે રાજ્યાનાં ૩૨ લાખ ખેડૂતોની અરજીઓ આવી હતી તેમાંથી આજની તારીખે ૨૫ લાખ ૧૮ હજાર ખેડૂતોનાં ખાતામાં ડાયરેક્ટ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યાં છે. કોઈપણ જગ્યાએ એકપણ ખેડૂતની ફરિયાદ મળી નથી.' આ સાથે તેમણે કહ્યું કે, 'મગફળી ખરીદીનો સમય આવતી કાલે પુરો થાય છે. રાજ્ય સરકારે ૨ લાખ ૪૧ હજાર ખેડૂતોની મગફળીની ખરીદી કરી છે. આ પૈકી એક હજાર છસોને બાસઠ કરોડ રૂપિયા ખેડૂતોનાં ખાતામાં જમા કરી દેવામાં આવ્યાં છે. આ અંગેની કોઈપણ ફરિયાદ આવી નથી. દેશનાં ખેડૂતોની પડખે ઉભા રહેવા માટે પીએમ કિશાન યોજના શરૂ કરવામાં આવી છે. જે અન્વયે રાજ્યનાં ૪૭.૭૦ લાખ ખેડૂતોનાં ખાતામાં કુલ રકમ ૩,૧૩૨.૫૪ કરોડ રૂપિયા જમા થયા છે.'



જંગલની રાણી સિંહણ પોતાના બચ્ચાંને નદી કેવી રીતે પાર કરવી તેનો પાઠ ભણાવતી હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. વીડિયોમાં સિંહણ પહેલા નદી પાર કરતી જોવા મળે છે અને બાદમાં એક પછી એક એમ ચાર સિંહબાળ માતાના પગલે જ ચાલીને નદી પાર કરી સામેકાંઠે પહોંચે છે. આમ માતાના રસ્તે ચાલીને સિંહબાળે સુરક્ષિત રીતે નદી પાર કરી હતી. નદી પાર કરતો વીડિયો સાસણ ગીરનો હોવાનું અનુમાન છે.

વિદ્યાર્થિનીની જાતીય સતામણી કરનાર વિદ્યાલયના સંચાલકની ધરપકડ

સુરેન્દ્રનગર

ચોટીલાના થાનગઢ રોડ પર સ્થિત કમલ એકતા વિદ્યાલયના માલિક અને સંચાલકે એક વિદ્યાર્થિનીની જાતીય સતામણી કર્યા બાદ સંચાલક ફરાર થઈ ગયો હતો. તેની પોલીસે ધરપકડ કરી લીધી છે. જ્યારે સાંજે સ્કૂલ સંકુલમાં બનાવ સામે આવતા ટોળાએ તોડફોડ કરી હતી. તેમજ નેશનલ હાઈવે અને થાનગઢ રોડ ઉપર લોકોએ ચક્કાજામ કરીને ટાયરો સળગાવ્યા હતા. જેને પગલે પોલીસ ઘટના સ્થળે દોડી જતાં તે સમયે સંચાલક સહિતના લોકો સ્કૂલ છોડી નાસી છૂટ્યા હતા.

વિદ્યાર્થિનીઓ અને લોકોએ પોતાનો રોષ સ્કૂલ સંકૂલ પર ઉતાર્યો હતો અને તોડફોડ કરી હતી. બિસ્ત્રા પોટલા બાંધીને ઘરે જતી રહી હતી.

ચોટીલાના થાનગઢ રોડ પર એકતા કમલ વિદ્યાલયમાં હોસ્ટેલ અને સ્કૂલ ચાલે છે. જેમાં સંચાલકે હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી બાળાઓ સાથે માનસિક અને શારીરિક શોષણ કરાતું હોવાની ફરિયાદ મળી હતી.' આ સાથે તેમણે કહ્યું કે, વિદ્યાર્થિનીઓ પણ સ્કૂલ અને હોસ્ટેલના સંચાલક બટુક ભટ્ટીની હેવાનિયત સામે ખુલીને સામે આવી હતી. હોસ્ટેલ રહી સ્કૂલમાં ભણતી કેટલીક બાળાઓ સાથે છેલ્લા ઘણા સમયથી સંચાલકની વર્તૂણંકની પોલીસ અધિકારીઓ સમક્ષ જે રજૂઆતો કરી હતી. તેમાં બટુક ભટ્ટીની માનસિક હેવાનિયત બહાર આવી હતી. જેનો ભોગ બનેલી એક સગીરાએ તેના હાથમાં બ્લેડથી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સગીરાની આપવીતી અનુસાર પોલીસે આરોપી બટુક ભટ્ટી વિરૂધ્ધ એટ્રોસિટી એક્ટ અને પોસ્કો સહિતની કલમે ગુનો નોંધ્યો હતો.

હત્યાની કોશિશ, લૂંટ, ચોરીના ગુનામાં સંડોવાયેલ ત્રણ શખ્સોની ધરપકડ કરાઈ

રાજકોટ

રાજકોટ જિલ્લા અને મોરબી જિલ્લામાં હત્યાની કોશિશ, લૂંટ, ચોરીઓના ગુનામાં સંડોવાયેલા ત્રણ શખ્સોની રાજકોટ કાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. ત્રણેય આરોપીઓએ ૧૭ ગુના કબૂલ્યા હતા. ત્રણ શખ્સોમાં અજીત ભીખાભાઈ જાખણીયા, ગોપાલ જેશાભાઈ સાડમીયા અને ભીખાભાઈ નાનજીભાઈ જાખણીયાનો સમાવેશ થાય છે.

આ ત્રણેય શખ્સો રાત્રીના સમયે મુખ્ય રોડ ઉપર આજુબાજુમાં આવેલા કારખાનાઓ, ખેતર તથા વાહનના શો રૂમમાં ચાદરઓઢી મોઢે તથા માથે રૂમાલ બાંધી હાથમાં હુમલો કરવા માટે ઉપયોગ થાય તેવા હથિયારો ધારણ કરી પ્રવેશ કરી ચોરી તથાલૂંટના બનાવને અંજામ આપતા હતા. ત્રણેય શખ્સો પાસેથી પોલીસે અતુલ રીક્ષા ૨, કટર, ગણેશીયો, લોખંડની તણી, મોબાઈલસહિત ૧ લાખ ૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

કારમાંથી યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવતા ખળભળાટ

સાબરમતી

સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ન્યૂ રાણીપ વિસ્તારમાં એક કારમાંથી યુવકની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. મંગળવારે રોજ ન્યૂ રાણીપમાં બનાવેલા બ્રિજના છેડે વર્ના કારમાં એક યુવક બેભાન હાલતમાં મળી આવ્યો હતો. જે બાદમાં યુવકને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા જ બોપલમાં એક કારમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે મૃતક હર્ષ પટેલ ન્યૂ રાણીપમાં આવેલા શ્રીજી બંગલોમાં રહે છે. હર્ષની ઉંમર ૩૧ વર્ષ. ઘટનાની જાણ થતાં પોલીસ પણ દોડી આવી હતી અને હોસ્પિટલમાંથી લાશનો કબજો મેળવી સિવિલમાં પોસ્ટ મોર્ટમ માટે લઈ ગઈ હતી.

જે બાદમાં પોલીસે મૃતકનું પોસ્ટ મોર્ટમ કરાવીને લાશનો કબજો તેમના પરિવારને સોંપી દીધો હતો. આ મામલે પોલીસનું કહેવું છે કે હાલ અકસ્માતનો ગુનો દાખલ કર્યો છે, પરંતુ પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ જે પણ સામે આવશે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા બોપલમાં પણ કારમાંથી એક યુવકની લાશ મળી આવી હતી. પહેલા આ અકસ્માતનો કિસ્સો લાગી રહ્યો હતો પરંતુ પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં હત્યા થઈ હોવાનું સામે આવ્યું હતું. બીજી વખત લાશ મળવાના કેસમાં સાબરમતી પોલીસે પણ ઘટના સ્થળની આસપાસના સીસીટીવી મેળવવા કાર્યવાહી શરૂ કરી છે.

૧૮,૦૦૦ રૂપિયા સુધીનું પાન વેચનાર યુવકને અમેરિકાના પાનવાળાએ ધમકી આપી

રાજકોટ

રંગીલું રાજકોટ આમ તો દરેક ક્ષેત્રમાં પોતાની અલગ ઓળખ ઊભી કરી છે. રાજકોટ ફક્ત વેપાર ધંધા નું હબ નહીં પરંતુ ખાણીપીણી હબ પણ ગણાય છે. ખાણીપીણીની સાથે રાજકોટમાં અલગ-અલગ પાન ની વેરાઈટી પણ લોકો દૂર દૂર થી ખાવા આવે છે. રાજકોટમાં અલગ-અલગ પાનની વેરાયટીઓ પણ જોવા મળે છે અને આ વેરાયટીઓ ગુજરાત નહીં, ભારત નહીં પણ વિદેશના લોકો પોતાની સાથે લઈ જાય છે. પણ રાજકોટમાં એક પાન વાળા સામે અમેરિકાના ફિલાડેલ્ફિયાની કંપનીએ વાંધો ઉઠાવ્યો છે.

વાત એમ છે કે રાજકોટમાં ૧૫ થી લઈ ૧૮૦૦૦ રૂપિયાનું પાન મળે છે. શહેરના સર્વેશ્વર ચોકમાં આવેલી મિસ્ટર પાનવાલા દુકાનના માલિક નરેન્દ્રભાઇ માલવીયાએ જણાવ્યું કે,અમેરિકાની એક કંપનીએ મિસ્ટર પાનવાલા નામને લઈ ટ્વીટ કરી વાંધો ઉઠાવ્યો છે. તેણે કોપીરાઈટના મુદ્દે અમારી સાથે ઈન્સ્ટાગ્રામમાં ચેટ કરી અને કાયદેસર ન કર્યુ હોવાના મુદ્દે ઝઘડો કર્યો હતો.

અમેરિકાના પાનવાળાને આ બાબતમાં પણ વાંધો પડ્યો હતો. એક વ્યવસ્થિત એન્ડ્રોઇડ ફોનની કિંમતનું પાન વેચતા રાજકાટોના એક પાનવાળા સાથે અમેરિકાના પાનવાળાનો ડખ્ખો રાજકોટના સોશિયલ મીડિયામાં ચર્ચાનું કારણ બન્યો છે.આ સમગ્ર બાબતની ઈન્સ્ટાગ્રામ પર ગ્રાહક બની માહિતી લીધી હતી અને ત્યારબાદ અમેરિકાના મિસ્ટર પાનવાલાએ અમેરિકાથી કોપી રાઈટની ધમકી આપી હતી.

પોલીસ કમિશનરનું જાહેરનામું : આજે તિરંગાયાત્રાના રૂટ પર વાહન વ્યવહાર પર પ્રતિબંધ

રાજકોટ

રાજકોટવાસીઓ ૧૩ ફેબ્રુઆરીએ રાજકોટમાં અમુક રૂટ પર રોડનો ઉપયોગ કરવા માટે પ્રતિબંધ લગાવાયો છે. રાજકોટમાં ૧૩ ફેબ્રુઆરીએ યોજાનાર તિરંગા યાત્રાને લઈ રાજકોટ પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં અમુક રૂટ પર સવારે ૮ વાગ્યાથી બપોરનાં ૧૨ વાગ્યા સુધી વાહનો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. એટલે કે સવારે આ રૂટને બદલે અન્ય વૈકલ્પિક રૂટનો તમારે ઉપયોગ કરવો પડશે.

આજરોજ રાજકોટમાં રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. અને આ યાત્રાને લઈ રાજકોટ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામામાં તિરંગા યાત્રાના રૂટ પર વાહન વ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ રૂટ ઉપર સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી વાહન વ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રેસકોર્ષ, યાજ્ઞિક રોડ, માલવિયા ચોક, ત્રિકોણબાગ, જ્યુબિલી ગાર્ડન પાસે પ્રવેશ પર પ્રતિબંધ મુલાયો છે.

૫૦ હજારની વસ્તીએ એક ફાયર સ્ટેશનનો નિયમ છે

નિયમોની ઐસી કી તૈસી... વડોદરામાં ૧૮ લાખની વસ્તીએ માત્ર ૬ ફાયર સ્ટેશન

વડોદરા

સ્માર્ટ સિટીની વાતો કરતી વડોદરા મહાનગરપાલિકાના શાસનમાં રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવનાર ફાયર બ્રિગેડને સુવિધાઓ પૂરી પાડવામાં ઉણું ઉતર્યું છે. વડોદરા શહેરની ૧૮ લાખની વસ્તી સામે ૩૬ ફાયર સ્ટેશનોની જરૂરીયાત સામે માત્ર ૬ ફાયર સ્ટેશનો છે. કારણ કે, ૫૦ હજારની વસ્તીએ એક ફાયર સ્ટેશન હોવાનો નિયમ છે. એતો ઠીક ફાયર બ્રિગેડમાં જરૂરીયાત મુજબ સ્ટાફ હોવો જોઈએ, તેટલો સ્ટાફ પણ નથી.

કુદરતી તેમજ માનવ સર્જીત આપત્તિ, આગ જેવા નાની-મોટી ઘટનાઓમાં ફાયર બ્રિગેડ રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવે છે. વડોદરા શહેરની વસ્તી વધવા સાથે વિસ્તાર પણ વધ્યો છે. પરંતુ વડોદરા મહાનગરપાલિકામાં બેસીને સ્માર્ટ સિટીની વાતો કરી રહેલા શાસકો દ્વારા ફાયર બ્રિગેડને સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ પુરવાર થયું છે. વડોદરાની હાલની વસ્તી પ્રમાણે ૩૬ ફાયર સ્ટેશનો જરૂરી છે. પરંતુ તેની સામે દાંડીયા બજાર, પાણીગેટ, છાણી ટી.પી.-૧૩, મકરપુરા જીઆઈડીસી, વડીવાડી અને ગાજરાવાડી મળી કુલ ૬ ફાયર સ્ટેશનો જ છે. એતો ઠીક ફાયર બ્રિગેડમાં વર્ષ-૨૦૧૯ પ્રમાણે ૪૫૦ સ્ટાફ હોવો જોઈએ. પરંતુ, હાલ માત્ર ૨૬૭ સ્ટાફ છે. ફાયર બ્રિગેડમાં અપુરતો સ્ટાફ હોવા છતાં રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવી રહ્યું છે.

ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર પાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, નિયમ પ્રમાણે ૫૦ હજારની વસ્તી પ્રમાણે એક ફાયર સ્ટેશન હોવું જોઈએ. પરંતુ માત્ર ૬ ફાયર સ્ટેશનો જ છે. અને સ્ટાફની વાત કરીએ તો ૪૫૦નો સ્ટાફ હોવો જોઈએ.

મોડાસામાં કેનેરા બેંકનું એટીએમ ગેસકટરથી કાપી રૂ ૧.૩૭ લાખની લૂંટ

મોડાસા

મોડાસાના માલપુર રોડ ઉપર આવેલી કેનેરા બેંકમાં મંગળવાર મોડી રાત્રે એટીએમને ગેસ કટર દ્વારા તોડી લુંટારું ૧,૩૭,૮૦૦ની લુંટને અંજામ આપી ફરાર થઈ ગયા હતા. ગેંગે પોતાની ઓળખ છુપાવવા બેંકમાં રહેલા સીસીટીવી કેમેરા ઉપર બ્લેક કલરનો સ્પ્રે છાંટી અંજામ આપ્યો હતો અને ડીવીઆર પણ સાથે લઈ ગયા હતા.

કેમેરાની રેકોર્ડિંગની કેસેટ અને ડીવીઆર પણ સાથે લઈ જતાં આ પ્રકારની હરકતથી રીઢા ગુનેગારો હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે. સીસીટીવી પર છાંટેલ સ્પ્રેની બોટલ અને પાણીની બે બોટલ એટીએમમાં છોડીને રફુચક્કર થઈ જતા ગેંગે ચોરીની ઘટનાને અંજામ આપતા પહેલા પાણીની બોટલ કઈ હોટલમાંથી ખરીદી હોવાથી પોલીસ બાયડથી મોડાસા સુધીના હાઈવે પર આવેલી હોટલોના સીસીટીવી તપાસે તો લૂંટારુઓ સુધી પહોંચવા મહત્ત્વની કડી સાબિત થઈ શકે છે.

મોડાસા ટાઉન પીઆઇ એસ.એન.પટેલે જણાવ્યું કે, બાયડથી પસાર થતાં માર્ગો ઉપર તેમજ મોડાસા ટાઉન વિસ્તારના માર્ગો ઉપર સીસીટીવી કેમેરા ફૂટેજ ચેક કરાઇ રહ્યો છે. આ કેસ સંદર્ભે એફએસએલ અને ડોગ સ્કવોડની મદદ લેવાશે.

ગીચ વિસ્તારમાંથી બીઆરટીએસ રૂટને દૂર કરવા તથા લોકપાલ નિમવા માંગ કરી

વિપક્ષે એએમસીનું ૨૯૮ કરોડના સુધારા સાથે બજેટ રજૂ કર્યું

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ ૨૦૨૦-૨૧નું રૂ. ૯૬૮૫ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કર્યું છે. જેમાં આજે વિપક્ષ કોંગ્રેસના નેતા દિનેશ શર્માએ રૂ. ૨૭૫ કરોડના વિકાસ કાર્યો સહિત રૂ. ૨૯૮ કરોડના સુધારા સાથે રજૂ કર્યું છે. નાગરિકોને પ્રાથમિક સુવિધા મળે, સમસ્યાઓનો ઉકેલ આવે તે માટે શાસક પક્ષ ભાજપ આ સુધારાનો સ્વીકાર કરે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. બજેટમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર વધી રહ્યો છે અને કૌભાંડો સામે આવે છે જેથી કોર્પોરેશનમાં લોકપાલની નિમણુંક કરવામાં આવે તેમજ ગીચ વિસ્તારમાંથી બીઆરટીએસ રૂટને દૂર કરવાની રજૂઆત કરી છે.

વિપક્ષના નેતા દિનેશ શર્માએ બજેટ રજૂ કરતા જણાવ્યું હતું કે શાસક પક્ષ ભાજપનું બજેટ દિશાવિહીન છે. શહેરની પ્રાથમિક સમસ્યાઓ દૂર થઈ નથી. ડ્રેનેજ કે પાણી લાઈન માટે કોઈ રોડમેપ બનાવ્યો નથી. વોટર પોલીસી, પાર્કિંગ પોલિસી, સ્ટ્રીટ વેન્ડર પોલિસી, ફૂટપાથ, ટ્રાફિક વગેરે માટે કોઈ પોલિસી બનાવવામા આવી નથી. આમ ૫૦૦૦ કરોડના વિકાસ કામો થવાના નથી માત્ર ભાજપ પક્ષ માત્ર સપના બતાવે છે.

વિપક્ષે કરેલા સુધારા પ્રમાણે ટ્રાફિક સમસ્યા ઉકેલવા માટે નીતિગત નિર્ણય લેવામાં આવે. તમામ મલ્ટીલેવલ પાર્કિંગ અને સ્ટ્રીટ પાર્કિંગને પ્રથમ કલાક માટે ફ્રી કરવામાં આવે. શહેરમાં સ્કૂલ-કોલેજ- ટ્યુશન ક્લાસમાં જવા માટે વિદ્યાર્થીઓને ફ્રી એએમટીએસ-બીઆરટીએસ સેવા પુરી પાડવામાં આવે. ટ્રાફિક જ્યાં વધુ છે ત્યાં વન વે રોડ જાહેર કરી અને નાના કટ બંધ કરી નો યુ ટર્ન જાહેર કરવામાં આવે. સ્ટ્રીટ વેન્ડર એકટનો અમલ કરી વેપારીઓને વૈકલ્પિક વ્યવસ્થા આપવી. રોડ માટે રિસરફેસ પોલિસી બનાવવામાં આવે. રોડ પર મુકાતા સ્પીડબ્રેકર માટે પોલીસી બનાવવામા આવે.

તમામ ગીચ વિસ્તારમાંથી બીઆરટીએસ રૂટને દૂર કરવામાં આવે અને એએમટીએસ વધારવામાં આવે. સ્વિમિંગપુલ અને સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં વિદ્યાર્થીઓને ફીમાં તાલીમ. તમામ વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં બે ટાઈમ પાણી આપવામા આવે. પીવાનું પાણી પૂરું પાડવામાં માટે નીતિગત નિર્ણય તાત્કાલિક લેવા. કોમર્શિયલ મિલકતોમાં પાણી ના દરો નક્કી કરવા. પાણીના બોરવેલ માટે પોલીસી બનાવવામાં આવે. પાણી ચોરી રોકવા માટે પેનલ્ટી પોલિસી બનાવવામાંઆવે. ઝોનરની યુનિફોર્મ પોલિસી બનાવવામાં આવે.

જો આટલી સાવચેતીઓ રાખશો તો સંચારી રોગોથી અવશ્ય બચી શકશો

વિરમગામના આનંદ મંદિર સ્કુલ ખાતે સંચારી રોગોથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા



અભિવાદન કરવા હાથ ન મિલાવતા ભારતીય સંસ્કૃતિ પ્રમાણે નમસ્કારની મુદ્રામાં અભિવાદન કરવુ

વંદના નીલકંઠ વાસુકિયા

વિરમગામ દ્વારા

જો થોડી જરૂરી સાવચેતીઓ રાખવામાં આવે તો સંચારી રોગોથી બચી શકાય છે. અમદાવાદ જીલ્લાના વિરમગામ શહેરમાં આવેલ આનંદ મંદિર સ્કુલ ખાતે સંચારી રોગોથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ડો.જીગર દેવીક, ડો.મયુરેશ ગઢવી, ડો.ઉર્વિ ઝાલા, નીલકંઠ વાસુકિયા, ગોપાલભાઇ પટેલ, ગોકુલ પટેલ, શિક્ષકો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિરમગામ સહિત અમદાવાદ જીલ્લામાં મેડીકલ ઓફિસર, આરબીએસકે ટીમ, સીએચઓ, આરોગ્ય કર્મચારીઓ દ્વારા ફિલ્ડમાં લોકોને સંચારી રોગો વિશે વિગતવાર સમજ આપવામાં આવી રહી છે. જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, સંચારી રોગોથી બચવા માટે થોડી સાવચેતીઓ રાખવી જરૂરી છે. જો થોડી જરૂરી સાવચેતીઓ રાખવામાં આવે તો સંચારી રોગોથી બચી શકાય છે. સંચારી રોગોથી બચવા માટે (૧) વારંવાર સાબુથી હાથ ધોવા જોઇએ (૨) કફ એટીકેટ એટલે કે ઉધરસ કે છીક આવે તો રૂમાલ, ટીસ્યુ કે કોણીથી મોં ઢાંકવુ (૩) જાહેરમાં થુકવુ નહિ (૪) અભિવાદન કરવા હાથ ન મિલાવતા ભારતીય સંસ્કૃતિ પ્રમાણે નમસ્કારની મુદ્રામાં અભિવાદન કરવુ જોઇએ.

૫૫ જેટલા મકાનોના દબાણો હટાવવાની કામગીરી, ૧૩૬ પોલીસકર્મીનો ફાફલો ખડકાયો

વડોદરા

વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરના નવાયાર્ડ રોડ ઉપર રસ્તા રેષામાં આવતા કાચા-પાકા ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સંવેદનશિલ વિસ્તાર હોવાથી ૧૩૬ પોલીસ જવાનોના ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણ શાખા દ્વારા આજે દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે.

વડોદરા શહેરના મુખ્ય માર્ગો પહોળા કરવા માટે પાલિકા દ્વારા દબાણો દૂર કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે છેલ્લા કેટલાંક સમયથી નવાયાર્ડ રોડ ઉપરના દબાણો દૂર કરવા માટે ચાલી રહેલી પ્રક્રિયાના અંતે સવારથી દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ફતેગંજ પોલીસ સ્ટેશનની આસપાસમાં રોડ ઉપરના દબાણકારોને નોટિસો આપવામાં આવી હતી. જે નોટિસોની મુદત પૂરી થયા બાદ દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. નવાયાર્ડ રોડ ઉપર અનેક લોકોએ પાકા બે-ત્રણ મજલી મકાનો બાંધી દીધા હતા. જે બે મજલી મકાનોના દબાણ કરાયેલા ભાગને જે.સી.બી. દ્વારા દૂર કરવામાં આવ્યા હતા. કેટલાક લોકો દ્વારા નોટિસ મળતા જ સ્વૈચ્છિક દબાણો દૂર કરી દીધા હતા. અને પોતાનો સામાન સલામત સ્થળે ખસેડી લીધો હતો. કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત સાથે રાખવામાં આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત હોવાના કારણે કોઈ અપ્રિય ઘટના બની ન હતી. દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન રોડ ઉપરનો વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો.

કૌટુંબિક દિયરે ફોન પર બીભત્સ માગણી કરતા મહિલાએ ફરિયાદ નોંધાઈ

અમરેલી

લીલીયા તાલુકાના ગુંદરણ ગામે રહેતી એક મહિલાને તેના કૌટુંબિક દિયરે મોબાઈલમાં ફોન કરી તું બહુ ગમે છે કહી બીભત્સ માંગણી કરી તેમજ ઘરે આવી નિર્લજ્જ હુમલો કરી વોટ્સએપમાં ફોટાની ક્લીપ બનાવી વાયરલ કરતા આ વિશે તેની સામે લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

અહીં રહેતી મહિલાએ લીલીયા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતું કે તા. ૨૮/૪/૧૯ના રોજ તેના દિયરના લગ્ન હોય આ પ્રસંગે તેનો કૌટુંબિક દિયર પણ આવ્યો હતો. પ્રસંગમા તેણે સાથે ફોટો પાડ્યા હતા. બાદમા ત્રણેક માસ બાદ મોબાઈલમા તેણે ફોન કરી તું બહુ ગમે છે કહી પ્રેમસંબંધ બાંધવા કહ્યું હતું. જો કે મહિલાએ ના પાડી હતી. પરંતુ આ યુવક તેને અવારનવાર ફોન કરતો હતો.

એકાદ માસ પહેલા સવારના સુમારે મહિલા ઘરે એકલી હતી ત્યારે આ યુવક ત્યાં છાશ લેવાના બહાને તેના ઘરે ધસી ગયો હતો. અને શરીર સંબંધ બાંધવાની માંગણી કરી હતી. મહિલાએ ઈનકાર કરતા તેણે બાવડુ પકડી નિર્લજ્જ હુમલો કર્યો હતો. બાદમાં મહિલા ઘર બહાર નીકળી ગઈ હતી. બાદમા તા. ૬/૨ના રોજ તેના પતિએ મોબાઈલમાં એક વીડિયો ક્લીપ બતાવી હતી. તેણે પ્રસંગમા મહિલા સાથે સેલ્ફી પાડી હોય તેમા ગીત મુકી સ્ટેટસમાં મુકી વાયરલ પણ કર્યું હતું.

આજે રાજ્ય સરકાર નવો પરિપત્ર બહાર પાડશે

એલઆરડી મામલે ૨૫૪ મહિલાઓએ હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરી

અમદાવાદ

એલઆરડી પરીક્ષામાં પાસ થયેલી ૨૫૪ યુવતીઓ હાઈકોર્ટ પહોંચી છે. ગાંધીનગરમાં બિન અનામત વર્ગની ૨૫૪ યુવતીઓએ હાઈકોર્ટમાં પિટીશન કરી છે. એલઆરડી મામલે રાજ્ય સરકાર પાસે નિમણૂંક પત્રની માગને લઈ યુવતીઓ દ્વારા આ પિટીશન કરાઈ છે. પાસ થયેલી ૧૫૭૮ પૈકી ૨૫૪ યુવતીઓએ હાઈકોર્ટમાં અરજી કરી છે. પાસ થયેલી યુવતીઓને તાત્કાલિક નિમણૂંક પત્ર આપવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. આજે રાજ્ય સરકાર આ મુદ્દે નવો જીઆર બહાર પાડશે. અરજદારોની માંગણી નવી પોલિસી અંતર્ગત સંતોષાઈ જશે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમજ ૧૮ ફેબ્રુઆરીએ નવો પરિપત્ર હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવશે.

આ વિવાદ દિવસેને દિવસે વકરી રહ્યો છે, નવા મુદ્દાઓ સામે આવી રહ્યાં છે. એલઆરડી ભરતીમાં ૧-૧૮-૧૮ પરિપત્રમાં સુધારા કરવાની જાહેરાત બાદ પણ મહિલાઓના ધરણાં યથાવત છે. ગાંધીનગરમાં ઉપવાસ પર બેસેલી મહિલાઓએ સરકાર પાસે લેખિતમાં ખાતરી માગી છે. આંદોલનકારી મહિલાઓએ સરકાર હાઈકોર્ટમાં એફિડેવિટ કરે તેવી માંગ કરી છે.

એલઆરડી મહિલા અનામત મુદ્દે સરકારે મોટો નિર્ણય લીધો છે. ભરતી વિવાદ મામલો હાઈકોર્ટમાં એડવોકેટ જનરલે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર નવો પરિપત્ર બહાર પડશે. જેમાં મેરીટવાળી મહિલાઓને એસસી, એસટી અને ઓબીસી મહિલાઓને જનરલ કેટેગરીના લાભ અપાશે. આવતી કાલ સુધી રાજ્ય સરકાર નવો પરિપત્ર બહાર પાડશે. જે નવો પરિપત્ર હશે તે ૧૮ ફેબ્રુઆરી સુધીમાં કોર્ટમાં રજૂ કરવામાં આવશે. મેરીટમાં હશે તો એસસી, એસટી અને ઓબીસી જનરલના લાભ અપાશે. સીધી લીટીમાં અનામત લાભ આપવા અંગે સરકારે નિર્ણય લીધો છે.

સત્યાગ્રહ છાવણી ખાતે એલઆરડીમાં અનામતને લઈને મહિલાઓ આંદોલન કરી રહી છે. ત્યારે લોકરક્ષક દળમાં બિન અનામત વર્ગની પાસ થયેલી ૨૫૪ યુવતીઓએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે. અરજી કરીને રાજ્ય સરકાર પાસે નિમણૂંક પત્રની માંગણી કરી છે. ઉલ્લેખનીય છે કે ૧૫૭૮ પૈકીની માત્ર ૨૫૪ યુવતીઓએ હાઈકોર્ટમાં પિટિશન કરીને સરકાર પાસે તાત્કાલિક નિમણૂંક પત્ર અપાવવા માટે અરજી કરી છે. આ ભરતી પ્રક્રિયા જ્યારથી શરૂ થઈ છે ત્યારથી વિવાદમાં આવી છે. હવે તો બિનઅનામત વર્ગ અને અનામત વર્ગ સામસામે આવી ગયા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ 'એ' ગ્રેડ ગુમાવ્યો, નેક દ્વારા રી એક્રેડિટેશન અરજી રદ કરાઈ

રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને વિવાદોનો નાતો જોડાયેલો જ રહે છે. હંમેશા વિવાદોમાં ઘેરાયેલી રહેતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું વધુ એક ભોપાળું સામે આવ્યું છે. રાજ્યની સૌપ્રથમ 'એ' ગ્રેડનું બિરુદ મેળવનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ એ ગ્રેડ ગુમાવ્યો છે. એનએએસી દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રી એક્રેડિટેશન માટેની અરજી રદ કરી દીધી છે. એનએએસી દ્વારા તેની વેબસાઈટમાંથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ પણ હટાવી દીધું છે. સમિતિની પરવાનગી વગર ચલાવતા કોર્સ, માર્કશીટ, લેટરપેડ, ડિગ્રી, સાહિત્યના દુરુપયોગ જેવી બાબતોને લઈ નેક દ્વારા એ ગ્રેડ હટાવવામાં આવ્યો છે. નેકના આ નિર્ણયનો ફટકો ૨૦૨૦ની પરીક્ષા આપનાર ૨.૨૫ લાખ વિદ્યાર્થીઓને પડશે, કેમ કે હવે તેઓની માર્કશીટ પર એ ગ્રેડ જોવા નહીં મળે.અત્યાર સુધીમાં ત્રણ વખત નેકની ટીમ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જેમાં ૧૨-૨-૨૦૦૨ના રોજ પ્રથમ વખત મૂલ્યાંકનમાં 'ફોર સ્ટાર', ત્યારબાદ ૮-૩-૨૦૦૯ના રોજ 'બી ગ્રેડ', અને તે બાદ ૨૪-૯-૨૦૧૪ના રોજ નેક દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજ્યમાં પ્રથમ 'એ' ગ્રેડ આપવામાં આવ્યો હતો. આ એ ગ્રેડની સમયસીમા ૨૪-૯-૨૦૧૯ પૂરી થઈ હતી. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા રિ એક્રેડિટેશન માટે કોઈ તૈયારી કરવામાં આવી ન હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લોલમલોલ ચાલી રહ્યું છે. સમિતિની પરવાનગી વગર જ અમુક કોર્સ ચલાવતાં હતા. જેની સામે નેક દ્વારા સવાલ ઉઠાવતાં યુનિવર્સિટીએ તેનો સ્વીકાર પણ કર્યો હતો. એટલું જ નહીં, આ કોર્સની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પણ હતી. જેની ગંભીર નોંધ નેક દ્વારા લેવાઈ હતી. અને યુનિવર્સિટીમાં ચાલતાં આ ગપગોળાઓને કારણે જ આજે યુનિવર્સિટીને એ ગ્રેડ ગુમાવવાનો વારો આવ્યો છે.

બાયડમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ તોડી રૂ ૬.૪૩ લાખની લૂંટ

બાયડ

મંગળવાર રાત્રે બાયડ તાલુકાના ડેમાઈમાં આવેલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ તોડી એટીએમના કેશ બોક્સમાંથી રૂ. ૬.૪૩ લાખની મત્તાની તસ્કરો દ્વારા રાત્રિના સુમારે લૂંટ કરાતાં ચકચાર મચી થઈ છે. બાયડમાં આવેલ કેનેરા બેંકના એ.ટી.એમને ચોરોએ નિશાન બનાવાયું હતુ. ઉલ્લેખનીય છે કે બાયડ ખાતે આગાઉ પણ એટીએમમાં તસ્કરીના અનેક ગુના બન્યા છે. જેને લઈને લોકોમાં પોલીસના પેટ્રોલિંગ અંગે અનેક સવાલો ઉભા થયા છે. જ્યારે અગાઉ પણ બાયડમાંથી એસ.બી.આઇ એ.ટી.એમમાંથી ૩૨.૮૧ લાખની લૂંટ કરવામાં આવી હતી. બાયડમાં અગાઉ પી.એસ.આઇ કે.કે.રાજપૂત દ્વારા એ.ટી.એમ ચોરીના તસ્કરોને ઝડપી પાડ્યા હતા.

ડેમાઈમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના એટીમમાંથી મંગળવાર રાત્રે એટીએમને નિશાન બનાવી અંદર રહેલ ૬.૪૩ લાખની લૂંટ કરતાં ગામમાં ચકચાર મચી ગઇ હતી. જ્યારે મોડાસામાં આવેલ કેનેરા બેંકના એ.ટી.એમ ને પણ તસ્કરો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું.જ્યારે પોલીસનો રાત્રી દરમિયાનનો પેટ્રોલીંગ ફારસ સાબિત થયો હતો.પોલીસ રાત્રિ દરમિયાન પેટ્રોલીંગ ની ગાડી રાત્રી દરમિયાન રોડ ઉપર કે સોસાયટીમાં જો પણ ન મળતાં તસ્કરો ને પણ મોકળું મેદાન મળી જાય છે. રાત્રી દરમિયાન પેટ્રોલીંગ સઘન કરવા માગણી ઉઠવા પામી હતી.

શ્રી લેયર સિક્યુરિટી માટે અમેરિકાથી સિક્રેટ સર્વિસ એજન્ટો આવશે

અમદાવાદ

૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની અમદાવાદ મુલાકાતને લઈ તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. આ મુલાકાત દરમિયાન તેમની શ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ચૂસ્ત બનાવવા માટે અમેરિકાના સિક્રેટ સર્વિસ એજન્ટ મહિના પહેલા જ અમદાવાદના ટ્રમ્પના મુલાકાતના સ્થળોની ચકાસણી કરી ગયા હતા. જેના આધારે મોટેરા સ્ટેડિયમ અને ગાંધી આશ્રમની મુલાકાતેને લઈ તૈયારીઓને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. આ તૈયારીઓ વચ્ચે આજે ફરી સિક્રેટ સર્વિસ એજન્ટ ગાંધી આશ્રમ અને મોટેરા સ્ટેડિયમની મુલાકાત લઈ સુરક્ષા અંગે જાણકારી મેળવશે. આ ઉપરાંત તેઓ અમદાવાદ એરપોર્ટની એરસ્પેસ ખાલી કરાવવાનું કામ પણ કરશે. ૧૩ ફેબ્રુઆરીએ સુરક્ષાની ચકાસણી કર્યા બાદ સિક્રેટ એજન્ટ્સ મુલાકાતના ૮ દિવસ અગાઉ ફરીવાર આવશે અને સુરક્ષા અંગે ફરી ચકાસણી કરશે. જે ટ્રમ્પની મુલાકાત સુધી રોકાશે.

ડોનાલ્ડ ટ્રમ્પની સાથે પ્રેસિડન્ટના ઓફિશિયલ જેટ પ્લેન ઉપરાંત ૬ વિમાન પણ સાથે આવશે. જેમાં અલગ અલગ હેલિકોપ્ટર એની કાર અને કાર્ગો રહેશે. તેના ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા પણ સિક્રેટ સર્વિસ જ સંભાળશે. પ્રેસિડન્ટ જે રૂટ પરથી પસાર થશે તેની સુરક્ષાની યોગ્ય જાળવણી માટે સુચના આપશે અને નજર રાખશે. તેમજ પ્રેસિડન્ટની અવર જવર સમયે હાઈ વે અને રસ્તાઓ બંધ કરી દેવામાં આવશે. તેની સાથે સાથે જે રૂટ પરથી ટ્રમ્પ પસાર થશે તે રૂટ પર અન્ય કાર અને બાઈક ચાલી ન શકે એ માટે રસ્તા પર મોટરકેડ પણ મુકવામાં આવશે. તેમજ ઈમરજન્સી માટે નજીકની હોસ્પિટલ અને સુરક્ષિત સ્થળોની પણ પસંદગી કરશે અને તેને પ્રાયોરિટી લિસ્ટમાં મુકશે. પ્રેસિડન્ટની મુલાકાત સ્થળથી હોસ્પિટલ વધુમાં વધુ ૧૫ મિનિટના અંતરમાં હોવી જોઈએ તે અંગે પણ ખાસ તકેદારી રાખવામાં આવશે. આ પ્રકારની એકથી વધુ હોસ્પિટલો નક્કી કરવામાં આવશે અને આ દરેક હોસ્પિટલમાં એજન્ટ અને ખાસ અમેરિકન ડૉક્ટર્સની ટીમ રહેશે.

રેલિંગ નાખવાના વિરોધમાં બીજા દિવસે મંગળબજાર સજ્જડ બંધ

વડોદરા

વડોદરા મહાનગર પાલિકાના સ્થાયી સમિતિના ચેરમેને આજે વેપારીઓના વિરોધ વંટોળ વચ્ચે સ્થળ ઉપર ઉભા રહી રેલિંગ લગાવી હતી. મંગળબજારમાંથી પથારા અને લારીઓવાળાઓનું સામ્રાજ્ય દૂર કરવા માટે કોર્પોરેશન દ્વારા રેલિંગ લગાવવાની શરૂઆત કરવામાં આવી છે. જેનો વેપારીઓએ આજે બીજા દિવસે પણ જડબેસલાખ બંધ પાડી વિરોધ કર્યો હતો.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા મંગળબજારમાંથી ગેરકાયદે કબજો જમાવીને બેઠેલા પથારા અને લારીઓને દૂર કરવા માટે અગાઉ અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. પરંતુ, પાલિકાને સફળતા મળી નથી. પાલિકા દ્વારા ફરી એકવાર મંગળબજારના મુખ્ય રસ્તાની આસપાસ દુકાનોથી ૫૦ ફૂટ દૂર રેલિંગ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેના વિરોધમાં મંગળવારે વેપારીઓ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવેદન પત્ર આપ્યું હતું. પરંતુ પાલિકા દ્વારા વેપારીઓને કોઈ દાદ આપવામાં આવી ન હતી. અને બુધવારે પણ રેલિંગ લગાવવાની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી.

પાલિકા દ્વારા સવારે રેલિંગ નાંખવાની શરૂઆત કરતા વેપારીઓ દ્વારા વિરોધ શરૂ કરાતા સ્થાયી સમિતિના ચેરમેન સતિષ પટેલ સ્થળ પર દોડી ગયા હતા. અને વેપારીઓના વિરોધ વચ્ચે ઉભા રહીને રેલિંગ લગાવવાની કામગીરી કરાવી હતી. સ્થાયી સમિતિના ચેરમેન રેલિંગ નખાવાની કામગીરી કરાવી રહ્યા હતા. તે સમયે કોંગ્રેસના કાઉન્સિલર ફરીદ કટપીસવાલા દોડી આવ્યા હતા. અને વેપારીઓની સાથે રહીને સ્થાયી સમિતિના ચેરમેન અને પાલિકાની કામગીરી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરતા ઉત્તેજના વ્યાપી ગઇ હતી.

ટ્રમ્પ અમદાવાદમાં રોકાણ દરમિયાન વસ્ત્રાપુરની હયાત હોટેલમાં ઉતરશે

મોદી-ટ્રમ્પના કાર્યક્રમમાં હાજર રહેવા ભાજપના ૧ લાખ કાર્યકરોને આદેશ



અમદાવાદ

અમેરીકન પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪ ફેબ્રુઆરીના રોજ અમદાવાદની મુલાકાતે આવી રહ્યાં છે. આ મુલાકાત દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ મોટેરા સ્ટેડિયમ અને ગાંધી આશ્રમની મુલાકાત લેશે. આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે ભાજપે રાજ્યના અમદાવાદ શહેર ઉપરાંત ૧૩ જિલ્લામાંથી ૧ લાખ ૨ હજાર કાર્યકરોને હાજ રહેવા આદેશ કર્યો છે. આ કાર્યકરોને ૨૪ ફેબ્રુઆરીના રોજ સવારના ૧૦: ૩૦ વાગ્યે મોટેરા સ્ટેડિયમ પહોંચવાનો કાર્યક્રમ ભાજપે જાહેર કર્યો છે. આ કાર્યક્રમમાં ભારતીય જનતા યુવા મોરચો, પ્રદેશ કારોબારી, ૪૧ જિલ્લાની કારોબારીઓ, ૫૮૦ મંડલોના પદાધિકારીઓ તેમજ વિવિધ રમત-ગમતની ટીમોના ૨૦ હજાર કાર્યકરો સામેલ થશે.

અમદાવાદ શહેરમાંથી ૧૫ હજાર, અમદાવાદ જિલ્લામાંથી ૭ હજાર, ગાંધીનગર જિલ્લામાંથી ૫ હજાર, ગાંધીનગર શહેરમાંથી ૨ હજાર, ખેડા જિલ્લામાંથી ૭ હજાર, આણંદ જિલ્લામાંથી ૫ હજાર, સાબરકાંઠા જિલ્લામાંથી ૧૦ હજાર, મહેસાણા જિલ્લામાંથી ૧૦ હજાર, બોટાદ જિલ્લામાંથી ૩ હજાર, સુરેન્દ્રનગર જિલ્લામાંથી ૫ હજાર, વડોદરા શહેર ૭ હજાર, વડોદરા જિલ્લામાંથી ૩ હજાર, મહિસાગર જિલ્લામાંથી ૧ હજાર, અરવલ્લી જિલ્લામાંથી ૨૦૦૦ મળીને કુલ ૮૨ હજાર કાર્યકરો હાજર રહેશે. જ્યારે યુવા મોરચો, પ્રદેશ કારોબારી, ૪૧ જિલ્લાની કારોબારીઓ, ૫૮૦ મંડલોના પદાધિકારીઓ તેમજ વિવિધ રમત-ગમતની ટીમોના ૨૦ હજાર કાર્યકરો સામેલ થશે. આમ કુલ ૧ લાખ ૨ હજાર કાર્યકરો ટ્રમ્પના કાર્યક્રમ સ્થળે પહોંચશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના આગામી ભારત પ્રવાસ દરમિયાન અમદાવાદ આવવાના છે. મોટાભાગે તેઓ ૨૪ ફેબ્રુઆરીએ સીધા લેન્ડ જ અમદાવાદના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર થશે. અમદાવાદમાં રોકાણ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ વસ્ત્રાપુર સ્થિત હોટેલ હયાતમાં ઉતરશે એ લગભગ નક્કી છે.

ડાંગ જિલ્લામાં ૧૧૦૩૮ ખેડુતોને કિસાન કાર્ડ હેઠળ આવરી લેવાયા

ત્રણ લાખ સુધીની લોન પર કોઈ સર્વિસ ચાર્જ લાગશે નહીં

આહવા

પાક માટે ખેડૂત મિત્રો દ્વારા ખાનગી ક્ષેત્રમાંથી ધિરાણ/કર લેવામાં આવે છે. જેનો વ્યાજદર ખૂબ ઉંચો હોય છે. જેના કારણે ખેડૂતોને નફા કરતા વધારે નુકશાન થતું હોય છે. ખેડૂત મિત્રોને ખાનગી ક્ષેત્રમાંથી ધિરાણ ન લેવું પડે તથા સરકારી યોજનાઓ થકી સરળ રીતે ધિરાણ મળી રહે તે અર્થે ભારત સરકાર દ્વારા તમામ પીએમ કિસાન લાભાર્થીઓ માટે રાહતવાળી સંસ્થાકિય ધિરાણની સુવિધા પહોંચાડવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત તમામ લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ(કેસીસી) યોજનામાં આવરી લેવામાં આવશે. આ અંગે કિસાન ભાઈઓ-બહેનો વધુ જાગૃત બને તે હેતુથી કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. વઢવાણિયા ના અધ્યક્ષ સ્થાને મિડિયા કર્મીઓ તથા બેન્કના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં આજરોજ જિલ્લા સેવા સદન,આહવા ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

કલેકટરશ્રી એચ.કે. વઢવાણિયાએ જણાવ્યું હતું કે આગામી ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ્યથી ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત નોંધાયેલા ખેડૂતોને હવે કિસાન ક્રેડિટ કાર્ડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજનાનો લાભ વ્યક્તિગત ખેડૂત પરિવારે ૨ હેકટરથી ઓછી ખેતીલાયક જમીન ધારણ કરેલી હોવી જોઇએ. જમીન ખાતામાં ૨ હેકટરથી વધુ જમીન હોય અને એમાં સમાવિષ્ઠ ખેડૂત પરિવાર એક કરતા વધુ હોય અને દરેક પરિવારના ભાગે ૨ હેકટર કે તેથી ઓછી જમીન હોય તો દરેક પરિવારને લાભ મળશે.ડાંગ જિલ્લાના પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ કુલ ૨૪૩૧૨ ખેડૂતો નોંધાયેલા છે. જેમાં ૧૧૦૩૮ ખેડૂતોને કિસાન ક્રેડિટ આપવામાં આવ્યા છે. બાકી રહેલા ૧૩૨૭૪ ખેડૂતોને કાર્ડ આપવા માટે પ્રચાર-પ્રસાર કરવા તથા ગ્રામજનોને જાગૃત કરવા ગામે-ગામ જઇ બેન્કના અધિકારીઓ દ્વારા જાગૃતિ કેમ્પ યોજવામાં આવશે.

ખાસ ગ્રામસભાઓ યોજીને જાગૃતિ ફેલાવવામાં આવશે. તલાટી, સરપંચ, સખીમંડળની બહેનો દ્વારા વ્યક્તિગત માહિતી આપવામાં આવશે તથા દરેક બેન્કમાં ગ્રાહક મિત્ર દ્વારા વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવશે. આ અંગે વધુ જાણકારી મેળવવા પીએમ-કિસાન પોર્ટલના માધ્યમથી એસએમએસ મોકલવામાં આવી રહ્યા છે. કિસાન ક્રેડિટ કાર્ડ ઓછામાં ઓછા દસ્તાવેજ અને સરળ વિધિથી મેળવી શકાય છે.રૂા.૧,૬૦,૦૦૦ સુધી લોન માટે જમીન પર બોજો કે અન્ય જામીનગીરી સુરક્ષા જરૂર નથી. બેન્ક દ્વારા એક જ પાનાનું સરળ ફોર્મ બનાવવામાં આવ્યું છે.નિયત નમૂનાનું અરજી પત્રક વેબ સાઈટ WWW. agricoop. gov.in તેમજ WWW. pmkisan. gov.in પર ઉપલબ્ધ છે. ત્યાંથી ફોર્મ ડાઉનલોડ કરી ૮ ફેબ્રુઆરી થી ૨૩ ફેબ્રુઆરી સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.શકાશે.જેની સાથે આઈડી પ્રુફ તથા વાવેલા પાકની નકલ,જમીનના રેકર્ડના દસ્તાવેજ આપી યોજનાનો લાભ લઇ શકે છે. યોજનાની પ્રોસેસીંગ, દસ્તાવેજીકરણ, નિરીક્ષણ અને ખાતાકિય ફોલીયો ચાર્જ તેમજ રૂા.૩.૦૦ લાખ સુધીની કેસીસી લોન માટેના અન્ય સર્વિસ ચાર્જ સહિતના તમામ ચાર્જ માફ કરાયા છે. આ ઉપરાંત સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેમાં ફક્ત રૂા.૩૪૨ ના નજીવા દરે કોઇપણ લાભાર્થી ૬ લાખનો વીમો મેળવી શકે છે તેમજ મત્સ્ય ઉદ્યોગ અને પશુપાલન કિસાન ક્રેડિટ કાર્ડમાં આવરી લેવામાં આવશે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી ટી.કે. ડામોર, પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી સુનિલ પટેલ, લીડ બેંક મેનેજર શ્રી રાજેન્દ્રભાઇ પટેલ સહિત સંચાર માધ્યમના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પીએમ કિસાન યોજનાના લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ સરળ ધિરાણ મળશે

વલસાડઃ કિસાન મિત્રો દ્વારા પાક માટે ખાનગી ક્ષેત્રથી ધિરાણ/કર લેવામાં આવે છે. જેનો વ્યા જદર ઉચો હોય છે. તેના કારણે તેઓને નફા કરતા વધારે નુકશાન થતું હોય છે. ખેડૂત મિત્રોને ખાનગી ક્ષેત્રેથી ધિરાણ ન લેવું પડે તથા સરકારી યોજનાઓ થકી સરળ રીતે ધિરાણ મળી રહે તે અર્થે ભારત સરકાર દ્વારા તમામ પીએમ-કિસાન લાભાર્થીઓ માટે રાહતવાળી સંસ્થા કિય ધિરાણની સુવિધા પહોચાડવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંર્તગત તમામ લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી)યોજનામાં આવરી લેવામાં આવશે. આ અંગે કિસાન ભાઇ-બહેનો વધુ જાગૃત બને તે હેતુથી મિડિયા કર્મીઓ તથા વિવિધ બેન્કમના વરિષ્ઠઆ અ ધિ કા રી આ ો ની ઉપસ્થિકતિમાં અધિક કલેકટર એન. એ. રાજપૂતના અધ્યિક્ષ સ્થાનને પ્રેસ કોન્ફીરન્સસ યોજાઇ હતી.

વલસાડ જિલ્લામાં ૧.૨૬ લાખ જેટલા લાભાર્થીઓની નોંધણી પીએમ-કિસાન યોજના હેઠળ થઇ છે. જેમાંથી ફકત ૧૯ હજાર લાભાર્થીઓએ જ કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાનો લાભ લીધો છે. આ અંગે વધુ પ્રચાર-પ્રસાર કરવા તથા ગ્રામજનોને જાગૃત કરવા ગામે-ગામ જઇ બેન્કરના અધિકારીઓ દ્વારા જાગૃતિ કેમ્પર યોજવામાં આવશે. આ અંગે ખાસ ગ્રામસભાઓ યોજીને જાગૃતિ ફેલાવવામાં આવશે. તલાટી, સરપંચ, સખી મંડળની બહેનો દ્વારા વ્યંકિતગત માહિતી આપવામાં આવશે તથા દરેક બેન્ક માં 'ગ્રાહક મિત્ર' દ્વારા વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવશે. ઉપરાંત આ અંગે વધુ જાણકારી મેળવવા પીએમ-કિસાન પોર્ટલના માધ્યનમથી એસએમએસ મોકલવામાં આવી રહયા છે.

કિસાન ક્રેડિટ કાર્ડ ઓછામાં ઓછા દસ્તાજવેજ અને સરળ વિધિથી મેળવી શકાય છે. બેન્કપ દ્વારા એક પાનાનું સરળ ફોર્મ બનાવવામાં આવ્યું છે જેની સાથે આઇડી પ્રુફ તથા વાવેલા પાકની નકલ, જમીનના રેકોર્ડના દસ્તાનવેજ આપી આ યોજનાનો લાભ લઇ શકે છે. કેસીસીના લાભનો વ્યાલપ વધારવા પશુપાલન અને મત્સ ઉદ્યોગના કિસાનોને પણ આવરી લેવામાં આવ્યા. છે. તેવા લાભાર્થીઓ વધારાની મર્યાદાની મંજૂરી માટે બેન્ક શાખામાં વધુ માહિતી મેળવી શકે છે. ઉપરાંત આ યોજનાની પ્રોસેસિંગ, દસ્તાદવેજીકરણ, નિરીક્ષણ અને ખાતાકિય ફોલીયો ચાર્જ તેમજ રૂ.૩.૦૦ લાખ સુધીની કેસીસી લોન માટેના અન્યં સર્વિસ ચાર્જ સહિતના તમામ ચાર્જ માફ કરાયા છે.

આ ઉપરાંત સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેમાં ફકત રૂ.૩૪૨ના નજીવા દરે માં કોઇ પણ લાભાર્થી ૬ લાખના વીમો મેળવી શકે છે. તેનો લાભ લેવા તથા પોતાના ખાતામાં ઓછામાં ઓછું ૧૦૦ રૂપિયા બેલેન્સશ રાખી ખાતાને જીવંત રાખવા જણાવ્યુંફ હતું. કેસીસી યોજનાનો વધુમાં વધુ લાભ ખેડૂત મિત્રો લે તે માટે નજીકની બેન્કવ શાખાની મુલાકાત લેવા અધિક કલેકટર એન.એ. રાજપૂત તથા તમામ બેન્કા અધિકારીઓ દ્વારા લાભાર્થી ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યોછે.

આ બેઠકમાં લીડ બેન્કર મેનેજર અમિત મિશ્રા, ડીડીએમ નાબાર્ડના ગૌરવ કુમાર, ડીઆરએમ બેન્કમ ઓફ બરોડાના ડીએન ગાંધી, આરએમ બીજીજીબીના એલ.કે. સીપાની, એસબીઆઇના પ્રતિનિધિ અલ્કેતશ શાહ તથા ખેતી વાડી નિયામક અન્ય અધિકારી કર્મચારીગણ તથા સંચાર માધ્યમના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

આવે જો મારા દાયરામાં તો કરું હું ય સરભર,
વગર રિવાજે કેમ કરીને આપું હું કોઈને વળતર.
છાનું છપનું વરસીને તંતેતંત તૃષ્ણા અર્થે ઝંખવાનું,
તકલાદી આ નાશવંત ઘરનું ભાડું જાતે જ ભરવાનું.
લાખ યત્નોનું કર્યે તાપણું,ભીતર થાય ખળભળ,
વીજળી જોઈ કર્યા કરતી હું અમથી કેટલી અટકળ.
કેટલા ઝંઝાવાતો આવ્યા ને ગયા લૂંટવા મારી થાપણ,
વિના વિનવણી ઈશ આપે સઘળું તો મળે જીવવાનું કારણ.
જામો ગોઠવી કર્યા કરું છું હું હિસાબો સરભર,
પણ મારા શ્વાસોમાં છે એક અજનબી વળગણ.

- તન્વી કે ટંડેલ, આણંદ

•

દર્દ છુપાવીને તું કાયમ હસતો રહ્યો માધવ.
આંસુ સારી રાધાએ વિરહ સહ્યો માધવ.
જગનાં કલ્યાણ ખાતર માનવદેહે અવતર્યો તું,
મર્મ જીવન તણો રાધાને પણ તે કહ્યો માધવ.
અજોડ પ્રીતનું ઉદાહરણ આપ્યું સારાયે વિશ્વને.
ફરિયાદ વિના રાધાનો વિરહ તે સહ્યો માધવ.
હોઠ પર વાંસળીને માથે મોરપીચ્છ મુગટ ધર્યો.
હૃદયમાં સંસારનો સઘળો ભાર ગ્રહ્યો માધવ.
જ્યાં જ્યાં જરૂર પડી તારી પૃથ્વી પર ગોવિંદા.
પહોંચી ગયો તું ત્યાં પણ વણકહ્યો માધવ.

- કુસુમ કુંડારિયા. જૂનાગઢ

•

બ્હાર આવી, પીઠ પર બેસી પવનની,
તરબતર ઉષ્મા હુંફાળી થઈ ચમનની.
પ્રિત બાંધી છે અમે પાલવડે પ્રિતમ -
સાથ હો પાલવ, નથી ફિકર કફનની.
રક્ત તિલક સહ તીરંગે લપેટાઈને
ધૂળ આ માથે ચડાવી છે વતનની
પાંખ કાપીને બીજાની જે ઊડે છે ,
હોય તેને બીક કાયમ બસ પતનની.
ના ઝુકાવો શીશ ઢોંગીની સમીપે
જે નથી કરતા કદી કિંમત નમનની .
માથે બાંધીને કફન, જંગે ચડીશું,
ભય નથી ગોળી , ચિતા, શૂળી, દફનની.

- દિલીપ વી ઘાસવાળા

•

લાગણીને વાચા આપી,લખી રહી છું.
એમના શબ્દોને મહેસૂસ કરી રહી છું.
શબ્દો થકી લાગણી ઓળખી રહી છુ.
નયનથી હૈયાંનો ભાવ દર્શાવી રહી છું.
પ્રેમની જ્યોતને પ્રજવલ્લિત કરવા,
સ્વની સમજણમાં ઓગળી રહી છું.
સ્વભાવને અનુકુલિત થઈ રહી છું.
પ્રેમના સોનેરી સંગાથ ને ઝંખી રહી છું.
આજે હું એમનો ફોટો જોઈને મલકી રહી છું.

- કૃપા ચરાડવા, પોરબંદર

•

બધા ઉભા છે લાંબી ને વધુ લાંબી કતારોમાં.
લખાવા નામ પોતાનું અમર એ ચાહનારોમાં.
નિભાવો પ્યાર, એ વિશ્વાસ આપી ચાલવાનું છે,
જરા ડગમગ થયા તો નામ લેવાશે નઠારોમાં.
વફાના વ્હેણમાં તરતા તરાશે ગૂઢ ભવસાગર,
અગર જો બેવફા નિવડ્યા તો અટવાશો દરારોમાં.
થશે ગણના સદા જેઓ રહ્યા છે સત્યના પંથે,
નહીંતર એ થશે લીલામ દુનિયાની બજારોમાં.
અહીં ડગલે ને પગલે સૌ પરખ તારી સતત કરશે,
પછી અલ્પા પુરાશે હાજરી તુજ હોંશિયારોમાં.

- કાવ્યાલ્પ અલ્પા વસા

•

સંજોગોની છે આ બધી બલિહારી,
સહુ કહે છે કર પહેલ હાથ જાલીશું,
બહારનાં લોકો કહીને થાય છે મીઠાં,
પરિવારજનો લડીને પણ હોય ભલા,
પ્રેમને પોતીકાંની એ સાચી ઓળખ !!
જિંદગીમાં સૌ કોઈની આજે ખબરી,
સાથ આપીશું એવું શબ્દોનું એ મહોરૂ,
આજે થઈ પરખ એક લાગણીઓનાં,
વ્હાલાં એ પ્રિતમને એનાં એ પ્રણયની,
પ્રેમને પોતીકાંની એ સાચી ઓળખ !!
જિંદગી ઝાઝેરી બંધમુઠીએ મહેકતી,
અંદર તો ઘગઘગતી લાવાનું એ પહેલું,
સમયે સમયે બદલાતી સૌની જ વાચા,
અધુરપ જિંદગી છલકાઈ અધુરીવાણી,
પ્રેમને પોતીકાંની એ સાચી ઓળખ !!

- ડો.રિધ્ધી મહેતા "અનોખી"

•

તુ નથી છતાં તારો ભણકારો લાગે છે
તારો હર ક્ષણ એક ચમકારો લાગે છે
તારા વિના ઝેર જેવો જન્મારો લાગે છે
તારો બધે મને એક અણસારો લાગે છે
તારા નામ જપુ તારો એકતારો લાગે છે
તુ નથી સાથે છતાં તારો સહારો લાગે છે
તારો વ્યવહાર માં મને વરતારો લાગે છે
નથી રહી શકતો જાણે સુનકારો લાગે છે
હુ દરિયો છુ પણ દુર તુજ કિનારો લાગે છે
'મોહિત'ને હવે તારો કંઈક ઝબકારો લાગે છે

મહેશ પરમાર "મોહિત" દાંતરડી (અમરેલી)

અમરોલી કોલેજમાં બે દિવસનો અંતરાષ્ટ્રીય સેમિનાર યોજાશે

દેશ-વિદેશના ૬૦૦થી વધુ સંશોધકો-ડેલિગેટ્સ ઉપસ્થિત રહેશે

સુરત

જીવન જયોત ટ્રસ્ટધ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોસિયલ સાયન્સ રિસર્ચના સહયોગથી જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અને ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયુટ ફોર ડેવલેપમેન્ડ સ્ટડીઝ (આઈઆઈડીએસ), ઓસ્ટ્રેલિયાના સંયુક્ત ઉપક્મે તા. ૧૨ અને ૧૩ ફેબ્રુ. દરમિયાન 'ઈમજ'ગ ઈસ્યુ ઇન ડેવલેપમેન્ટ ફોર ફ્યુચર જનરેશન' વિષય પર આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં ભારતના વિવિધ રાજયમાંથી તેમજ વિદેશથી ૬૦૦ કરતા વધારે સંશોધકો-ડેલિગેટ્સ ઉપસ્થિત રહેશે.

સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ઇન્ટરનેશનલ ઈન્સ્ટિટયુટ ફોર ડેવલેપમેન્ડ સ્ટડીઝ, ઓસ્ટ્રેલિયાના ડો. કાર્તિક રોય સહિત અન્ય નિષ્ણાંત વક્તાઓ ઉપસ્થિત રહેશે.

ચક્રધારી અને ચરખાધારી મોહનથી ગુજરાત પ્રખ્યાત છે: ઈશ્વરભાઈ પરમાર

બારડોલી તાજપોર ખાતે બે દિવસીય ગાંધી મેળાને ખુલ્લો મુકતા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી

સુરત

ગાંધી સાર્ધ શતાબ્દીની ઉજવણી વર્ષ નિમિત્તે બારડોલીના તાજપોર ખાતે સરદાર પટેલ એજયુકેશન સોસાયટી સંચાલિત તાજપોર કોલેજમાં આયોજિત બે દિવસીય ગાંધી મેળાને ખુલ્લો મૂકતાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતુ કે, ગુજરાત જેટલું દ્વારકાના સુદર્શન ચક્રધારી મોહનથી જાણીતું છે, તેટલું જ પોરબંદરના ચરખાધારી મોહનથી જ ઓળખાય છે. આપણો દેશ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવી રહ્યો છે, ત્યારે ગાંધીજીના સિધ્ધાંતો, મૂલ્યો, આચાર-વિચારોથી પ્રભાવિત થઈને ભારત જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપતાં કાર્યક્મો ઉજવાઈ રહ્યાં છે.

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના આર્થિક સહયોગથી ગાંધી વિદ્યાપીઠ, વેછડી દ્વારા આયોજિત ૭૧મા ગાંધી મેળામાં ૧૧ અને ૧૨મી ફેબ્રુ. દરમિયાન ખાદી વેચાણ, ગ્રામોદ્યોગ, બાળ મેળો, કારકિર્દી માર્ગદર્શન અને ગાંધીજીના જીવન કવન જેવી વિવિધ બાબતો નિહાળી શકાશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગાંધી મેળાઓ દેશવાસીઓને ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા આપવા માટે મદદરૂપ બની રહ્યા છે. ગાંધી વિચારોને કોઈ એક કાલખંડમાં બાંધી ના શકાય, કેમ કે એમના વિચારો શાશ્વત અને જીવંત છે, એટલે જ આપણા સૌના પ્રેરણાસ્ત્રોત ગાંધીજીના જીવનમાંથી શીખ મેળવવાનો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો.

હાંસોટ કોટેશ્વર મહાદેવ સ્કુલમાં પરીક્ષાલક્ષી માર્ગદર્શક સેમિનાર

આયોજન પૂર્વકનું વાંચન યાદ રહે છેઃ રાજેશ ધામેલિયા

સુરત

બોર્ડની પરીક્ષા નજીક આવી રહી છે ત્યારે ધો.૧૦ અને ૧૨ના નિર્ભયતાથી પરીક્ષાની તૈયારી કરે તેમજ માતૃભાષામાં શુદ્ધ લેખન કરતા શીખે તેવા આશયથી આજે પરીક્ષાલક્ષી માર્ગદર્શન અને ભાષા સજજતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત માર્ગદર્શક શ્રી રાજેશભાઈ ધામેલિયાનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત શાળાના આચાર્ય શ્રી નરહરીભાઈ પટેલે કર્યું હતું. શાળાની વ્યવસ્થા કમિટીના સભ્ય શ્રી હિંમતભાઈ પટેલેશ્રી રાજેશભાઈનો પરિચય આપ્યો હતો.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, આપણે ઉચ્ચ ધ્યેયને નજર સમક્ષ રાખીને સખત પુરુષાર્થ કરીશું તો સમસ્યાઓ સામાન્ય થઈ જશે.

પરીક્ષા નજીક આવતા વિદ્યાર્થીઓની સમસ્યા હોય છે કે, તેમને વાંચેલું યાદ નથી રહેતું. પરીક્ષાની ચિંતા થાય છે. આ સમસ્યાઓથી છૂટકારો મેળવવાનો ઉપાય છે-ભગવાન પર ભરોસો. મહેનત કર્યા વિના ભગવાનના ભરોસે બેસી રહેવાથી કોઈ ફાયદો થશે નહીં, પરંતુ આયોજનપૂર્વક આનંદ અને ઉત્સાહથી પુરુષાર્થ કરવાથી જરૂર શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાશે.

ભાષા સજજતા અંગે માર્ગદર્શન જોડણીના નિયમોને વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવ્યા હતા અને જણાવ્યું હતું કે, અંગ્રેજીમાં ખૂબ ઉચ્ચાર વૈવિધ્ય હોવા છતાં આપણે તે શીખીએ છીએ. ગુજરાતી આપણી માતૃભાષા છે, ઉચ્ચાર પ્રમાણે લેખન કાર્ય થાય છે, જોડણીના નિયમો પણ સહેલા છે. તો આપણે તેમાં રસ દાખવીને સાચું લેખનકાર્ય અવશ્ય શીખવું જોઈએ.

સેમિનારમાં પ્રશ્નોત્તરી દરમિયાન સાચા જવાબ આપનાર અને સાચા શબ્દો લખનાર વિદ્યાર્થીઓને પુસ્તિકા આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

એલઆરડી મુદ્દે કાનૂની ગુંચ ઉકેલતા મુખ્યમંત્રીના પ્રયાસોને આવકાર

સુરત

ભાજપ પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાંક સમયથી LRD મુદે લોકલાગણી અને કાયદાકીય ગુંચના સંદર્ભમાં જે પ્રશ્ન હતો તેનો મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં તમામ સમાજના આગેવાનો સાથે સંવાદ સમન્વયથી આવેલ સુખદ ઉકેલને ભાજપ વતી હું આવકારું છું. સૌનો સાથ-સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના મંત્ર સાથે કામ કરતી ભાજપ સરકારે કોઈપણ પ્રશ્નને ઉકેલવા પ્રમાણિક અને સંવેદનશીલ પ્રયાસ કરે છે તેની અનુભુતિ દરેક વર્ગ અને ક્ષેત્રને થાય છે. આશા છે કે, તા.૦૧-૦૮-૨૦૧૮ના પરીપત્રમાં સુધારાના નિર્ણયથી SC, ST & OBC સમાજની લોકલાગણી સંતોષાશે અને દિકરીઓને ન્યાય મળશે. ગુણવત્તાના આધાર ઉપર કોઈપણ સમાજના ઉમેદવાર બહેન-દિકરીને અન્યાય ન થાય તે માટે ભાજપ સરકાર કટિબદ્ધ છે. આ નિર્ણય બદલ હું મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, ગુજરાતને હવે, જાતિવાદના વેરઝેર પાલવે તેવા નથી. ગુજરાતની ઓળખ શાંતિ-એકતા અને વિકાસની છે. ત્યારે ગુજરાતની આ ઓળખને આપણે સહુ જાળવી રાખીએ. એકબીજા સાથે પ્રેમ રાખીશું તો સહુની પ્રગતિ થશે.



શ્રી સુરત-વેસુ વિસ્તારના મહારાણા પ્રતાપ રોડ પર નિર્માણાધીન ચતુર્વિધ સંઘ વૈયાવરથ કેન્દ્ર અને કામણી વિહારનું વિરાટ સંકુલ ''મહાવદિહધામ''ની ભૂમિ ઉપરથી પૂજ્ય દીક્ષા-દાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરિજી મહારાજાની નિશ્રામાં આજે આઠ મુમુક્ષુઓને સામૂહિક દીક્ષા પ્રદાન કરવામાં આવી હતી. દીક્ષા ધારણ કરનાર આઠ મુમુક્ષુઓએ આજથી સંયમના માર્ગે પ્રયાણ કર્યું હતું.

બળાત્કાર કેસમાં દોષિત અનિલ યાદવની ફાંસીની સજા વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ

સુપ્રીમ કોર્ટમાં ફાંસીની સજા યથાવત રાખવા સેન્ટ્રલ ગર્વમેન્ટના લીગલ ડીપાર્ટમેન્ટના એડવોકેટ નિરંજન વર્મા દલીલો રજૂ કરશે

સુરત

ગોડાદરા-ડીંડોલી ખાતે રહેતી એક માસુમ બાળકી સાથે ગુજારવામાં આવેલા બળાત્કાર અને ત્યારબાદ બાળકીની હત્યા પ્રકરણમાં ફાંસીના હુકમ સામે આરોપી અનિલ યાદવે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી છે. જોકે, સેન્ટ્રલ ગર્વમેન્ટના લીગલ ડીપાર્ટમેન્ટના એડવોકેટ નિરંજન વર્મા સુપ્રીમ કોર્ટમાં દલીલો કરશે. એવું લાજપોર જેલના જેલ અધિક્ષક નિનામાએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર ગોડાદરા ડીંડોલી ખાતે રહેતા એક શ્રમજીવી પરિવારની માસુમ પુત્રીનું અપહરણ કરી અવાવરૂ જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજારી ઘાતકી હત્યા કરી બિહારનો આરોપી અનિલ યાદવ ફરાર થઈ ગયો હતો. પોલીસે આઈપીસી ૩૭૬ તથા ૩૦૨ મુજબનો ગુનો નોંધ્યો હતો. જોકે, ડીસીબીના પૂર્વ પીએસઆઈ મનોજ પાટીલે ખૂબ મહેનત કરી આરોપી અનિલ યાદવની બિહારથી ધરપકડ કરી હતી. સુરત સેશન્સ કોર્ટે આરોપીને ફાંસીની સજાનો હુકમ કર્યો હતો. આ ગુનામાં ડીજીપી નયન સુખડવાળાએ દલીલો કરી હતી. જે કોર્ટે મંજુર રાખી હતી. ત્યારબાદ આરોપીએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી. વિદ્વાન જસ્ટીસે સુરત કોર્ટના હુકમને યથાવત રાખ્યો હતો. ત્યારબાદ સેન્ટ્રલ ગર્વમેન્ટના લીગલ ડીપાર્ટમેન્ટના એડવોકેટ નિરંજન વર્માએ ફાંસીના યથાવત હુકમ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

મોટા વરાછામાં સાકાર થયેલા બગીચાનું લોકાર્પણ કરાયું

સુરત

સુરત મહાનગરપાલિકા પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી મહાનગરપાલિકા ખુલ્લા પ્લોટોમાં ડ્રેનેજ પંપીગ સ્ટેશનો, બાગબાગીચાઓ, હેલ્થ સેન્ટર, વોટર વર્કસ અને જાહેર મિલ્કતોમાં પણ મોટા પાયે વૃક્ષા રોપણની કામગીરી કરે છે. શહેરમાં ગ્રીન સ્પેસ તરીકે હાલમાં કુલ ૧૪૦ બાગો અને ૬૭ શાંતીવન તથા શાંતિકુંજ મળી કુલ ૨૦૭ બાગબગીચાઓનો વિકાસ કરેલ છે. ગત રોજ તા.૧૧/૦૨/૨૦૨૦ ના રોજ જાહેર જનતા તથા શહેરીજનો માટે વધુ બાગબગીચાનું લોકાર્પણ વિધી મેયરશ્રી ડો. જગદીશ પટેલના પ્રમુખ સ્થાને, અતિથી વિશેષ ધારા સભ્યશ્રી કાંતીભાઈ બલર અને સુ.મ.પા.ના મ્યુ. સભ્યશ્રીઓની હાજરીમાં તેમજ વિસ્તારના નગરજનોની હાજરીમાં ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી સુચિત્રાતાબેન સુભાષભાઈ પટેલ વરદ્ હસ્તે બાગની લોકાર્પણ વિધી કરવામાં આવેલ છે. સદર લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન સ્થાનીક નગરજનો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.

કારખાનેદાર દ્વારા યાર્ન વેપારી સાથે ૧૬.૯૯ લાખની ઠગાઈ

કારખાનેદાર કારખાનું બંધ કરીને ભાગી છૂટ્યો

સુરત

કતારગામના કારખાનેદારે યાર્નનો જથ્થો ખરીદ્યા બાદ કારખાનું બંધ કરી દઈ લાખો રૂપિયામાં ઉઠમણું કર્યું હતું. આ કારખાનેદાર સામે યાર્નના વેપારીએ રૂપિયા ૧૬.૯૯ લાખની ઠગાઈ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉધના સત્યનગર સોસાયટીમાં રહેતાં યાર્નના વેપારી ધર્મેશ ઠાકોરદાસ જરીવાળા પાસેથી આરોપી સતીષ પ્રાગજી તરપરાખેર રહે. લક્ષ્મી સોસાયટી, ગજેરા સ્કૂલની પાછળ, કતારગામ, રૂપિયા ૨૦,૪૯,૮૨૫ની કિંમતનો યાર્નનો જથ્થો ખરીદી કર્યા બાદ માત્ર રૂપિયા ૩,૫૦,૪૩૪નું પેમેન્ટ કરી બાકીના રૂપિયા ૧૬,૯૯,૩૯૧ ચૂક્વવાને બદલે કારખાનું બંધ કરી દઈ ફરિયાદી યાર્નના વેપારી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. પાંડેસરા પોલીસે ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડોક્ટર મહિલા સાથે રૂા.૮૩ હજારની ઠગાઈ

સુરત

મહિલા તબીબના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૮૩,૯૭૫ની રકમ ગાયબ થઈ ગઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાલ સમર્થ પેરેડાઈઝમાં રહેતાં ડૉ. સેજલ વિપુલ અગ્રવાલે આપેલી ફરિયાદ મુજબ ફરિયાદી ડૉ. સેજલ અગ્રવાલના બેંક ઓફ બરોડાના એકાઉન્ટની માહિતી અજાણ્યા વ્યક્તિએ મેળવી ફરિયાદીના એકાઉન્ટમાંથી રૂપિયા ૮૩,૯૭૫ ઉપાડી લીધા હતા. લાલગેટ પોલીસે ડૉ. સેજલ અગ્રવાલની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. કેસની તપાસ પો.ઈ. એ.જી. રાઠોડ કરી રહ્યા છે.

સુરત એરપોર્ટ પર ૨૦૦ ગ્રામ સોનાની બે કેપ્સૂલ મળતા યુવકની અટકાયત

શારજાહની ફ્લાઈટમાં મુંબઈનો યુવક સોનુ છૂપાવીને લઈ આવ્યો હતો

સુરત

સુરત એરપોર્ટ પરથી ફરી એકવાર એક યુવક દાણચોરી કરતા ઝડપાયો હતો. શારજાહથી સુરત આવેલા મુંબઈના યુવક પાસેથી સુરત કસ્ટમ વિભાગે બે સોનાની કેપ્સૂલ સાથે ઝડપી પાડ્યો હતો. હાલ તો કસ્ટમ વિભાગે યુવકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતથી શારજાહ વચ્ચે ઉડતી ફ્લાઈટમાં સોનુ લાવવાની બની રહેલી ઘટનાઓ વચ્ચે આજે વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આજે શારજાહથી સુરત આવેલી ફ્લાઈટમાંથી ઉતરેલા પ્રવાસીઓની કસ્ટમ વિભાગ દ્વારા નજર રખાઈ રહી હતી. તે વખતે જ એક પ્રવાસીની શંકાસ્પદ હિલચાલ જણાતા તેની તપાસ કરતા સોનાની કેપ્સૂલ મળી આવી હતી. કસ્ટમ વિભાગને મુંબઈના રાજેશ ચાબરીયા નામના યુવક પાસેથી ૮.૫ લાખની કિંમતની ૨૦૦ ગ્રામ સોનાની બે કેપ્સૂલ મળી આવી હતી.

એરપોર્ટ પર રેડ ચેનલ અને ગ્રીન ચેનલ હોય છે. જેમાં રેડ ચેનલમાં લાવેલા સોનાની ડ્યૂટી ભરવાની હોય છે. જ્યારે ગ્રીન ચેનલમાં જે લોકો સોનું ના લાવ્યા હોય તે લોકોને પસાર થવાનું હોય છે. એરોબ્રિજથી એરપોર્ટની બહાર નીકળવા સુધીના રસ્તા પર કસ્ટમ અધિકારીઓ પેસેન્જર પર બારીક નજર રાખી શંકાસ્પદ પેસેન્જરને ફરીથી મેટલ ડિટેક્ટર ડોરમાંથી નીકળવા જણાવવામાં આવે છે. જેમાં જો પેસેન્જર પોતાના શરીરમાં કે શરીરની બહાર કોઈ પણ રીતે સોનાની પેસ્ટ સ્વરૂપે કે હાર્ડ સ્વરૂપે સંતાડ્યું હોય તો શોધી લેવામાં આવે છે.

શાળા સમિતિની વાલી દિન ઉજવણીમાં સીએએ સમર્થિત કૃતિ રજૂ કરવા આદેશ

વોટ્સએપ દ્વારા કરાયેલા આદેશથી વિવાદ થવાના એંધાણ

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં આગામી દિવસોમાં વાલી દિનની થનારી ઉજવણીમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થતી કૃતિઓમાં સીએએ સમર્થનની કૃતિ રજૂ કરવા માટે વોટ્સએપ દ્વારા તમામ શિક્ષકોને આદેશ અપાતા વિવાદ થવાના એંધાણ છે. આ મુદ્દે કોર્પોરેટર અસલમ સાયકલવાળાએ ગઈકાલે શાળા સમિતિના શાસનાધિકારી વિમલ દેસાઈને રૂબરૂ મળી પ્રાથમિક શાળાના બાળકોને રાજકીય હાથો નહીં બનાવવા માટે રજૂઆત કરી હતી. સીએએ સમર્થનમાં કૃતિ રજૂ કરવા માટે દબાણ કરવામાં આવશે તો સીએએનો વિરોધ કરનારા પણ ઉભા થશે, તો માસુમ બાળકો પણ તેની વિપરીત અસર થશે.

શિક્ષણ સમિતિમાંથી મળતી માહિતી મુજબ શિક્ષણ સમિતિના યુઆરસી શિક્ષક દિનેશ સાહેબરાવ વાઘે આગામી દિવસોમાં યોજાનારા વાલી દિનના કાર્યક્રમમાં વિદ્યાર્થી પાસે સીએએ સમર્થનની કૃતિ રજૂ કરવા આદેશ આપ્યો હોવાનું જાણવા મળે છે. એક તરફ દેશભરમાં સીએએ સમર્થન અને વિરોધમાં કાર્યક્રમો થઈ રહ્યા છે. ત્યારે શાળા સમિતિના માસુમ બાળકોને આ વિવાદમાં ઘસેડવાનું શૂરાતન શાળા સમિતિને ચઢ્યું છે. આ અંગે કોર્પોરેટર અસલમ સાયકલવાળાએ શાળા સમિતિના શાસનાધિકારી વિમલ દેસાઈને મળીને શાળાની માસુમ બાળકોને આવા વિવાદથી દૂર રાખવા રજૂઆત કરી હતી.

તા.૧૪મીથી વ્યારામાં ૨૭મો આદિજાતી મહોત્સવ યોજાશે

કાર્યક્રમના આયોજન સંદર્ભે કલેક્ટરે બેઠક યોજી

વ્યારા

આદિવાસી સમાજની ભવ્ય અને ઐતિહાસિક વિરાસત, પરંપરાગત વારસો અને અસ્મિતાને ટકાવવાના પ્રયાસોના ભાગરૂપે તથા જળ, જમીન, જંગલ અને પર્યાવરણ સાથે જોડાયેલ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા પ્રતિ વર્ષ રાજ્ય સરકાર દ્વારા આદિજાતી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે તાપી જિલ્લામાં વ્યારા ખાતે તા.૧૪/૧૫ ફેબ્રુઆરીના રોજ દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલયમાં ૨૭મા આદિજાતી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણીના સુચારુ આયોજન અંગે કલેક્ટર આર.જે. હાલાણીની અધ્યક્ષતામાં એક બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં સબંધિત વિભાગોના અધિકારીઓને સોંપવામાં આવેલ કામગીરી સહિત વિવિધ સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને સભામંડપ, સ્ટેજ, બેઠક વ્યવસ્થા, વીજળી, પાણી, આરોગ્ય, વાહન વ્યવહાર, પાર્કિંગ, કાયદો વ્યવસ્થા, પ્રદર્શન સ્ટોલ, સ્વચ્છતા જાળવણી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોના સુચારૂ આયોજન સહિત વિવિધ પાસાઓની વિગતે ચર્ચા કરી સબંધિત અધિકારીઓને કામગીરી સબબ રચનાત્મ સુચનો કરાયા હતા. યુવા વિકાસ અધિકારી અમૃતા ગામીતે આ ઉજવણી સંદર્ભે હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગતો આપી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર બી.બી. વહોનીયા, ડીઆરડીએ ડાયરેક્ટર જે.જે. નિનામા, પ્રાયોજના વહીવટદાર વિજય પટેલ, કાર્યપાલક ઈજનેર એ.જી. વસાવા, વ્યારા પ્રાંત અધિકારી હિતેશ જોષી, પ્રા. શિક્ષણાધિકારી જયેશ પટેલ, પ્રોગ્રામ ઓફિસર ડો.કે.ટી. ચૌધરી, તકેદારી અધિકારી એચ.એલ.ગામીત, રમતગમત અધિકારી અમરસિંગ રાઠવા, સહિત અધિકારીઓ સહિત ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

૧૮મી ફેબ્રુઆરીએ જિલ્લા પંચાયત વલસાડની ખાસ સામાન્ય સભા યોજાશે

વલસાડ: જિલ્લા પંચાયત વલસાડની ખાસ સામાન્યમ સભા તા.૧૮-૦૨-૨૦૨૦ના મંગળવારના રોજ બપોર. ૦૧.૦૦ કલાકે, રાજીવગાંધી સભાગૃહ ખાતે યોજાશે.

જેમાં ગત સભાની બેઠકમાં લેવાયેલ નિર્ણયો ઉપર પગલાનો અહેવાલ, વિવિધ સમિતિઓની મળેલી બેઠકની કાર્યવાહી નોંધને બહાલી, ૨૦૧૯-૨૦ ના વર્ષનું સુધારેલ તથા ૨૦૨૦-૨૧ ના વર્ષનું અંદાજપત્ર મંજુર કરવા, એમ.જી.એન.આર.ઈ.જી.એ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧નું સપ્લીમેન્ટારી લેબર બજેટ મંજુર કરવા તથા પ્રમુખ સ્થાજનેથી રજુ થતા કામો અંગે ચર્ચા તથા કાર્યવાહી કરવામાં આવશે. આ બેઠકમાં સંબંધિત અધિકારી કર્મચારીઓને હાજર રહેવા જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા જણાવાયું છે.

તાપમાન પાંચ ડીગ્રી વધી જતા બળબળતા ઉનાળાનો આરંભ

નવસારીમાં ૨૨ અને સુરતમાં ૨૩ ડીગ્રી ઉનાળા જેવું તાપમાન

સુરત

પવનની દિશા બદલવાની સાથે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૩ દિવસથી સતત તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. આજે ન્યુનતમ અને અધિકતમ તાપમાનમાં વધારો થવાની સાથે ઠંડીની અસર નહીંવત વર્તાઈ હતી. શિયાળો પૂરો થયો હોય તેવો અનુભવ થઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૩.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૮ ટકા તથા હવાનું દબાણ ૧૦૧૭.૪ મિલીબાર નોંધાયું છે. સવારથી જ શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકમાં ૩ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજ સુરતમાં ૧૮.૬ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોંધાયું હતું. જેમાં આજે સડસડાટ પાંચ ડિગ્રીનો વધારો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૨.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૨૦.૫ ડીગ્રી નોંધાયું હતું. નવસારીમાં પણ અધિકતમ તાપમાનનો પારો ૩૩.૨ ડીગ્રી સુધી પહોંચી ગયો છે.

સતત ત્રણ દિવસથી તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો હોવાથી ઠંડીનો ચમકારો ઘટી રહ્યો છે. લોકોને ગરમ વસ્ત્રો પહેરવાથી રાહત મળવાની સાથે બપોરના સમયે ગરમીનો સામનો કરવાની ફરજ પડી રહી છે.



રિંગરોડ પર માનદરવાજા પાસે આજે સવારે દોડતી પીકઅપ વાનનું ટાયર નીકળી જતા સર્જાયેલા અકસ્માતમાં પીકઅપ વાનમાં સવાર ચાર લોકો ઘાયલ થયા હતા. વાન પલ્ટી જવાના કારણે એકતરફનો રસ્તો બંધ થઈ જતા રિંગરોડ પર પીકઅવર્સ દરમિયાન ટ્રાફિક જામ થઈ જતા કામ-ધંધા અર્થે નીકળેલા વાહન ચાલકો લાંબા સમય સુધી ટ્રાફિકમાં ફસાઈ ગયા હતા. પલ્ટી ગયેલી પીકઅપ વાન તથા ટ્રાફિક જામના દૃશ્યો રજૂ કરતી આ તસ્વીરો છે.

અઠવા ઝોને વેરા વસુલાત અંગે વધુ ૧૪ મિલ્કતોને સીલ માર્યા

સુરત

સુરત મહાનગર પાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮-૨૦૨૦ના મ્યુનિસિપલ મિલકતવેરાની ઘનિષ્ઠ વસુલાત માટે પગલા લેવામાં આવેલ છે. અઠવાઝોન સંલગ્ન વિસ્તારમાં તા.૧૧/૦૨/૨૦૨૦ ના રોજ સઘન વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. રોજ કુલ–૧૪ મિલ્કત સીલ કરતાં સ્થળ પર કુલ રૂા.૩૦,૦૦,૦૦૦/-(એકકરૂપિયા ત્રીસ લાખ પુરા) જેટલી મિલકતવેરાની વસુલાત થયેલ છે. વધુમાં જુદા જુદા કોમર્શીયલ કેમ્પલેક્ષના બાકી વેરા બાબતેના કુલ–૨૦ નોટીસ બોર્ડ (બેનર) જાહેર જનતાની જાણ માટે લગાવવામાં આવેલ છે. જેવા કે, રાહુલ રાજ મોલ, સ્વસ્તિક યુનિર્વસ,આઈકોન બિઝનેશ સેન્ટર, રઘુવીર બિઝનેશ પાર્ક, પ્રાઈમ શોર્પસ, સફલ સ્કવેર લકઝુરીયા બિઝનેશ હબ,રૂંઢ મગદલ્લા, લકઝુરીયા ટ્રેડ હબ, ઉધના મગદલ્લા રોડ, વેસુ, સુક્ષ્મ પ્લેટીનમ, યુનિકોન પ્લાઝો વેસુ,એસ.એન.એસ. પ્લેટીના, ફેર પોઈન્ટ, મારવેલા કોરીડોર, વી.આઈ.પી. રોડ, વેસુ, અવધ એસ્ટેના, ઓફિરા બિઝનેશ, પેલેડિયમ કોર્પોરેશન, ભરથાણા,શિવસોમેશ્વર એન્કલેવ, ભીમરાહ, એટલાન્ટા શોપિંગ સેન્ટર,અલથાણ વિગેરે વિસ્તારોમાં નોટીસ બોર્ડ લગાવવામાં આવેલ છે.

વેસુ આવાસમાં સિલિન્ડર બ્લાસ્ટમાં દાઝી ગયેલા પાડોશી યુવાનનું મોત

સુરત

વેસુમાં એસએમસી ક્વાર્ટસમાં ૫ ફેબ્રુઆરીના રોજ સવારે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા આગ ભભૂકી ઉઠી હતી. જેમાં દંપતી ગંભીર રીતે દાઝી ગયું હતું. ત્રણ બાળકોને બચાવવા ગયેલા અન્ય ૩ યુવકો પણ દાઝી ગયા હતા. તમામને હોસ્પિટલ ખસેડાયા હતા. જેમાં ગંભીર રીતે દાઝી ગયેલા પાડોશી યુવક વિનોદનું સારવાર દરમિયાન રાત્રે મોત નિપજ્યું હતું.

વેસુ એસએમસી ક્વાર્ટર્સ ખાતે રહેતા પ્રવિણ અખિલદાસ શાહના પત્નીએ બુધવારે વહેલી સવારે પાણી ગરમ કરવા ચુલો સળગાવતાં ગેસ લીકેજથી સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો અને ફ્લેશ ફાયર થતા ઘરમાં આગ ભભૂકી ઉઠી હતી. પ્રવિણભાઈ અને જયોત્સનાબેન(૩૦) ગંભીર રીતે દાઝી ગયા હતા. પાડોશમાં રહેતા વિનોદ ગૌસ્વામી, કૈલાસભાઈ ઈસી અને દિનેશભાઈ અખાડે બચાવવા જતા તેઓ પણ દાઝી ગયા હતા. બાળકો સોના, અંશુ અને સોહનનો ચમત્કારિક બચાવ થયો હતો.

વેસુ આવાસમાં વિનોદ બૈજનાથ ગોસ્વામી (ઉ.વ. ૩૨) માતા-પિતા અને બે સંતાનો સાથે રહેતો હતો અને પાનનો ગલ્લો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પત્નીનીના મૃત્યુ બાદ એક દીકરો અને એક દીકરીની જવાબદારી નિભાવી રહ્યો હતો. પાડોશમાં રહેતા પ્રવિણ શાહના ઘરમાં સળગતા સિલિન્ડરની આગને ઓલવવાના પ્રયાસ સમયે બ્લાસ્ટ થતા ગંભીર રીતે દાઝી ગયો હતો.

આમોદમાં વન વિભાગની કચેરી પાસે મળેલી લાશ બાબતે હત્યાનો ગુનો નોંધાયો

પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં હત્યાનો ખુલાસો થતા ખળભળાટ



આમોદમાં ગત ૨૨ મી જાન્યુઆરીએ આમોદ વન વિભાગની કચેરી પાસે મળસ્કે એક યુવાનની લાશ મળી હતી જે બાબતે આમોદ પોલીસે જે તે સમયે અકસ્માત ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી અને હત્યા હોવાની આશંકા સાથે એફએસએલ ની પણ મદદ લઈ લાશનો કબજો લઈ પેનલ પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જે પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં યુવાનની હત્યા થઈ હોવાનો ખુલાસો થતા હાલ સર્કલ પોલિસ ઈન્સ્પેક્ટર જંબુસર તપાસ કરી રહ્યા છે.

આમોદ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આમોદ નગરના દરબારી મસ્જિદ પાસે રહેતો સઈદ રશીદ રાણા ૨૨ મી જાન્યુઆરીના રોજ પોતાના ઘરેથી સવારે પઃ૩૦ કલાકે પાદરા તાલુકાના માસારોડ પાસે આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી જવા માટે નીકળ્યો હતો. જે અરસામાં આમોદના વન વિભાગની કચેરી પાસે આરસીસી રોડ ઉપર સવારે સાડા પાંચથી સાડા છ વાગ્યા દરમિયાન તે લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો. જેના માથાના ભાગે તેમજ કાનના ભાગે ઈજાના નિશાન જોવા મળ્યા હતા. જેને આમોદ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવતા હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આમોદ પોલીસે જે તે સમયે અકસ્માત ગુનો નોંધી ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જોકે મૃત યુવકને માથાના ભાગે તેમજ કાનના ભાગે ગંભીર ઈજાઓ જોતા તેનું પડી જવાથી મોત થયું છે કે પછી કોઈએ હત્યા કરી છે જે બાબતે આમોદ પોલીસે એફએસએલની પણ મદદ લીધી હતી અને બાજુની શાળાના સીસીટીવી ફૂટેજ પણ મેળવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. હત્યાની આશંકના પગલે આમોદ પોલીસે મૃત યુવાનનું પેનલ પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જે પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં યુવાનની હત્યા થઈ હોવાનો ખુલાસો થતા આમોદ નગરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આમોદ પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાયો હતો.હાલ જંબુસરના સર્કલ પોલીસ ઈન્સ્પેકટર તપાસ ચલાવી રહ્યા છે.

જોકે મૃતક સઈદ રશીદ રાણાના મોતને મામલે આમોદ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો પરંતુ કોઈ ચોક્કસ કડી ના મળતા આમોદ પોલીસને નિરાશા સાંપડી હતી ત્યારે હવે યુવાનની હત્યા થઈ હોવાનો પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં ખુલાસો થતા જંબુસરના સર્કલ પોલીસ ઈન્સ્પેકટર હત્યારાઓને શોધવા માટે કવાયત હાથ ધરી છે.

ટેમ્પા ચાલકે ગ્રે કાપડનો માલ પહોંચાડવાના બદલે વેચી માર્યો

રૂા.૧.૧૩ લાખનો માલ સગેવગે કરી દેવાતા પોલીસ ફરિયાદ

સુરત

ડીલીવરી માટે આપેલો ગ્રે કાપડનો જથ્થો બારોબાર વેચી મારનાર સામે પાંડેસરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બમરોલી રોડ હરિઓમ સોસાયટીમાં કારખાનું ધરાવતા રાજુભાઈ માધવલાલ પટેલે આરોપી ધર્મેન્દ્ર લક્ષ્મી ચૌહાણ રહે. ઉમા સોસાયટી, અલથાણને ગ્રે કાપડનો જથ્થો કિંમત રૂા.૧,૧૩,૬૩૦ ડિલીવરી કરવા માટે આપ્યો હતો. આરોપી ધર્મેન્દ્ર ચૌહાણ ફરિયાદીના કારખાનામાંથી માલ ભરીને લઈ ગયા બાદ જે જગ્યાએ માલની ડિલીવરી આપવાને બદલે અન્ય જગ્યાએ વેચી દઈ ફરિયાદી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. પાંડેસરા પોલીસે કારખાનેદાર રાજુ માધવલાલની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સરથાણા સ્વામી નારાયણ ગાદી સંસ્થાન મંદિરમાં પાટોત્સવ

સુરત

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર —સરથાણા, સુરતમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, સરથાણા-સુરત મુકામે તા.૧૨-૦૨-૨૦૨૦ થી તા.૧૩-૦૨-૨૦૨૦ એમ બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૨-૨-૨૦૨૦ને શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ અને અબજીબાપાશ્રીની વાતોની સમૂહ પારાયણની મહાપૂજા થશે. ત્યારબાદ પૂજનીય સંતો કથામૃતનું રસપાન કરાવશે. રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦ સુધી પણ પારાયણનું શ્રવણ પૂજનીય સંતો કરાવશે. તા.૧૩-૨-૨૦૨૦ ને ગુરુવારે સવારે ૮:૦૦ કલાકથી પોડશોપચારથી શાસ્ત્રોક્ત રીતે પાટોત્સવ વિધિ કરવામાં આવશે તેમજ ધ્વજારોહણ, આરતી વગેરે કાર્યક્રમ યોજાશે.શ્રી શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથની પારાયણની પૂર્ણાહુતિ થશે. ગુરુદેવ શ્રી જીવનપ્રાણ સ્વામીબાપાના દિવ્ય આશીર્વાદનું અમૃતપાન કરાવવામાં આવશે. અને ભક્તિભાવથી તૈયાર કરેલ અન્નકૂટ ધરાવવામાં આવશે. બંને દિવસોએ બપોરે મહાપ્રસાદ આપવામાં આવશે. આ પ્રસંગે ભાવિક ભક્તોને પધારવા આમંત્રણ પાઠવવામાં આવે છે.

રૂસ્તમપુરા અને પાલીગામમાં જુગાર રમતા ૧૫ જુગારી ઝબ્બે

સ્થાનિક પોલીસે જુગારીઓને પકડી પાડ્યા

સુરત

સલાબતપુરા અને સચીન જીઆઈડીસી પોલીસે જુગાર રમતાં ૧૫ જુગારીની ધરપકડ કરી રૂપિયા ૨૪,૯૬૦ની મતા કબજે કરી હતી.

સલાબતપુરા પોલીસે રૂસ્તમપુરા રાવણતાડમાં જુગાર રમતાં હરીશ રાઠોડ, સંજય મનસુખ, દિવ્યેશ વસાવા, વિજય દેવીપૂજક, ફકીર જાવીદ, મેહુલ રામવિલાશ, પટેલ ચિંતનની ધરપકડ કરી આરોપી જયેશ ગોવિંદ રાઠોડને વોન્ટેડ જાહેર કરી રોકડા રૂપિયા ૧૨૩૦૦ કબજે કર્યા હતા.

સચીન જીઆઈડીસી પોલીસે પાલીગામ ડી.એમ. નગરમાં જુગાર રમતાં દિપુ નારાયણ કઠેરીયા હરિઓમ કઠેરીયા, બાલકિશન લાલારામ, રવિ બાબુ જાનકી પ્રસાદ, અખિલેશકુમાર દિવાકર, જીતેન્દ્ર કઠેરીયા, મોનુ નરેન્દ્ર, સુનીલ શ્રી બાબુની ધરપકડ કરી રોકડા રૂા.૧૨૬૬૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય, ઈન્ડીયન રેડક્રોસ ચોર્યાસી બ્રાન્ચ, લોકદૃષ્ટિ ચક્ષુબેંક તથા સક્ષમ સુરત દ્વારા બાળકોની આંખની તપાસ અને ફ્રી ચશ્મા વિતરણ કાર્યક્રમ





લોકદૃષ્ટિ ચક્ષુબેંક તથા ઈન્ડીયન રેડક્રોસ ચોર્યાસી બ્રાન્ચ તેમજ રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ અંતર્ગત જૂની સિવિલ હોસ્પિટલ તબીબની સહાયથી રાષ્ટ્રીય બાળ સ્વાથ્ય તપાસ કાર્યક્રમ અંતર્ગત આજ રોજ નગરપ્રાથમિક શાળા નંબર૧૨૨/૧૩૨ કમલ પાર્ક ખાતે આજુ બાજુ વિસ્તાર ૭૬ શાળાના દ્રષ્ટિખામી ભોગવતા બાળકોની આંખનો નિદાન તેમજ ફ્રી ચશ્માના કાર્યક્રમ માં સક્ષમ(સમદ્રષ્ટિ ક્ષમતા વિકાસ અનુસંધાન મંડળ) દિવ્યાંગ માટે કાર્ય કરતું રાષ્ટ્રીય સંગઠન નો ઝછસ્મ્છ કોર્નિયલ અંધત્વ મુક્ત ભારત અભિયાન ના પશ્ચિમ ભારત કાર્યવાહક પ્રમુખ લોકદ્રષ્ટિ ચક્ષુબેંક,રેડ ક્રોસ બ્લડ બેન્ક,હોમગાર્ડ કમાન્ડન્ટ ડો. પ્રફુલભઈ શિરોયાના માર્ગદર્શન અને શિક્ષણ સમિતિ ચેરમેન હસમુખભાઈ પટેલના સહયોગથી ડો.હેતલ ગજેરા, ડો.વિપુલ પટેલ, ડો.દિપાલી પટેલ અને ડો. રીકલ કા કડિયાની મહેનતથી ૭૦૦ જેટલા વિધાર્થીઓની આંખની તપાસ કરી ૧૫૦ જેટલા બાળકોને ફ્રી ચશ્માં આપવામાં આવેલ. તેમજ જિલ્લા અંધત્વ અંધત્વ નિયંત્રણ દ્રષ્ટિ ખામી કાર્યક્રમના ડો.ઋષી માથુર સાહેબના માર્ગદર્શન હેઠળ ઓસ્થલ્મીક આસી.ગિરીશભાઈ મકવાણા તેમજ ઓસ્થલ્મીક આસી.ની ટીમે સહકાર આપ્યો હતો.દિનેશભાઈ પટેલ,મદન સિંહ આટોદરિયા,તેમજ સ્કૂલના પ્રિન્સિપાલ અને સારસ્વત મિત્રો દ્વારા આ કાર્યક્રમ ને સફળ બનાવવા પ્રયત્ન કર્યો હતો.

નવસારી જિલ્લાના ૯૫ હજારથી વધુ ખેડુતોને કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ

પશુપાલન અને મત્સ્યોદ્યોગના કિસાનોને કેસીસીના લાભો અપાશે

નવસારી

ભારત સરકાર દ્વારા તમામ પીએમ-કિસાન લાભાર્થીઓ માટે રાહતવાળી સંસ્થાકિય ધિરાણની સુવિધા પહોચાડવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંર્તગત તમામ લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી)યોજનામાં આવરી લેવામાં આવશે. આ અંગે કિસાન ભાઈ-બહેનો વધુ જાગૃત બને તે હેતુથી નવસારી જિલ્લા પંચાયતના સમિતીખંડમાં જિલ્લા વિકાસ અધિકારી કુ.પ્રશસ્તિ પરીકના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી.

નવસારી જિલ્લામાં ૯૫,૪૭૪ જેટલા લાભાર્થીઓની નોંદ્યણી પીએમ-કિસાન યોજના હેઠળ થઇ છે. જેમાંથી ફકત ૩૦,૪૬૩ લાભાર્થીઓએ જ કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાનો લાભ લીધો છે. આ અંગે વધુ પ્રચાર-પ્રસાર કરવા તથા ગ્રામજનોને જાગૃત કરવા ગામે-ગામ જઈ બેન્કના અધિકારીઓ દ્વારા જાગૃતિ કેમ્પ યોજવામાં આવશે. કિસાન ક્રેડિટ કાર્ડ ઓછામાં ઓછા દસ્તાવેજ અને સરળ વિધિથી મેળવી શકાય છે. બેન્ક દ્વારા એક પાનાનું સરળ ફોર્મ બનાવવામાં આવ્યું છે જેની સાથે આઇડી પ્રુફ તથા વાવેલા પાકની નકલ, જમીનના રેકોર્ડના દસ્તાવેજ આપી આ યોજનાનો લાભ લઇ શકે છે. કેસીસીના લાભનો વ્યાપ વધારવા પશુપાલન અને મત્સ્યોદ્યોગના કિસાનોને પણ આવરી લેવામાં આવ્યા છે. તેવા લાભાર્થીઓ વધારાની મર્યાદાની મંજૂરી માટે બેન્ક શાખામાં વધુ માહિતી મેળવી શકે છે.

કેસીસી યોજનાનો વધુમાં વધુ લાભ ખેડૂત મિત્રો લે તે માટે નજીકની બેન્ક શાખાની મુલાકાત લેવા જિલ્લા વિકાસ અધિકારી કુ.પ્રશસ્તિ પરીક તથા તમામ બેન્ક અધિકારીઓ દ્વારા લાભાર્થી ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં લીડ બેન્ક મેનેજર દિનેશ પરમાર, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એ.આર.ગજેરા, જિલ્લા રજીસ્ટ્રાર શ્રી એસ.આર.પટેલ, સહાયક માહિતી નિયામક શ્રી આર.એ.જેઠવા સહિત અન્ય અધિકારી કર્મચારીગણ તથા પ્રિન્ટ/ઇલેકટ્રોનિક મિડિયાના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

રિંગરોડ પર પીકઅપ વાનનું ટાયર નીકળી જતા અકસ્માત : ચાર ઘવાયા

લગ્નપ્રસંગમાં જતી ગાડીનું તેલ અને ચટણી રસ્તા પર ઢોળાતા ટ્રાફિક જામ

સુરત

રીંગરોડ પર દોડતી પિકઅપ વાનનું ટાયર નીકળી જતા પલટી મારી ગઈ હતી. જેથી પિકઅપ વાનમાં સવાર ચાર જેટલાને ઈજા પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે, મોટા વરાછા લગ્ન પ્રસંગમાં કેટરર્સના કામ અર્થે પિકઅપ વાનમાં ઉધનાથી ચાર જેટલા લોકો જઈ રહ્યા હતા. દરમિયાન રીંગરોડ પર ચાલુ પિકઅપ વાનનું ટાયર નીકળી જતા પલટી મારી ગઈ હતી. જેથી પિકઅપ વાનમાં સવાર ચારેયને ઈજા પહોંચી હતી. આસપાસથી દોડી આવેલા લોકોએ ૧૦૮ મારફતે તમામ ઈજાગ્રસ્તને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.

પિકઅપ વાનમાં કેટરર્સનો સામાન રોડ પર પડ્યો હતો. જેમાં તેલ અને ચટણીની રેલમછેલના કારણે અન્ય વાહન ચાલકો સ્લીપ થતા હતા. જેથી ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગેના કાફલાએ ખાદ્ય સામગ્રી પાણીથી સાફ કરી ટ્રાફિક રાબેતા મુજબ કર્યો હતો.

ભાટીયા ટોલનાકા અંગે જન આંદોલન સંઘર્ષ સમિતિની ગામેગામ બેઠક

સુરત શહેર જિલ્લાની અગ્રણી સંસ્થાઓ પાસે સમર્થન માંગવામાં આવશે

સુરત

ભાટીયા ટોલ પ્લાઝા ઉપર સ્થાનિક વાહનોને સંપૂર્ણ ટોલ મુક્તિ માટે લડતનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. ગઈકાલે પલસાણાના ઈટાળવા ગામે મળેલી જાહેરસભામાં ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલ, સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયક સહિતના ૨૧ સભ્યોની સંઘર્ષ સમિતિની રચના કરવામાં આવી હતી. તેમજ આ જાહેરસભામાં આગામી કાર્યક્રમો વિશેની ચર્ચા કરવામાં આવી હતી.

દરમિયાન સંઘર્ષ સમિતિના સભ્ય દર્શન નાયકે જણાવ્યું હતું કે, આજે સુરત સહિત જિલ્લાની અગ્રણી સામાજિક, આર્થિક, સંસ્થાના આગેવાનોને મળીને આ લડત માટે સમર્થનપત્ર માંગવામાં આવશે.

વધુમાં દર્શન નાયકના જણાવ્યા મુજબ ભાટિયા ટોલનાકે સ્થાનિક વાહનોને રિતસર અન્યાયી કરવામાં આવે છે. આ અન્યાયના વિરોધમાં પ્રજાના સમર્થનથી જનઆંદોલન શરૂ કરવામાં આવ્યું છે. આ આંદોલન બીન રાજકીય રીતે આગળ ધપશે. તેમજ ગામે ગામની પંચાયતો પાસેથી લડતને સમર્થન આપતા ઠરાવો મેળવવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

બોગસ દસ્તાવેજ ઉભા કરી પીપોદરાની જમીનમાં કબજો

શસ્ત્રો બતાવી જમીન માલિકને ધમકી આપી

સુરત

માંગરોળના પીપોદરા ગામની સીમમાં આવેલ જમીનના બોગસ દસ્તાવેજો બનાવી કબજો કરનારાએ જમીન માલિકને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ કોસંબા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

કોસંબા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણા રોડ સરિતા વિહાર સોસાયટીમાં રહેતાં શૈલેષ ધીરૂભાઈ કાનાણીએ આરોપી કલ્પેશ રશિક કોટડીયા રહે. અંબિકાનગર, કતારગામ, નયન છગન સુતરિયા રહે. સરથાણા, જમીન સવૈયર લંકેશ ઠુમ્મર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીની માલિકીની જમીન પીપદોરા ખાતે આવેલી છે. આ જમીનની માલિકી આરોપીની ન હોવા છતાં પણ બોગસ દસ્તાવેજો બનાવી જમીન ઉપર કબજો જમાવી ફરિયાદીને પોતાની જમીનમાં પ્રવેશતા અટકાવવા માટે ઘાતક શસ્ત્રો બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે કોસંબા પોલીસે શૈલેષ કાનાણીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

દિલ્હીમાં લઘુ ઉદ્યોગ એડીશનલ સેક્રેટરી ડો. રામમોહન મિશ્રાને ચેમ્બરની રજૂઆત

ઉદ્યોગકારોને રજીસ્ટ્રેશન અંગે પડતી મુશ્કેલીઓ નિવારવા ચેમ્બરની માંગ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈ અને તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ મંગળવારે, ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયના એડીશનલ સેક્રેટરી એન્ડ ડેવલપમેન્ટ કમિશનર ડો. રામમોહન મિશ્રા, જોઈન્ટ સેક્રેટરી શ્રી સુધીર ગર્ગ અને એડીશનલ ઈન્ડસ્ટ્રીયલ એડવાઈઝર શ્રી જી શાનમુગનાથનની સાથે બેઠક કરી હતી. જેમાં ચેમ્બર દ્વારા બંને અધિકારીશ્રીઓને એમએસએમઈને પ્રમોટ કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ઉદ્યોગકારોને ઉદ્યોગ આધાર અને રજિસ્ટ્રેશનમાં પડતી મુશ્કેલીઓને નિવારવા મુદ્દે ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તદુપરાંત બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડની કમિટીમાં એમએસએમઈ ઉદ્યોગકારોને સભ્ય તરીકેનું સ્થાન આપવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી. એ મ અ સ અ મ ઈ ના અધિકારીશ્રીઓએ ચેમ્બરની રજૂઆતોને ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી એમએસએમઈ ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓને નિવારવાની દિશામાં હકારાત્મક વલણ દાખવ્યુ હતુ.



રાજપીપળા ટાઉન પો.સ્ટે.ને અડીને આવેલી બે બેન્કો બહાર ગંભીર ટ્રાફિક સમસ્યા થી લોકો ત્રાહિમામ



નાગરિક બેંક અને બેંક ઓફ બરોડા બહાર આડેધડ પાર્ક થતા વાહનોના કારણે સ્ટેશન રોડ જેવા મુખ્ય માર્ગ પર પણ ટ્રાફિક જામના દ્રશ્યો

બેંક ઓફ બરોડાનું તો અંદર પાર્કિંગ હોવા છતાં ગ્રાહકોને અંદર વાહનો ન મુકવા દેતા અને અન્ય બે બેન્કોનો સમાવેશ થતા વાહકનોની સંખ્યા વધતા મુશ્કેલી વધી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે ટાઉન પ્લાનિંગ મુજબ દબાણો હટતા નથી જ્યારે દિવસે દિવસે વાહનોની સંખ્યા વધતી હોય સ્ટેટ સમયના રસ્તા સાંકડા પડતા વારંવાર ટ્રાફિક જામ જોવા મળે છે. ત્યારે હાલમાં રાજપીપળા ટાઉન પો.સ્ટે.ને અડીને જ આવેલી નાગરિક બેંક અને બાજુની બેંક ઓફ બરોડા બહાર આડેધડ વાહનો પાર્ક થતા પગપાળા જવું પણ મુશ્કેલ બન્યું છે. જેમાં ખાસ કરીને બેંક ઓફ બરોડા માં અન્ય બે બેન્કો નો સમાવેશ થયો હોય ગ્રાહકો ના વાહનો પણ બમણા થયા છે તદુપરાંત બરોડા બેંક માં અંદર પાર્કિંગની વ્યવસ્થા હોવા છતાં ગ્રાહકો ને અંદર પાર્કિંગ ન કરવા દેતા રોજના હજરો ગ્રાહકોની આવન જાવન માં આખો દિવસ ટ્રાફિક જામ જોવા મળે છે ત્યારે પોલીસ અને પાલીકા તંત્ર માટે આ સમસ્યા હેડેક બની ચુકી હોય ત્યારે તંત્ર બેંક સત્તાધીશો ને નોટિસ ફટકારી ટ્રાફિક સમસ્યા હળવી કરે તેવી માંગ ઉઠી છે.ટ્રાફિક અને ટાઉન પોલીસ સાથે પાલીકા વિભાગ આખા શહેર માં જોવા મળતી આ ગંભીર તકલીફ બાબતે કડક પગલાં લે એ જરૂરી છે.

રાજપીપળા-ભરૂચમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અનેક અટકળો : ગ્રાન્ટ ના અભાવે હમા અટકતા લાભાર્થીઓ મુશ્કેલીમાં

સરકાર પાસે ગ્રાન્ટનો અભાવ હોવાથી લાભાર્થીઓના હમા અટક્યા, આ યોજનામાં લાભ લેતા અમુક લાભાર્થીઓના મોત થતા લોકોમાં ભય

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

દેશભર માં ચાલતી પ્રધાનમંત્રી આવાસ યોજના માં નર્મદા - ભરૂચ જિલ્લા ના લાભાર્થીઓ હાલ મકાનો ખુલ્લા કરી ત્યાજે રૂપિયા શોધી રહ્યા હોવાનું જોવા મળ્યું છે સાથે સાથે કેટલાક લાભાર્થીઓ ના મોત થતા દોષ નો ટોપલો પણ ઢોળાઈ રહ્યો હોય નવા લોકો આ યોજના ના ફોર્મ ભરતા ખચકાય છે.

રાજપીપળા ભરૂચ સહિત સમગ્ર દેશમાં ચાલતી પ્રધાનમંત્રી આવાસ યોજના હાલ મંદર ગતિએ ચાલી રહી હોય એમ લોકો મકાનો તોડી બેઠા બાદ હમા જમા ન થતા લાભાર્થીઓ છત વગરના થઈ જતા ત્યાજે રૂપિયા શોધી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે જોકે સૂત્રો



દ્વારા જાણવા મળ્યા મુજબ સરકાર માંથી ગ્રાન્ટ ના રૂપિયા ઓછા આવતા અઢી ત્રણ મહિના થી લોકો ના હમા અટકી પડ્યા છે ત્યારે રાજપીપળા-ભરૂચ સહિત અનેક તરફ ના લાભાર્થીઓ અટવાઈ પડ્યા હોવાનું જાણવા મળે છે.

સાથે સાથે રાજપીપળા ખાતે છેલ્લા ૨ વર્ષ દરમિયાન આ યોજના માં લાભ લેનારા લાભાર્થીઓ પૈકી ૧૦ થી વધુ અને ભરૂચ માં ૮ થી વધુ લાભાર્થીઓના અકાળે મોત થયા હોય આ યોજના નો લાભ લેતા નવા લોકો ખચકાટ અનુભવે છે રાજપીપળા શહેરમાં તો એવી પણ હવા ઉડી છે કે આ યોજના માં લાભ લેનાર લાભાર્થીઓ ટપોટપ મરે છે.વિજ્ઞાન અને દેશ આટલી પ્રગતિ કરે છે આપણે ફાસ્ટ ઈન્ટરનેટ ના યુગ માં હોવા છતાં કેટલીક માન્યતાઓ અને અંધશ્રદ્ધા હજુ જીવિત હોય હાલ અનેક અટકળો વચ્ચે આ યોજના ની ગતિ ધીમી થતી લાગે છે.જોકે જે હાલ લાભ લઈ રહ્યા છે એમના બે ત્રણ મહિના થવા છતાં હમા ન આવતા ગ્રાન્ટ ની તકલીફ હોવાનું જાણવા મળ્યું છે.

ઝગડિયા જીઆઈડીસીમાં આવેલ બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝમાંથી રાત્રીના સમયે ગંદુ પાણી બહાર છોડાયાની ફરિયાદ

ઝગડિયા

ઝગડિયા જી આઈ ડી સી માં આવેલ બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ માંથી રાત્રી ના સમયે ગંદુ પાણી બહાર કાઢતા હોવાની ફરિયાદ પ્રકૃતિ સુરક્ષા મંડળ ને સ્થાનીય આગેવાન તરફથી કરવામાં આવી હતી.હાલ માં પણ કમ્પની ની પાછળ કુદરતી કાશ માં છોડાયેલું આ ગંદુ પાણી નજરે દેખાય છે. અને જીઆઈડીસી ઝગડિયા ની મોનીટરીગ ટીમ દ્વારા સેમ્પલો લેવામાં આવ્યા છે. જોકે સ્થાનીય પર્યાવરણ વાદીઓ ની માંગણી છે કે જીપીસીબી દ્વારા તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે. આ બાબતે પ્રકૃતિ સુરક્ષા મંડળ તરફથી બનાવની ફરિયાદ જીપીસીબી ને કરવામાં આવી છે જ્યાં જીપીસીબી તરફથી તપાસ કરવાનું આશ્વાશન આપવામાં આવ્યું છે.

બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ એ "ઝીરો ડિસ્ચાર્જ" કેટેગરી માં



આવે છે અને કાયદા મુજબ એમનું ગંદુ પાણી એમણે એમના પ્લાન્ટ માં ટ્રીટમેન્ટ કરી પ્લાન્ટ માં જ વપરાશ કરવાનું હોય છે. બહાર નિકાલ કરવો એ ગુનાહિત બાબત છે. બહાર ગંદુ પાણી જવાથી પર્યાવરણ ને નુકશાન થાય છે. આ સિવાય આવા અન્ય કેટલાય એકમો છે જેઓ ઝીરો ડિસ્ચાર્જ ની પરવાનગી લઈ ને ગેરકાયદેસર બહાર નિકાલ કરતા હોય છે.જેનાથી જળ-જમીન ના પર્યાવરણ ને નુકશાન થાય છે.જેનાથી માનવ સ્વાસ્થ્ય ને ગમ્ભીર નુકશાન થાય છે.

પ્રકૃતિ સુરક્ષા મંડળ તરફથી બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ ના એચ.આર. મેનેજર શ્રી નીનાત દેસાઈ ને બનાવ વિષે પૂછતા તેમણે જણાવ્યું હતું કે " અમારા કર્મચારી ની ભૂલ ને કારણે ગંદુ પાણી બહાર ગયું છે. અમારી આ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ છે અને જે પાણી ભૂલ થી બહાર ગયું છે એ એસીડીક નથી. અને હવે આવી ભૂલ ના થાય એવા પ્રયત્નો કરીશું "

સુરતના સુર્યા મરાઠી સહિત તેના એક સમયના સાગરીતની હત્યા





સુર્યા મરાઠી



હાર્દિક પટેલ





સુર્યા મરાઠીની ઓફિસ પાસે પોલીસે ગોઠવેલો પોલીસ બંદોબસ્ત

સુરત: વેડરોડ ખાતે આવેલી માથાભારે શખ્સ સુર્યા મરાઠીની ઓફિસમાં આજે સાતેક જેટલા અજાણ્યા ઈસમો ઘૂસી આવ્યા હતા. તલવાર અને ચપ્પુના ઘા મારી સુર્યા મરાઠીનું ઢીમ ઢાળી દીધું હતું. એક સમયના સૂર્યા મરાઠીના સાગરિત અને હાલમાં દુશ્મન બની ગયેલા હાર્દિક પટેલ અને તેના માણસોએ સૂર્યા પર હુમલો કર્યો હતો. સૂર્યા અને હાર્દિક વચ્ચે થયેલા સામ સામેના હુમલામાં ટૂંકી સારવાર દરમિયાન સૂર્યા અને હાર્દિક બન્નેના મોત નીપજ્યાં હતાં.હાલ સમગ્ર વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી વધુ તપાસ હાથ ધરી છે.

બેના ટૂંકી સારવાર દરમિયાન મોત

વેડરોડ ખાતે આવેલી માથાભારે સુર્યા મરાઠીની ઓફિસમાં આજે સાત જેટલા અજાણ્યા ઈસમો ઘૂસી આવ્યા હતા. સુર્યા મરાઠી સહિત તેના એક સમયના સાગરીત હાર્દિકનું તલવાર અને ચપ્પુના ઘા મારી ઢીમ ઢાળી દીધું હતું. ઘટનાની જાણ થતા કતારગામ અને ચોક બજાર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

એક વખતના જમણા હાથ હાર્દિકનું પણ મોત

સૂર્યા મરાઠી પર હુમલાની આશંકા જેના પર સેવાઈ રહી છે તે હાર્દિક પટેલનું પણ ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. માથાભારે સૂર્યા મરાઠીનો હાર્દિક એક વખતે જમણો હાથ ગણાતો હતો. પરંતુ બાદમાં બન્ને વચ્ચે અણબનાવને લઈને બન્ને જુદા થઈ ગયા હતાં. ત્યારે આજે સૂર્યા અને બન્ને વચ્ચે ઝઘડો થયા બાદ એકબીજાએ બન્નેને માર્યા અથવા તો અન્ય કોઈ શખ્સો આવીને બન્નેનું ઢીમ ઢાળીને જતાં રહ્યાં તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુર્યા મરાઠી મનુ ડાહ્યા હત્યામાં આરોપી હતો

તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ કતારગામ ખાતે મનુ ડાહ્યા જ્યારે દાઢી કરાવવા ગયા ત્યારે તેમની ગોળી મારીને હત્યા કરાઇ હતી. નોંધાયેલી ફરિયાદમાં સૂર્યા મરાઠી સહિતના સાત આરોપીઓના નામ હતા. સૂર્યા મરાઠી, પરેશ લીંબાચિયા, જયેશ પોલ, વિકાસ મગારે, જયેશ સોસા, અક્ષય દેવરે અને અમોલ ઝીનેની ધરપકડ કરી હતી. સેશન્સ કોર્ટમાં કેસ ચાલ્યા બાદ ૫ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સેશન્સ કોર્ટે શંકાનો લાભ આપીને મુક્ત કરતો હુકમ કર્યો હતો. જેથી ત્રણ દિવસ પહેલાં જ લાજપોર જેલમાંથી બહાર આવ્યો હતો.

અંકલેશ્વર GIDC પો.સ્ટે વિસ્તારના સારંગપુર ગામમાં કરીયાણાની દુકાનમાથી કેફી પદાર્થની ગોળીઓના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડતી ભરૂચ SOG

પોલીસ અધિક્ષક ભરૂચનાઓના માર્ગદર્શન હેઠળ નાર્કોટિકસની બદી દૂર કરવા માટે નાર્કોટિકસના કેસો શોધી કાઢવા એસ.ઓ.જી શાખાના પોલીસ ઈન્સપેકટર પી.એન.પટેલ નાઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ તથા એસ.ઓ.જી શાખાના માણસોએ ચોક્કસ દિશામાં વર્કઆઉટ કરતા બાતમી આધારે અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશન અંકલેશ્વર GIDC પો.સ્ટે વિસ્તારના સારંગપુર ગામમાં આવેલ મંગલદીપ સોસાયટીમાં અનાજ કરીયાણાની દુકાનમાં આવેલ એક ઈસમને કેફી પદાર્થ તરંગ નામવાળી ઈન્દોરની બનાવટ વાળી ગાડીઓના જથ્થા સાથે પકડી પાડેલ છે. આરોપી સામે અંકલેશ્વર GIDC પો. સ્ટે ગુ. ર. નંબર ૧૧૧૯૯૦૨૧૨૦૦૦૭૫ધી નારકોટિકસ ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપીક સબસ્ટસ એકટ ૧૯૮૫ ની કલમ ૪(સી) ૨૦ (બી) મુજબ ગુનો દાખલ થતા આગળની તપાસ એસ.ઓ.જી ભરૂચ કરી રહેલ છે.

જાહેર રસ્તામાં અવરોધ કરનાર બે આરોપીઓ તડીપાર કરાયા

નવસારી સબ ડિવિઝનલે હદ પારનો કરેલો હુકમ

સુરત

નવસારી ટાઉન પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવ્યાં અનુસાર ઘેલખડી, જલકમલ સોસાયટીની બાજુમાં ગુરુકૃપા સોસાયટી ખાતે રહેતા હરિશચંદ્ર મોતીલાલ સોલંકી તથા દિગેશ હરીશચંદ્ર સોલંકી એ કબીજાની મદદગારીથી ગુરુકૃપા સોસાયટીમાંથી યુગ સોસાયટીમાં આવતા જાહેર રોડ ઉપર વાંસના બાંબુની આડશ લગાવી ગેરકાયદેસર અવરોધ ઉભો કરી ફરિયાદી તથા સાહેદોની રેતી, કપચીની ટ્રકોની ગેરકાયદેસર અવરોધ કર્યો હતો. જે હટાવવા કહેતા આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તેઓ બંનેની ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમ છતાં બંને સામાવાળાઓએ ફરીથી બંબુની આડસ કરી અવરોધ કરી અડચણ કરતાં બંને સામાવાળાઓ વિરધ્ધ તડીપાર દરખાસ્ત કરી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારીને મોકલી આપવામાં આવેલા જે આધારે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારીએ ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ સમગ્ર નવસારી તથા વલસાડ જિલ્લાની હદમાંથી એક વર્ષ માટે હદપારનો હુકમ કરવામાં આવ્યો છે. જે હુકમની બજવણી કરવામાં આવી છે.

ગુજરાતના આદિવાસી સાંસદો પીએમ મોદીને મળતા મોદીએ આદિવાસીઓ સાથે અન્યાય નહિ થાય તેવો વિશ્વાસ આપ્યો



આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રોને લીધે આદિવાસી ઓના કયા ક્યાં અધિકારો છીનવાઈ રહ્યા છે એ મામલે મોદીને વાકેફ કર્યા :મનસુખભાઈ વસાવા, સાંસદ - ભરૂચ

આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રો મામલે મોદી ગુજરાત સરકાર સાથે ચર્ચા કર્યા બાદ યોગ્ય નિર્ણય લેશે : ગીતાબેન રાઠવા: સાંસદ, છોટાઉદેપુર

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગાંધીનગર ખાતે હાલ આદિવાસી ઓના ખોટા પ્રમાણપત્રો લઈ નોકરી કરતા લોકોને દૂર કરી સાચા આદિવાસીઓને ન્યાય આપવા×સાચા આદિવાસી બચાવો સમિતિ×દ્વારા ધરણા પ્રદર્શન કરી આંદોલન ચલાવાઈ રહ્યું છે.દિવસે દિવસે આ આંદોલનને રાજ્યના આદિવાસીઓ નું સમર્થન પણ મળી રહ્યું છે. ગુજરાત ભાજપના સાંસદો અને રાષ્ટ્રીય કક્ષાના સંગઠનના આદિવાસી આગેવાનોએ પણ એમને પોતાનું સમર્થન જાહેર કર્યું છે.ઘણા દિવસો થઈ ગયા છતાં ગુજરાત સરકારના પેટનું પાણી હાલતું નથી,જેથી ના છૂટકે ગુજરાત ભાજપના આદિવાસી સાંસદો માં ભરૂચ લોકસભાના મનસુખભાઈ વસાવા, બારડોલી સાંસદ પ્રભુભાઈ વસાવા, છોટાઉદેપુર ના સાંસદ ગીતાબેન રાઠવા અને દાહોદના જસવંતસિંહ ભાભોરે પીએમ મોદીને પત્ર લખ્યો હતો.હાલ લોકસભાનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે આ તમામ સાંસદો મોદીને રૂબરૂ પણ મળ્યા હતા.અને રબારી,ભરવાડ અને ચારણ જાતિને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી દૂર કરવા ભારત સરકાર દ્વારા કાર્યવાહી થાય તેવી રજુઆત કરી હતી.

આ બાબતે ભરૂચ લોકસભાના સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે અમે પીએમ મોદીને રબારી,ભરવાડ અને ચારણ જાતિને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી દૂર કરવા રજુઆત કરી છે.સાથે સાથે ગુજરાતની વર્તમાન પરિસ્થિતિ બાબતે પણ એમને વાકેફ કર્યા છે.આદિવાસી ઓના ખોટા પ્રમાણપત્રોને લીધે આદિવાસીઓના કયા ક્યાં અધિકારો છીનવાઈ રહ્યા છે એ મામલે પણ અમે પીએમ ને વાકેફ કર્યા છે. પીએમ મોદીએ અમને વિશ્વાસ આપ્યો છે કે આદિવાસીઓ સાથે જરૂર ન્યાય થશે.

જ્યારે છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવાએ જણાવ્યું હતું કે ગાંધીનગર ખાતે હાલ આદિવાસીઓ દ્વારા જે આંદોલન ચાલી રહ્યું છે એ મામલે અમે પીએમ મોદીને મળ્યા હતા.પીએમ મોદી આ મામલે ગુજરાત સરકાર સાથે વિસ્તૃત ચર્ચા કરશે અને એ બાદ યોગ્ય કાર્યવાહી કરી નિર્ણય લેવાશે એવો વિશ્વાસ આપ્યો છે.